
ગુજરાતી

# યુગ શક્તિ ગાયત્રી

ફેબ્રુઆરી ૧૯૯૮





**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## અનુક્રમણિકા


૧. વૈભવની ખોટ નથી, પરંતુ જરૂર જેટલું જ એકઠું કરીએ ૧
૨. વ્યક્તિ નિર્માણ વિભાગ : સંઘર્ષ - જીવનનાં અનિવાર્ય ૨
૩. રાષ્ટ્રનિર્માણ વિભાગ : સંત અને શાસન વચ્ચે સમન્વયની આવશ્યકતા ૪
૪. પ્રજ્ઞાપુરાણ વિભાગ : લોકકલ્યાણ જિજ્ઞાસા પ્રકરણ ૭
૫. આસ્તિકતા-સંવર્ધન વિભાગ : ઉપાસનાની સફળતાનું રહસ્ય ૧૧
૬. પ્રતીકોનું મનોવિજ્ઞાન બહુ અનોખું છે ૧૪
૭. ઈશ્વરની આરાધના આવી હોય ૧૮
૮. એક વિચારે જ જીવનધારા બદલી નાખી ૨૨
૯. દેવાલયો જનજાગરણનાં સક્રિય કેન્દ્રો બને ૨૪
૧૦. રાજનીતિમાં આપણી ભૂમિકા ૨૭
૧૧. પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી વિશિષ્ટ સમયને ઓળખો રીતિભાત બદલો ૩૦
૧૨. આત્મીય અનુરોધ ૪૩
૧૩. યુગ નિર્માણ સમાચાર ૪૭


<u>નવીન પ્રકાશન</u>

# પત્ર પાથેય

યુગ ઋષિ પરમપૂજ્ય ગુરુદેવે સ્વહસ્તે લખેલ મહત્વપૂર્ણ ૮૯ પત્રોનું હૂબહૂ પ્રકાશન ''પત્ર પાથેય'' માં કરવામાં આવ્યું છે. આ પુસ્તકના માધ્યમથી પૂજ્ય ગુરુદેવના અક્ષરોના રૂપમાં દર્શન કરી આપ લાભાન્વિત થઈ શકશો. સાથે એ પણ જાણી શકશો કે પૂજ્યવરે પોતાના અનુયાયિઓને કેવી રીતે પત્રોના માધ્યમથી સહયોગી બનાવ્યા. આપ સૌ ને પણ આ પત્રો પ્રેરણાસૂત્ર થશે. પત્ર પાથેય પુસ્તકનું પ્રકાશન ખૂબજ સુંદર અને રંગીન પ્રિંટમાં કરવામાં આવેલ છે. જેની કિંમત રૂા. ૫૦-૦૦ છે.

આપણા મિશનના સંપૂર્ણ ગુજરાતી સાહિત્યનું પ્રકાશન મથુરાથી થાય છે. પરંતુ આપ સૌની સુવિધાને ધ્યાનમાં રાખી તેનું વિતરણ ગાયત્રી જ્ઞાનપીઠ, પાટીદાર સોસાયટી પો-જૂનાવાડજ અમદાવાદ-૩૮૦૦૧૩ થી કરવામાં આવે છે માટે સાહિત્ય મંગાવા હંમેશા ત્યાંજ પત્ર વ્યવહાર કરો. નવા પ્રકાશનનું સુચીપત્ર પણ ત્યાંથી મંગાવી શકો છો.

પરમપૂજ્ય ગુરુદેવે સંપૂર્ણ સમાજમાં હંમેશા વસંતી ઉલ્લાસ વધારવા વિચાર રૂપી ઔષધિ આપી છે જે યુગ શક્તિ ગાયત્રી પત્રિકાના માધ્યમથી આપ સૌ સુધી પહોંચાવામાં અમો પ્રયત્નશીલ છીએ. યુગ શક્તિ ગાયત્રી પત્રિકા દરેક વર્ગના પાઠકો માટે ઉત્તમ બને એ જ અમારી અભિલાષા છે. આપ સૌ પાઠકોના જીવનમાં વાસંતી ઉમંગ વધે એવી શુભકામનાઓ સાથે :

**લીલાપત શર્મા**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।

# યુગ શક્તિ ગાયત્રી


: સંસ્થાપક સંરક્ષક :

વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદૃષ્ટા

**પં. શ્રીરામ શર્મા આચાર્ય**

અને

**માતા ભગવતી દેવી શર્મા**

સંપાદક :

**પં. લીલાપત શર્મા**

: કાર્યાલય :

**ગાયત્રી તપોભૂમિ**

**મથુરા-૨૮૧ ૦૦૩**

: ટેલિફોન :

(૦૫૬૫)૪૦૪૦૦૦,૪૦૪૦૧૫

વાર્ષિક લવાજમ : ૪૫ રૂપિયા

આજીવન લવાજમ : ૫૦૦ રૂપિયા

વિદેશનું લવાજમ

વાર્ષિક : ૧૦ પાઉન્ડ/૧૫ ડૉલર/ ૪૦૦ રૂપિયા

આજીવન : ૧૦૦ પાઉન્ડ/ ૧૫૦ ડૉલર/ ૪૫૦૦ રૂપિયા

વર્ષ - ૨૮ અંક - ૨

**ફેબ્રુઆરી- ૧૯૯૮**


## વૈભવની ખોટ નથી, પરંતુ જરૂર જેટલું જ એકઠું કરીએ

પક્ષીઓને જુઓ ! પશુઓને જુઓ ! તેઓ પોતે જેટલો પચાવી શકે તેટલો જ ખોરાક સવારથી સાંજ સુધીમાં વીણે છે. ધરતી પર મબલખ ચારો અને દાણા પથરાયેલા છે. સવારથી સાંજ સુધી ઘટે નહીં એટલા વિપુલ પ્રમાણમાં છે, પરંતુ જેટલું મોઢું માંગતું હોય અને જેટલું પેટ સંભાળી શકે એમ હોય એટલું જ લે છે. પ્રસન્ન રહેવાની પદ્ધતિ આ જ છે.

તેમને જ્યારે સ્નાન કરવાનું મન થાય, ત્યારે મરજી જેટલા સમય સુધી સ્નાન કરે છે. પોતાનું શરીર સમાઈ શકે એવડો જ માળો બનાવે છે. કોઈ આખો સમુદાય સૂઈ કે બેસી શકે એટલો મોટો માળો બનાવતું નથી.

વૃક્ષ ઉપર જુઓ ! દરેક પક્ષીએ નાના સરખા માળા બનાવ્યા છે. પશુઓ પણ માત્ર પોતાને રહેવા પૂરતો જ છાયાનો અને રક્ષણનો પ્રબંધ કરતાં હોય છે. તેઓ જાણે છે કે સર્જનહારના સામ્રાજ્યમાં કોઈ વાતનો તોટો નથી. જ્યારે જેની જેટલી જરૂર હોય તે સહેલાઈથી મળી જાય છે. તો પછી સંગ્રહ કરવાની બિનજરૂરી જવાબદારી શા માટે માથે ઉપાડવી ? અરસપરસ ઝઘડાનું મૂળ શા માટે વહોરી લેવું ? આપણે પણ આપણી યથાસમય જરૂરિયાત પૂરતું જ લેવું જોઈએ, તેટલું જ ભેગું કરવું જોઈએ.

આમ કરવાથી આપણે પણ સુખશાંતિથી રહી શકીશું અને તેના અન્ય અધિકારીઓ પણ શાંતિથી રહી શકશે.

**- પં. શ્રીરામ શર્મા આચાર્ય**




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

**વ્યક્તિનિર્માણ વિભાગ**

# સંઘર્ષ – જીવનમાં અનિવાર્ય

ઇતિહાસમાં, વિજયની કોઈ જાતની આશા ન હોવા છતાં લોકોએ ધર્મયુદ્ધ ચાલુ રાખીને મોટાં મોટાં સંકટો હસતે મુખે સ્વીકાર્યાં હોય તેવી અસંખ્ય ઘટનાઓ જોવા મળે છે. આવા લોકોનાં બલિદાનોને શહીદોને અપાતી શ્રદ્ધાંજલિનું ગૌરવ મળે છે. આવાં બલિદાનોની પરંપરા આખા સમાજને નવજીવન બક્ષે છે. એવા લોકો જીવતા હતા ત્યારે સમાજને જે પ્રકાશ અને લાભ આપતા હતા, તેના કરતાં પોતાના મરણ દ્વારા તેઓ ઘણું વધારે આપવામાં સમર્થ નીવડે છે. ભગતસિંહ જેવા શહીદને પોતાના પ્રાણ ખોવા પડ્યા, પણ તેમના બલિદાને આખા દેશમાં નવચેતનાનો સંચાર કર્યો. જોન ઑફ આર્કના બલિદાને ફ્રાંસના સ્વતંત્રતા-સંગ્રામમાં બીજાં બધાં સાધનો કરતાં વિશેષ ફાળો આપ્યો. પ્રભુ ઈસુએ શૂળી પર ચઢીને બલિદાન આપ્યું. સામાન્ય દૃષ્ટિએ તેઓ હારી ગયા એમ કહેવાય. પરંતુ તેમના બલિદાને તેમને ઈશ્વરના પુત્ર તરીકે ઓળખાવાની તક આપી. ઉપરાંત તે જીવનભર પોતાના જે ધ્યેય માટે છૂટાછવાયા પ્રયત્નો કરતા રહ્યા, તે ધ્યેયને ગગનચુંબી સફળતા અપાવી. શીખ ધર્મને પ્રખર તેજસ્વી બનાવવાનું શ્રેય ધર્મપ્રચાર કે કથાકીર્તનના ઉપાયો કરતાં ગુરુ ગોવિંદસિંહ અને તેમના પુત્રોના બલિદાનના ફાળે વધારે જાય છે.

આદર્શ સમાજની રચના માટે હંમેશની માફક આજે પણ પ્રચારાત્મક, રચનાત્મક અને સુધારાત્મક એમ ત્રિવિધ મોરચો માંડવો પડશે. પ્રચારાત્મક અને રચનાત્મક ઉપાયોમાં સામાન્ય રીતે સૌમ્ય તત્ત્વોનો સમાવેશ થાય છે. ધર્મની સ્થાપના માટે સદ્‌ભાવના અને સત્કર્મોની મહત્તા સમજવી અને તેના ગૌરવને હૃદયમાં ઉતારવું જરૂરી છે. પરંતુ એ ન ભૂલવું જોઈએ કે આ દુનિયામાં બધું પ્રેમ અને સદ્‌ભાવથી સુધારી કે સમજાવી શકાય તેટલું સરળ અને સૌમ્ય હોય છે. દુનિયામાં કપરું અને કઠિન હોય તેવું પણ ઘણું બધું છે. તેને માટે સૌમ્ય કે સાત્ત્વિક માણસોની કોમળતાને ધ્યાનમાં રાખીને બનાવેલાં સાધનો કામમાં નહીં આવે. ફૂલોના હાર ગૂંથવાનું કાર્ય એક નાનીસરખી સોય, પાતળા દોરા અને આંગળીનાં ટેરવાં અડાડવાથી સારી રીતે કરી શકાય. પરંતુ હાર ગૂંથવાનાં એ સાધનોથી કદાપિ લોખંડના પતરામાં છિદ્ર પાડવાનું કાર્ય ના થઈ શકે. લોખંડની પ્રકૃતિ અલગ છે. જે સાધન વડે હજારો ફૂલોમાં છિદ્રો પાડી શકાતાં હોય તે સાધનોનું લોખંડ માટે કોઈ મહત્ત્વ નથી. સજ્જનતા કોમળ હોય છે અને સદ્‌ભાવનાની ગરમીથી માખણની માફક પીગળી જાય છે. પરંતુ દુષ્ટતાની કઠોરતાને નરમ કરવા માટે બીજાં સાધનો બનાવાયાં છે. તેના વગર કામ ચાલી જ ના શકે. ખરાબીઓ કે બદીઓની પ્રકૃતિ એવી કઠોર હોય છે, જડ હોય છે કે તેને બદલવા કે સુધારવા માટે કઠોર-પ્રબળ-વિરોધનું હથિયાર જ જોઈએ. લોખંડની ધારવાળા પથ્થરો તોડવા માટે લાકડામાં નકશીકામ કરવાના લોખંડની ધારવાળાં પાનાં કે ઓજારો કામ ન લાગે. પથરા તોડવા માટે તો હીરાની ધારવાળાં ઓજારો જ જોઈએ, કારણ કે તે પથ્થર કરતાં વધારે કઠોર હોય છે. કઠોરતાને હટાવવા માટે કઠોરતા જ જોઈએ. પ્રેમથી દુષ્ટતાને બદલવી એ બહુ ઉચ્ચકક્ષાનો પ્રયોગ છે, જે સામાન્ય લોકો માટે નહીં પરંતુ બુદ્ધ જેવા વિશેષ મહાત્માઓ માટે શક્ય છે, કે જે આમ્રપાલી અને અંગુલિમાલ જેવાને એક નજરમાત્રમાં પલટાવી નાખે. સામાન્ય વ્યવહારમાં તો મલ્લયુદ્ધની નીતિ જ ઉપયોગી નીવડે છે. ભગવાન બુદ્ધ પણ માત્ર એક ડાકુ અને એક



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વેશ્યાનું જ હૃદયપરિવર્તન કરી શક્યા હતા, બીજા અનેક દુરાચારીઓ તો બાકી જ રહ્યા. ભગવાન શ્રીકૃષ્ણ, કંસ, શિશુપાલ કે દુર્યોધનને ના સુધારી શક્યા અને શ્રીરામ રાવણ, મારીચ, કુંભકર્ણ કે ખરદૂષણને સુધારવામાં નિષ્ફળ રહ્યા. શું પ્રહ્‌લાદની સજ્જનતાથી હિરણ્યકશિપુ સુધર્યો હતો ? તેને ભગવાન નરસિંહના તીક્ષ્ણ નખને કારણે અનીતિ ત્યાગવા માટે વિવશ થવું પડ્યું. સમુદ્રે ટિટોડીના વલોપાત અને વિનંતીએ ક્યાં ગણકાર્યાં હતાં ? જ્યારે અગત્સ્ય ઋષિએ તેની પર દબાણ કર્યું ત્યારે તે ભલાઈ દાખવવાને ટિટોડીનાં ઈંડાં પાછા આપવા રાજી થયો. ગાંધીજી જેવા અહિંસાના પૂજારીએ પણ કાશ્મીરના બળવાને દબાવવા માટે લશ્કરી બળપ્રયોગને સમર્થન આપ્યું હતું. આ બધું જોતાં સામાન્ય માણસ માટે સજ્જનતાથી દુષ્ટતાને ડામવાની વાત આકાશકુસુમવત્ લાગે છે. રેતીમાંથી તેલ કાઢવા જેવી અશક્ય લાગે છે.

કોઈપણ ક્ષેત્રની વિકૃતિઓ એની પાછળ મંડ્યા રહેવાથી જ દૂર થાય છે. એનું અસ્તિત્વ એક લલકાર સમાન છે જે સ્વીકારવાથી આત્મબળની ભૂમિકા મજબૂત બને છે. પુરુષાર્થ કરવાની હિંમત જાગે છે અને એ જાગૃતિથી જ પ્રગતિનો માર્ગ મોકળો થાય છે. આવો પડકાર ન ઝીલવાથી એના કરતાં પણ વધુ સંકટોનો સામનો કરવો પડે છે. આવી આફત જે - તે ખરાબી સામે લડવામાં પડતી અગવડો કે અંતરાયોરૂપે સામે આવતી હોય છે. શાંતિથી જીવવું એ માત્ર આપણે આપણી મેળે કોઈ ઉપદ્રવ ન કરીએ, એટલી જ વાત ઉપર આધારિત નથી. આપણે શાંતિથી રહેવા ઇચ્છતા હોઈએ એટલે ચૂપ રહીએ, એટલાથી જ કાંઈ ખાતરી નથી મળી જતી કે સામે રહેતા સ્વાર્થી માણસો પોતાનું ધાર્યું કરવા માટેની તક, વિના અવરોધે તેમનો દાવ સફળ થતો હોય તો પણ જતી કરશે.

એટલા માટે વિકૃતિઓ, બદીઓ કે ખરાબીઓ સામે વિરોધનો જંગ ચાલુ રાખવો ખાસ જરૂરી છે. ખાસ કરીને આ દિવસોમાં કે જ્યારે વધતી જતી સંકુચિત સ્વાર્થપરાયણતાએ દરેક ક્ષેત્રમાં દુરાચારની ભયાનકતાઓ ઘુસાડી દીધી હોય ત્યારે તો વિરોધની ખાસ જરૂર છે. જીવન, જ્યાં સુધી તે મરણ સામે ઝઝૂમવાની તૈયારી રાખે ત્યાં સુધી જ સલામત છે. જ્યાં આગળ પ્રતિરોધ હથિયાર હેઠાં મૂકી દે છે ત્યાં આગળ પ્રગતિ શક્ય બનતી નથી. શાંતિ જળવાતી નથી અને અસ્તિત્વનું રક્ષણ પણ થઈ શકતું નથી. આવા સંજોગોમાં કાયરની માફક વગર મોતે મરવા કરતાં લડતા રહીને શહીદી વહોરવામાં જ વધારે લાભ છે. બંને પ્રકારના મૃત્યુમાં એકમાં આત્મગ્લાનિ છે, જ્યારે બીજામાં આત્મગૌરવ અને આત્મસન્માન છે. વ્યક્તિગત અને સામાજિક હિતને ધ્યાનમાં રાખીને, આપણે આપણી અંદર અને બહાર મૂળિયાં ઘાલી ગયેલી ખરાબીઓ કે બદીઓ સામે લડત ચાલુ રાખવાનો નિર્ધાર કરીએ એ જ વધારે યોગ્ય ગણાશે. શાંતિ અને પ્રગતિના સંજોગોનું નિર્માણ એનાથી ઓછા મૂલ્યમાં થવું શક્ય નથી. આંતરિક કે આત્માના ક્ષેત્રમાં અને બહારના સામાજિક ક્ષેત્રમાં બંને મોરચે જાગૃતિ, સાહસ અને પ્રખરતા દાખવવી અનિવાર્ય છે.

## કેડી અને મૂર્તિ

*એક દિવસ પર્વતના શિખર ઉપર બનાવેલી મંદિરની મૂર્તિએ સામે રહેલી કેડીને સહાનુભૂતિ દર્શાવતાં કહ્યું — તારે કેટલું કષ્ટ વેઠવું પડે છે ! તારે અહીં આવતાં-જતાં લોકોનો ભાર વેંઢારવો પડે છે તે જોઈને મારું હૈયું ભરાઈ આવે છે. કેડીએ, હસીને જવાબ આપ્યો— હે દેવી, ભક્તોને ભગવાન સુધી પહોંચાડવાનો અર્થ જાતે ભગવાનને મળવા બરાબર જ છે.*

*મૂર્તિ, પગદંડીની મહાનતા આગળ માથું નમાવ્યા વગર ન રહી શકી.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રાષ્ટ્રનિર્માણ વિભાગ

ૐ ૐ

# સંત અને શાસન વચ્ચે સમન્વયની આવશ્યકતા

બૌદ્ધિક કે વૈચારિક માન્યતાઓ બદલવા માટે રાષ્ટ્રના વર્તમાન પ્રવાહોનું વિહંગાવલોકન કરવું જરૂરી છે. મહાન અશોકે અહિંસાની ભ્રામક વ્યાખ્યાને કારણે પોતાના સૈન્યનું વિસર્જન કર્યું, એ ભારતનું સૌથી મોટું દુર્ભાગ્ય હતું અને ત્યારે જ 'સોને કી ચીડિયા' તરીકે ઓળખાતા સમૃદ્ધિભર્યા રાષ્ટ્રને સ્વાર્થી અને પાશવી આક્રમણકારો લૂંટી શક્યા હતા. પોતે મહાન શાસક છે અને તેમની સંસ્કૃતિ મહાન છે એ સાબિત કરવા માટે તેમણે; જેમાંથી ધર્મ અને વિજ્ઞાનનું સૈદ્ધાંતિક અને પ્રાયોગિક શિક્ષણ મેળવીને આ રાષ્ટ્ર જગતનું સૌથી સભ્ય, સમૃદ્ધ, જ્ઞાની અને શક્તિશાળી રાષ્ટ્ર ગણાયું હતું, એવા ભારતનાં સભ્યતા અને લોકસંસ્કારના સ્રોત સમાં ગુરુકુળો અને સદ્‌ગ્રંથોનો નિર્દયતાપૂર્વક નાશ કર્યો. સભ્યતા અને સંસ્કાર ખોઈ બેસવાને કારણે દેશ હજારો વર્ષ ગુલામ રહ્યો, તેમ છતાંય લોકો પોતાનો સાંસ્કૃતિક વારસો જાળવી રાખવામાં સફળ રહ્યા. પરિણામે ગાંધીજી, ટિળક મહારાજ જેવા જાનની બાજી લગાવનારા અનેક દેશભક્તોનું જીવન જોઈને અહીંના અન્ય દેશનેતાઓનો નૈતિક જુસ્સો પ્રબળ બન્યો અને તેમણે પ્રજાના સ્વાભિમાનને જાગૃત કર્યું. પછીથી દેશ આઝાદ થયો અને એ સમયની સૌથી મોટી સમસ્યા ગરીબીનો સામનો કરવા માટે ઔદ્યોગિક, યાંત્રિક અને વૈજ્ઞાનિક વિકાસ સાધવામાં સૌ દેશવાસીઓ લાગી પડ્યા. જોકે તેમાં ધાર્યા કરતાં પણ વધુ સફળતા મળી, પરંતુ વિકાસની અતિરેકભરી ઘેલછાને કારણે આપણું વ્યક્તિગત અને રાષ્ટ્રીય ચરિત્ર પતન પામ્યું. આપણા સંસ્કારો(મનની આસ્તિક ભાવના)નું તો અંગ્રેજોના શાસનકાળમાં બલિદાન લેવાઈ ચૂક્યું હતું અને બાકી રહેલી સંસ્કૃતિ (પરંપરાગત ચરિત્રનિષ્ઠા)ને આપણે આઝાદી પછી આળસ અને પ્રલોભનોમાં ફસાઈને સ્વેચ્છાથી ખોઈ બેઠા. આઝાદી પછી નેતાઓ, વિચારકો અને શિક્ષણશાસ્ત્રીઓ, પશ્ચિમી સભ્યતા પર આધારિત શિક્ષણપદ્ધતિમાં ધરમૂળથી ફેરફાર લાવવાની વાતો તો ઘણી કરતા રહ્યા, પણ એવું પરિવર્તન કદી થઈ ના શક્યું. 'ધાર્મિક નિરક્ષરતા (અજ્ઞાનતા)' અને 'ક્રમબદ્ધ ધાર્મિક શિક્ષણપદ્ધતિનો અભાવ' હોવાને કારણે રાષ્ટ્રીય ભ્રષ્ટાચાર અને ચરિત્રહીનતાની જટિલ સમસ્યા ઉત્પન્ન થઈ ગઈ અને દેશ વિભાજનના આરે આવીને ઊભો રહી ગયો.

સ્વતંત્રતા પછી એક તરફ આશ્રમો અને ધાર્મિક સંગઠનોની સંખ્યામા વધારો થઈ ગયો છે. મોટા જનસમૂહને એકઠા કરી શકતા ધર્મગુરુઓ ઉત્થાન માટે સાચી લગની અને ભાવનાથી લાગી પડ્યા છે. પરંતુ એમના વડે દિક્ષિત કે શિક્ષિત લોકોની સંખ્યા, શાળામહાશાળાઓમાં ધર્મ વગરનું શિક્ષણ મેળવનારાઓની સામે સાવ નગણ્ય છે. હવે આત્માની મુક્તિ એ જ એકમાત્ર સ્વતંત્ર કાર્ય હોય તેવા દિવસો નથી રહ્યા, એ વાતનું ધ્યાન રાખવું જોઈએ. સકામ અને નિષ્કામ કર્મ, ત્યાગીને નિત્ય નૈમિત્તિક કર્મ કરતાં કરતાં મુક્તિ પામવાની આધ્યાત્મિક સાધના કરતાં જવી – આવો મત પ્રાચીનકાળ માટે વાજબી હતો. વર્તમાનકાળમાં આવો મત ઉપયોગી નથી. હવે તો કર્મ કરતાં કરતાં જ આસક્તિરહિત કક્ષાને પ્રાપ્ત કરવી જોઈશે. તત્ત્વબોધ માટે સાધનાકાળમાં થોડા સમયના એકાંતની વાત અલગ છે, બાકી ભગવાનના અંશોના ખજાના જેવા 'ચરાચર જગત'ની સેવા કરવી એ જ ડહાપણભર્યું છે. આ સર્વત્ર સ્વીકારાયેલો સર્વમાન્ય કાયમી સિદ્ધાંત છે. સંસ્થાગત ધર્મપ્રચારના બદલે હવે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વ્યવહારમાં કર્મ અને સેવા ભેગાં કરીને સમાજમાં સત્યનિષ્ઠાને ઉચિત સ્થાન આપવાનું છે. શ્રુતિના સિદ્ધાંતોની વ્યાખ્યા આધુનિક સમાજ સમજી શકે એવી નવી ઢબે કરવી પડશે. એને માટે શાળાઓના સામાન્ય શિક્ષણ જોડે ભણાવી શકાય તેવા 'ધર્મવિજ્ઞાન'ના અભ્યાસક્રમો દાખલ કરવા એ આજના રાષ્ટ્રના સૂત્રધારોનું મુખ્ય કર્તવ્ય છે. આજે હવે એ તરફ સૌનું ધ્યાન ગયું છે.

બીજી બાજુ સ્વતંત્રતા પછી દરેક માણસ 'રાજા' બનવાની હોડમાં લાગ્યો છે. સત્તાભૂખને કારણે મોટાભાગના રાજનીતિજ્ઞોની માણસાઈ મરી પરવારી છે. વૉટની રાજનીતિને કારણે 'બિનસાંપ્રદાયિકતા' કે 'સર્વધર્મસમભાવ'ને 'ધર્મનિરપેક્ષવાદ'નું નામ આપીને ઊલટી દિશા પકડાવી દીધી છે અને 'વાદ' હોય ત્યાં વિવાદનો જન્મ થાય જ. પરિણામે ભ્રમમાં નંખાયેલી જનતાના મનમાં ધર્મહીનતા એ ગૌરવની વાત લાગે છે. આટલું ઓછું હોય તેમ કેટલાક રાજકારણીઓ પોતાનું નેતાપદ ટકાવી રાખવા માટે જાતીયતા, સાંપ્રદાયિકતા, ભાષાવાદ અને પ્રાંતવાદના બહાને જનતાના ભાગલા પાડી રહ્યા છે. એટલા માટે જ તેઓ ધર્મ અને રાજનીતિને અલગ રાખવાની વાતો કરે છે. જો બંનેનું લક્ષ્ય એક જ હોય - 'સુખી માનવસમાજ' તો પછી બંનેને અલગ રાખવાની જરૂર સમજાતી નથી. પરંતુ જો આપણે વર્ગવિગ્રહમાં જ આપણા સ્વાર્થની સફળતા જોતા હોઈએ તો ધર્મને રાજકારણથી અલગ રાખવાનું જરૂરી છે. ખરેખર ધર્મનું અંતિમ ધ્યેય, વ્યક્તિ, સમાજ અને સૃષ્ટિની સંચાલક શક્તિની વચ્ચે રહેલા એકત્વને પ્રત્યક્ષ કરાવવાનું છે. તેમાંથી રાગદ્વેષ ઘટી જાય છે, મટી જાય છે અને વગ્રવિગ્રહની પરિસ્થિતિ ઊભી થતી નથી. સુખી માનવસમાજ માટે ધર્મ અને રાજનીતિ એ એકબીજાનાં વિરોધી નહીં પણ પૂરક છે. ગાંધીજી અને લોકમાન્ય ટિળક પ્રખર રાજકારણી પણ હતા અને અત્યંત ધાર્મિક પણ હતા. કોઈપણ કામ ધાર્મિક રીતે કરી શકાય છે અને કોઈપણ સમસ્યા ધાર્મિક વિચારોની પહોંચ બહાર નથી હોતી. ગાંધીજી કહેતા કે - ''જ્યારે મારી સામે કોઈ મૂંઝવણ આવી પડે છે ત્યારે તેના ઉકેલ માટે હું ગીતામાતાનું શરણ લઉં છું.''

એથી હવે સંત અને શાસન વચ્ચે સમન્વય સાધવાની જરૂરિયાત અનિવાર્ય બની ગઈ છે. સાંપ્રત સામાજિક પ્રવાહોને જોતાં સૌએ સાથે મળીને રોજિંદા વ્યવહારની નૈતિક સમસ્યાઓ ઉકેલવી જ પડશે. સાર્વજનિક જીવનની સુરુચિ અને સરળતા તેમજ સદ્‌ગુણોના અરસપરસ સંબંધને સ્પષ્ટપણે સમજી લેવા જરૂરી છે. એને માટે કટ્ટર એકીકરણ તેમજ કટ્ટર અલગતાવાદ - બંનેથી બચવું એ અનિવાર્ય શરત છે. આ જ્યારે ધર્મગુરુઓ, રાજનીતિજ્ઞો અને શિક્ષણ-શાસ્ત્રીઓ સઘળા મતભેદોને ભુલાવીને ધર્મવિજ્ઞાનનું આજના જીવનને અનુકૂળ એવું સ્વરૂપ નક્કી કરે અને તેને શાળા-મહાશાળાઓમાં પદ્ધતિસર ભણાવવાનું શરૂ કરાવે ત્યારે જ શક્ય બને.

**ધાર્મિક શિક્ષણની અનિવાર્યતા**

માનવી એ સૃષ્ટિનું સર્વોત્તમ પ્રાણી છે એમાં કોઈ શંકા નથી, પરંતુ તેની, શીખવ્યા વગર કશું જ ન શીખી શકવાની લાક્ષણિકતા ધ્યાનમાં રાખવા જેવી છે. બાળક જન્મજાત ગમે તેટલુ કુશાગ્રબુદ્ધિ કે પ્રતિભાશાળી હોય તેમ છતાંય ગુરુ કે માર્ગદર્શક વગર તે આગળ વધી શકતું નથી. આ જ કારણથી કળા, શિલ્પ, વિજ્ઞાન કે વેપારવાણિજ્ય વગેરે બધા વિષયની યોગ્ય જાણકારી આપવા માટે જુદી જુદી કક્ષાએ અનેક શાળા-મહાશાળાઓ ચાલે છે. પ્રાથમિક શિક્ષણથી લઈને જીવનના વિભિન્ન પાસાંઓની જાણકારી માટે કેટલાક શિક્ષકો અને પ્રશિક્ષકોની જરૂર પડે છે એટલે નીતિશાસ્ત્ર કે ધર્મશાસ્ત્ર પણ યોગ્ય શિક્ષણ વગર શીખવું અસંભવ છે. વ્યવસ્થિત, ધાર્મિક અને સારા સંસ્કારો સીંચતી શિક્ષણપદ્ધતિના અભાવમાં સમાજના મોટાભાગના લોકો વિષયવાસના કે ભોગવિલાસમાં રચ્યાપચ્યા રહીને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પશુ જેવી જીંદગી જીવવા લાગે તે સ્વાભાવિક છે. હકીકત એ છે કે, 'વાણ્યેકા સમલંકરોતિ પુરુષ યા સંસ્કૃતા ધાર્યતે' એટલે કે સારા સંસ્કારોના પરિવેશમાં મેળવેલું શિક્ષણ (વાણી) જ મનુષ્યને અલંકૃત કરે છે. નહીંતર 'ધર્મેણ હીનાઃ પશુભિઃ સમાનાઃ' એટલે કે ધર્મ વગરનો માણસ પશુ સમાન છે અને તેથી પોતપોતાનું ચરી લેવાની-સ્વાર્થવૃત્તિ-પશુ-પ્રવૃત્તિ ફૂલેફાલે એમાં કોઈ નવાઈ નથી. ધર્મની ઉપેક્ષા કરીને માત્ર ભૌતિક સંપત્તિના આધારે જ સુખી માનવસમાજના નિર્માણની અશક્ય કલ્પના કરવાથી એવું જ બને. ધર્મથી ભૌતિક પ્રગતિ પણ મેળવી શકાય છે અને પરમ ધ્યેયને પણ પ્રાપ્ત કરી શકાય છે. યતોઽભ્યુદયઃ નિઃશ્રેયસ્સિદ્ધિ. સ ધર્મઃ' એટલા માટે ભ્રષ્ટાચારની દયનીય પરિસ્થિતિમાંથી ઉગરવા માટે તેમજ માણસને સૃષ્ટિની અન્ય તમામ વસ્તુઓ પ્રત્યે કૃતજ્ઞ બનાવવા માટે સામાન્ય શિક્ષણની માફક જ ધાર્મિક શિક્ષણ આપવું એ એકમાત્ર સ્વયંસિદ્ધ વિકલ્પ છે.

**— ('શ્રી પરમાત્મને નમઃ' માંથી સાભાર)**

## ઉપાસનાની સફળતા

*ઉપાસનાને સફળ બનાવવા માટે પરિશુદ્ધ વ્યક્તિત્વ હોવું અત્યંત જરૂરી છે. પરિશુદ્ધ વ્યક્તિત્વનો મતલબ એવો થાય છે કે આદમી ચારિત્ર્યવાન હોય, લોકસેવક હોય, સદાચારી હોય અને સંયમી હોય. પોતાના વ્યક્તિગત જીવનને શ્રેષ્ઠ બનાવવાના પ્રયત્નમાં હંમેશાં લાગેલો રહેતો હોય, અત્યાર સુધીમાં એવા લોકોને જ સફળતા પ્રાપ્ત થઈ શકી છે. અધ્યાત્મનો લાભ સ્વયં પ્રાપ્ત કરીને અને બીજાઓ સુધી પહોંચાડવામાં અત્યાર સુધીમાં તેવા લોકો જ સફળ થઈ શક્યા છે કે જે લોકોએ તપ, જપ, ઉપાસના અને કર્મકાંડ ઉપરાંત પોતાના વ્યક્તિગત જીવનને વિવેકી, શ્રેષ્ઠ અને શુદ્ધ કરવાનો શ્રદ્ધા સાથે પ્રયત્ન કર્યો હોય. સંયમી વ્યક્તિ, સદાચારી વ્યક્તિ જે પણ જપ કરે છે ઉપાસના કરે છે, તેઓની પ્રત્યેક ઉપાસના સફળ થઈ જાય છે. દુરાચારી માનવી, દુષ્ટ માનવી, નીચ, પાપી અને પતિત આદમી જો ભગવાનનું નામ લઈને ઇચ્છા રાખે તો પણ તે જલદીથી સફળ થઈ શકતો નથી. દષ્ટિકોણ અને મહત્ત્વાકાંક્ષા પણ ઊંચી હોવી જોઈએ. કપટયુક્ત ઉદ્દેશ્ય રાખીને અયોગ્ય કામનાઓ અને ભ્રષ્ટ વાસનાઓ મનમાં રાખીને જો ભગવાનની ઉપાસના કરવામાં આવે અને દેવતાઓના દ્વાર ખટખટાવવામાં આવે તો દેવતાઓ સૌથી પહેલાં તેણે કરેલાં કર્મકાંડની વિધિ અથવા વિધાનોને ન જોતાં તેની ઉપાસનાનો ઉદ્દેશ્ય શું છે અને કયા કામ માટે આ કાર્ય કરવાનું ઇચ્છે છે તે જાણી લે છે. કદાચ જો માનવી એવા કામ માટે દેવતાઓના દ્વાર ખટખટાવે કે પોતે જે કમાણી મહેનત અને પરિશ્રમથી મેળવવાની છે તે કમાણી સરળતાથી પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરી રહ્યો છે, તો દેવતાઓ તેવા લોકોના વ્યક્તિત્વને જાણી લે છે કે આ કોઈ કપટી માનવી છે અને પોતાની મેલી મુરાદ પૂરી કરવા માટે અમારાં દ્વાર ખટખટાવી રહ્યો છે. અમારી સહાયતા માગી રહ્યો છે, તો તેણે સમજી જવું જોઈએ કે દેવતાઓ પણ ખૂબ જ વ્યસ્ત છે. દેવતાઓ સહાયતા તો કરવા માગે જ છે, પરંતુ સહાયતા કરતાં પહેલાં એ શોધવાનો પ્રયત્ન કરે છે, અમારી સહાયતાનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવનાર છે ? કયા કામ માટે અમારો ઉપયોગ થશે ? જો કપટયુક્ત હલકા સ્તરના કામ માટે તેમનો ઉપયોગ કરવામાં આવનાર હશે, તો દેવતાઓ ક્યારેક જ કોઈ સહાયતા કરવાનો પ્રયત્ન કરવા તૈયાર થાય છે. શ્રેષ્ઠ અને ઊંચા આદર્શો માટે દેવતાઓએ હંમેશાં સહાયતા કરી જ છે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રજ્ઞાપુરાણ વિભાગ

# લોકકલ્યાણ જિજ્ઞાસા પ્રકરણ

સમય પરિવર્તનશીલ છે. તેની સાથે સાથે સંજોગો, માન્યતાઓ, રિવાજો, સમસ્યાઓ અને જરૂરિયાતો પણ બદલાતાં રહે છે. તેને અનુરૂપ તેમનાં સમાધાનો પણ શોધવાં પડે છે. સૃષ્ટિના આ શાશ્વત ક્રમને ધ્યાનમાં રાખીને પ્રજ્ઞાપુરાણ જેવા યુગસાહિત્યના સર્જનની જરૂર પડી હતી. પૂજ્ય ગુરુદેવે ઇતિહાસ-પુરાણોની કથાઓના માધ્યમ વડે અત્યારના યુગની સમસ્યાઓનાં સમાધાન આપ્યાં છે. ભગવાન વિષ્ણુ અને નારદજીના વાર્તાલાપમાં સાંપ્રત પરિસ્થિતિની છણાવટ કરી છે. નારદજી પૂછે છે કે આજે માણસ સુખસમૃદ્ધિથી સંપન્ન હોવા છતાંય અશ્રદ્ધાને કારણે પોતે પણ જંજાળમાં ફસાયેલો છે અને બીજા માટે પણ આફતરૂપ બની ગયેલો છે એનું સમાધાન અને ઉપાય શો છે ? પ્રજ્ઞાપુરાણમાં આ જ બાબતને લોકલ્યાણની જિજ્ઞાસાના સ્વરૂપે પ્રસ્તુત કરવામાં આવી છે.

પૂજ્ય ગુરુદેવ આત્મકલ્યાણનો જે સંદેશ વિશ્વમાનવને આપવા માગે છે તે પ્રજ્ઞાપુરાણમાં વિષ્ણુ ભગવાન અને નારદજીના શ્રીમુખેથી કહેવડાવ્યો છે. વિષ્ણુ ભગવાન અંતઃકરણની મલિનતા દૂર થઈ જાય તેવા આત્મકલ્યાણના પાઠ પઢાવીને પૃથ્વી ઉપર નારદજીને મોકલે છે. તે જ પ્રમાણે ગુરુદેવ 'જીવન જીવવાની કળા'ના પાઠ પ્રજ્ઞાપુરાણની કથાઓ દ્વારા શીખવવા માટે પોતાના યુગસૈનિકોને લોકો વચ્ચે મોકલે છે. ભગવાન તો માત્ર આદર્શોની પ્રેરણા જ આપે છે. એને કાર્યનું સ્વરૂપ આપવાનું કાર્ય તો શરીરધારીએ (મનુષ્યે) જ કરવું પડે છે. મુખ્ય યુગપુરુષોના અવતારોના છડીદારો જ આ પ્રેરણાસંદેશ ગ્રહણ કરીને તેને દરેક માણસ સુધી પહોંચાડવાનું કાર્ય કરતા હોય છે. પ્રજ્ઞાપુરાણમાં વારંવાર સામે આવતી સમસ્યાઓના સમાધાન માટે નાની નાની વાર્તાઓ રજૂ કરવામાં આવી છે, જે અત્યારના જમાનામાં અટવાયેલા માનવપ્રાણીનું માર્ગદર્શન કરવામાં સમર્થ છે.

પ્રજ્ઞાપુરાણમાં જુદી જુદી મનોભૂમિકા ધરાવતા લોકોની સમસ્યાઓનું સમાધાન, તેમને અનુકૂળ હોય તેવી કથાઓ દ્વારા આપવાનો સફળ પ્રયત્ન કરવામાં આવ્યો છે. તેમાં દેવર્ષિ નારદને લોકસેવક તરીકે રજૂ કરવામાં આવ્યા છે. એનો અર્થ એવો થાય કે, ગુરુદેવ દ્વારા સ્થાપિત ગાયત્રી પરિવારના દરેક યુગસૈનિકે નારદજીની ભૂમિકા ભજવવાની છે અને પ્રજ્ઞાપુરાણમાં અપાયેલાં દુષ્કર્મોની નાબૂદી તેમજ સત્કર્મોની સંસ્થાપનાનો સંદેશ ઘેરઘેર પહોંચાડવાનો છે.

તત્ત્વજ્ઞાન ભરેલી ઊંડી વાતો તો વિકસિત કે કેળવાયેલી મનોદશા ધરાવતા લોકો જ સમજી શકે છે. પરંતુ કથા-વાર્તાઓની ખાસિયત જ એ હોય છે કે તેને આબાલવૃદ્ધ, સ્ત્રીપુરુષ કે સાક્ષર-નિરક્ષર-સૌ કોઈ સહેલાઈથી સમજી શકે છે અને તેના આધારે કાંઈક નિર્ણય પણ સરળતાથી કરી શકે છે. પ્રજ્ઞાપુરાણમાં લોકોના મનોરંજનની સાથે જ તેમના કલ્યાણનો આ સહજસુલભ માર્ગ જ અપનાવવામાં આવ્યો છે. સાંપ્રત પરિસ્થિતિમાં જો લોકસેવકો નારદજીની ભૂમિકા અદા કરે અને દુઃખી માણસોના દુઃખનાં કારણો અને સમાધાનો પ્રજ્ઞાપુરાણની કથાઓમાંથી મેળવે, તો એવાં સમાધાનો અવશ્ય મળી જ રહે અને તેના વડે માણસોના કષ્ટનું નિવારણ ચોક્કસ કરી શકાય.

પ્રજ્ઞાપુરાણની વિશેષતા એ છે કે મનોરંજન સાથે સાથે તેમાં જગતના કલ્યાણ માટેનાં અને ઉન્નતિ માટેનાં અનેક માર્ગદર્શનો પણ સમાયેલાં છે. તેમાં ભારતની ઉજ્જ્વળ જ્ઞાન-પરંપરાનું પ્રતિબિંબ પડે છે. પુરાણ તો


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ખરેખર સ્વયંભૂ અમર ગ્રંથ છે. વેદોમાં વર્ણવાયેલા યોગસાધના કે જીવનસાધના જેવા વિષયો અગમ્ય અને રહસ્યમય જણાય છે. તે સામાન્ય માણસની બુદ્ધિથી સમજી શકાય એવા નથી હોતા. એમાંના તમામ જ્ઞાન, વિજ્ઞાન, ધર્મ અને સંસ્કૃતિને સરળ ભાષામાં અને રુચિકર કથાશૈલીમાં વર્ણવીને તેને સાધારણ માણસ સુધી પહોંચાડવાનો પ્રયત્ન પ્રજ્ઞાપુરાણમાં કરવામાં આવ્યો છે. લોકકલ્યાણકારી અને શોક-ચિંતાને દૂર કરીને જ્ઞાન આપનારી દિવ્ય કથાઓનું વાંચન, દરેક માણસને આનંદિત કરીને સન્માર્ગે ચાલવાની પ્રેરણા આપે છે.

પ્રજ્ઞાપુરાણની વાર્તાઓ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ — ચારે પ્રકારનાં ફળ આપે છે. સાત ઘડા ધન, મૂળ નબળાં હતાં, દીપકનું આશ્વાસન જેવી લઘુકથાઓ તો એવો ઉજાસ પાથરે છે કે દૃષ્ટિહીન માણસ પણ માત્ર કથાના પ્રસંગો સાંભળીને જ તેનો પ્રકાશ પામીને ભવસાગર તરી જઈ શકે છે.

જનતાના હૃદય સુધી જ્ઞાન, કર્મ અને ભક્તિનો સંદેશો પહોંચાડનારા અને દુષ્કર્મોનો નાશ તેમજ સત્કર્મોનો વધારો કરનારા પૌરાણિક ઉત્તમ અને રસપ્રદ સાહિત્યને, અત્યારના યુગને અનુરૂપ શૈલીમાં પીરસતી પૂજ્ય ગુરુદેવની આ કૃતિ - પ્રજ્ઞાપુરાણ - દરેક ઘરમાં પૂજાસ્થળે રાખવા યોગ્ય છે. તેમાં અવતારકથાઓ, સજ્જનોની પ્રશંસા, દુર્જનોની નિંદા, સારા અને સાચા માર્ગે ચાલનારની સદ્ગતિ, ખોટા માર્ગે ચાલનાર સ્વાર્થીઓની અવગતિ — વગેરેનું વર્ણન ખૂબ રસમય, રૂચિકર અને મોહક શૈલીમાં કરવામાં આવ્યું છે. માનવજીવનને વ્યાવહારિકતાની શિખામણ આપવા માટે પ્રજ્ઞાપુરાણની કથા-વાર્તાઓના વાચનને દૈનિક જીવનમાં અચૂક સ્થાન આપવું જોઈએ.

જીવન જીવવાની કળા શીખવવા માટે ગુરુદેવે નાનક, કબીર અને રૈદાસના જીવનને આદર્શ તરીકે વર્ણવીને, બલિનું તેજ નાશ પામ્યું, ત્રણે ભેગા થાય તો જ સાર્થક અને રૈદાસના પૈસા ગંગાના હાથમાં જેવી વાર્તાઓ દ્વારા તેમજ જનક અને શુકદેવનાં જીવનચરિત્રો દ્વારા, ગૃહસ્થાશ્રમ પણ એક તપોભૂમિ છે. એવું પ્રતિપાદિત કર્યું છે. કેટલીક વાર્તાઓમાં પાખંડી માણસો ઉપર કટાક્ષ કર્યો છે. કેટલીક વાર્તાઓમાં લોકોના માનસમાં રહેલી પાશવી વૃત્તિઓ તેમજ ધનના ગર્વને દૂર કરવાની શિખામણ આપી છે. ધીર-ગંભીર અને સરળ પ્રકૃતિના માણસો તો જાતને સંભાળી લેતા હોય છે, પરંતુ દુષ્ટબુદ્ધિ માણસો પોતાની જાળમાં જ ફસાઈ જતા હોય છે. શિયાળ અને બકરીની વાર્તા, સાત ઘડા ધન, મૂળ નબળાં હતાં વગેરે વાર્તાઓ દ્વારા તેમણે પશુપંખીઓ, જડ પ્રકૃતિ, રાજા રંક અને ચોર કે લુચ્ચા— સૌને વાર્તાનાં પાત્રો બનાવીને, માણસને ઘણી ઘણી બાબતો માટે લાલબત્તી ધરી છે અને સન્માર્ગે ચાલવાની પ્રેરણા આપી છે.

અત્યારના બુદ્ધિપ્રધાન યુગની સમસ્યાઓ પણ વધુ વિચાર માગી લે તેવી હોય છે. મોટેભાગે તેમાં લોકમાનસની ખરાબી, અપ્રામાણિકતાઓ કે જડ માન્યતાઓ જ કારણરૂપ હોય છે. ગુરુદેવે એટલા માટે સમય અને સંજોગોની જરૂરિયાત પારખીને પ્રજ્ઞારૂપી ચાબખા વડે માણસના બુદ્ધિ અને વિચાર પર સીધા પ્રહાર કર્યા છે. આજે આપણે આ હથિયારને એટલે કે આ કથા-વાર્તાઓને જાણતા નથી કે તેનો ઉપયોગ કરતા નથી. એ આપણી કમનસીબી છે. સાચી શિખામણ વાર્તા આ જ પ્રકારની છે.

પ્રજ્ઞાપુરાણની વાર્તાઓ એવી તો રૂચિકર અને અસરકારક છે કે માણસ તેને વાંચીને જ સાચા રસ્તે ચાલવાનો નિશ્ચય કરી લે છે. આ વાર્તાઓ માણસની પ્રગતિ અને ઉત્થાનમાં મદદરૂપ થાય તેવી છે. આ કથાઓને વાંચી કે સાંભળીને માણસ એવા નિર્ણય પર આવી જાય છે કે લોકકલ્યાણમાં જ આત્મકલ્યાણ સમાયેલું છે. ગ્રાહકોને આકર્ષવા માટે પોપટને રામનામ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શીખવતાં શીખવતાં ગણિકાનું માનસ પરિવર્તન થઈ ગયું. શિવાજી તથા ભગવાન બુદ્ધની કથાઓ માણસને આત્મકલ્યાણની દિશામાં આગળ વધવા માટે પ્રેરણા પૂરી પાડે છે. આજે અશ્રદ્ધાના તાપથી સુકાઈ ગયેલા માનવજીવનને પ્રજ્ઞાપુરાણ ફરીથી લીલુંછમ બનાવી શકે તેમ છે. તેમાં જ્ઞાન એ કર્મનો સાથીદાર છે એમ કહેવાયું છે. ધર્મચેતનાને પુનર્જાગૃત કરવા માટે પ્રજ્ઞાપુરાણ, આ યુગની ગીતા કે રામાયણ સમાન છે, એમ જરૂર કહી શકાય.

યુધિષ્ઠિર, રાણા પ્રતાપ, ચંદ્રગુપ્ત ભગતસિંહ, શંકરાચાર્ય, નહેરુ, પટેલ વગેરે – કે જેમનાં બલિદાનો ઉચ્ચકક્ષાની ચેતના જાગૃત કરવા માટે, માણસના આત્મગૌરવને વધારવા માટે અને જીવનને નવી દિશા આપવા માટે સક્ષમ છે – તેમના જીવનના પ્રેરણાદાયક પ્રસંગોથી પ્રજ્ઞાપુરાણ ભરપૂર છે. પ્રજ્ઞાપુરાણનું એક નાનુંસરખું ટીપું પણ મોટી કે જટિલ સમસ્યાના તાપથી વ્યાકુળ થયેલા માણસોની તરસ છીપાવવા માટે સમર્થ છે. દરેક વાર્તામાં લોકકલ્યાણની જ વાત સમાયેલી છે. આ સંસારી માણસો, સંલગ્ન થવાથી કલ્યાણ થયું, ગાંસડી ના તૂટી જેવી વાર્તાઓ પ્રેમ, ત્યાગ, તપ કે તિતિક્ષા જેવા ગુણોમાં વધારો કરનારી છે.

આજે ગાયત્રીજાપ સિવાય અન્ય કોઈ રીતે ધર્મચેતના ફરીથી જાગૃત થઈ શકે કે કેમ ? તેમજ યુગની અધિષ્ઠાત્રી મહાપ્રજ્ઞા ઋતંભરા ગાયત્રીને લોકમાનસમાં અન્ય રીતે પ્રતિષ્ઠિત કરી શકાય કે કેમ ? – આવા વિચારમાંથી પ્રજ્ઞાપુરાણનો ઉદ્ભવ થયો છે. આજે યજ્ઞની પવિત્રતા, ઉદારતા અને પ્રચંડશક્તિને દરેક જગ્યાએ ફેલાવવાની ખાસ જરૂર છે. લોકો પ્રત્યેનો સમૂળો અભિગમ બદલી નાખનારા અને મહાપ્રજ્ઞાની શ્રેષ્ઠતા વધારનારા કેટલાંય અવતરણો, શ્લોકો અને દષ્ટાંતોનું પ્રજ્ઞાપુરાણમાં સંકલન કરવામાં આવ્યું છે. ગાયત્રી એ જગદ્માતા છે અને યજ્ઞ એ સંસ્કૃતિનો પિતા છે. યજ્ઞનો અર્થ થાય છે – પ્રખરતા, ઉદારતા અને પરમાર્થ. પાશવી પ્રવૃત્તિઓ ઉપર અંકુશ રાખનારા અને દિનપ્રતિદિન (રોજબરોજ) પતન પામતા વિચારોના પ્રવાહને શ્રેષ્ઠતા તરફ વાળનારા નીતિનિયમો અને બંધનોને યજ્ઞ કહી શકાય. મનોજગતમાં છવાયેલી અધમતાનું નિવારણ કરવાની પ્રેરણા યજ્ઞ સાથે સંકળાયેલી છે. માણસે મહાન બનવું જોઈએ તથા સમાજે સુસંસ્કૃત બનવું જોઈએ. પ્રજ્ઞાપુરાણની સાચો યજ્ઞ, જાનના ભોગે પણ બીજ બચાવો – વાર્તાઓ યજ્ઞનો સાચો મહિમા અને ત્યાગ કોને કહેવાય તે સમજાવે છે. જેનાથી માણસનું અંતઃકરણ એટલું બદલાઈ જાય કે તે બોલી ઊઠે – મારી પોતાની કોઈ ઇચ્છા નથી. તમારી ઇચ્છા પૂરી કરવી એ જ મારી અભિલાષા બને અને મારા મનમાં માત્ર લોકકલ્યાણની ભાવના જ છવાયેલી રહે.' – એ જ સાચો યજ્ઞ. પ્રજ્ઞાપુરાણની જીવંત કથાઓમાંથી માણસને લોકકલ્યાણનું શિક્ષણ મળે છે. પોતાને તો વ્યાવહારિક શિક્ષણ મળે જ છે, ઉપરાંત તેમાં સામાન્ય માણસને સમજાય તેવી રીતે બ્રહ્મવિદ્યાનો સાર પણ સમાયેલો છે. આજે વિચારોમાં પરિવર્તન લાવવાની ખાસ જરૂર છે.

પ્રજ્ઞાની દેવી અને સદ્જ્ઞાનની અધિષ્ઠાત્રી દેવી ગાયત્રીમાતાની ઉપાસના દ્વારા જ દુર્બુદ્ધિથી ઘેરાયેલો માણસ સાંસારિક દુઃખોમાંથી મુક્તિ મેળવી શકે છે. પ્રજ્ઞાપુરાણમાં પ્રજ્ઞાનો પ્રકાશ પાથરતી હોય તેવી વાર્તાઓ જ સંકલિત કરવામાં આવી છે. ગાયત્રીમાતા સદ્બુદ્ધિનું દાન આપીને સન્માર્ગે ચાલવાની પ્રેરણા આપે છે. તો પ્રજ્ઞાપુરાણ લોકવ્યવહાર, આચાર-વિચાર અને ભાવનાઓમાં આશ્ચર્યજનક ફેરફાર કરીને જીવન જીવવાની કળા શીખવે છે. ગાયત્રી-ઉપાસકને ઉપાસના, સાધના અને આરાધનાના ત્રણે ક્રમ અપનાવવાનું શિક્ષણ આપવામાં આવે છે. સંપૂર્ણ પ્રજ્ઞાપુરાણ આપણને કોની



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અને કઈ રીતે આરાધના કરવી તે શીખવે છે.

પ્રાચીનકાળમાં સંન્યાસિનીઓને બૌદ્ધધર્મના મુખ્ય અંગ તરીકે માનવામાં આવતી હતી. તેઓ ઈશ્વરીય સંદેશનો ફેલાવો કરવા માટે તેને દરેક માણસ સુધી પહોંચાડીને લોકોના માનસને સુધારવાનું કાર્ય કરતી હતી. અત્યારના માણસની વ્યસ્તતા અને તેની સમય ફાળવવામાં મુશ્કેલીને ધ્યાનમાં રાખીને ગુરુદેવે આ ગ્રંથની રચના કરી છે. એટલા માટે પરિવારના દરેક સભ્યે ગીતા કે રામાયણની જેમ જ પ્રજ્ઞાપુરાણનો રોજ થોડો અભ્યાસ કરવો જોઈએ અને તેમાં ચીંધેલા માર્ગે ચાલીને જનકલ્યાણ કરવા માટે તૈયાર થવું જોઈએ. ગોષ્ઠિઓમાં તેમજ સપ્તાહિક સત્સંગોમાં પ્રજ્ઞાપુરાણની વાર્તાઓનો સમાવેશ કરવો જોઈએ. શરૂઆત તો હંમેશાં નાના પાયે જ થતી હોય છે, પરંતુ પરમ સત્યોના પ્રકાશનાં કિરણો ફક્ત એટલું કરીએ તો પણ માણસના જીવનની દિશા બદલી નાખવા માટે પૂરતાં હોય છે. પ્રયત્ન ભલે નાના પાયા ઉપર કરવામાં આવે, પણ પ્રભુનાં કાર્યોમાં ભાવનાશીલ માણસોના આવાં નાનાં નાનાં યોગદાનો સંકલન પામીને યુગ બદલી નાખે તેવાં કાર્યો કરી દેખાડે છે.

અત્યારે સંજોગોની વિષમતા એની પરાકાષ્ઠાએ છે. ગુરુદેવે આવા સમયને આપત્તિકાળ કહ્યો છે. સંકટના સમયે રોજિંદાં અંગત કામો પડતાં મૂકીને વિશેષ કાર્યો કરવાનાં હોય છે. તે જ પ્રમાણે આજે લોકકલ્યાણનો ઉદ્દેશ્ય, દરેક માટે મુખ્ય કે અગત્યનો હોવો જોઈએ.

પ્રજ્ઞાના અવતારપુરુષ પૂ.ગુરુદેવનો લોકસેવકોને આદેશ છે કે, હવે (અત્યારે) તેમણે લોકકલ્યાણનાં કાર્યોમાં લાગી પડવું જોઈશે. નારદજી જે રીતે ભગવાન વિષ્ણુના આદેશાનુસાર તેમનો સંદેશો લઈને તેને ઘેર ઘેર ગુંજતો કરવા માટે ઉલ્લાસથી ધરતી ઉપર આવ્યા હતા અને સૃષ્ટિમાં સર્વત્ર ફેલાયેલા ચેતનપ્રવાહના રૂપમાં વ્યાપક બની ગયા હતા, તે રીતે આજે યુગસૈનિકોએ પ્રજ્ઞાપુરાણના પુણ્યપ્રકાશને ઘેર ઘેર પહોંચાડવા માટે પ્રયત્ન કરવો પડશે. ત્યારે જ પૂજ્ય ગુરુદેવનું સ્વપ્ન સાકાર થશે અને માણસમાં પ્રભુપદનો ઉદય તેમજ પૃથ્વી ઉપર સ્વર્ગનું નિર્માણ થઈ શકશે.

(આ વિભાગમાં જે વાર્તાઓનો ઉલ્લેખ છે, તેને પ્રજ્ઞાપુરાણના પ્રથમ ખંડના 'લોકકલ્યાણ જિજ્ઞાસા' પ્રકરણમાંથી વાંચી શકાશે.)

## સોનેરી સૂક્તિઓ

- **એકં સદ્વિપ્રા બહુધા વદન્તિ ।**
  **એક જ પરમાત્માને જ્ઞાનીઓ અનેક નામોથી સંબોધે છે.**
  અનેક નામોના દેવતા ઈશ્વરનાં જ વિભિન્ન નામ છે.

- **પુરુષ એવેદ ઘૂમ્ સર્વમ્ ।**
  **આ સંપૂર્ણ વિશ્વ પરમાત્માનું જ રૂપ છે.**
  સંસારને પરમાત્માનું પ્રત્યક્ષ સ્વરૂપ માનીને એની સેવા કરવી જોઈએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આસ્તિકતા-સંવર્ધન વિભાગ

# ઉપાસનાની સફળતાનું રહસ્ય

ઉપાસના એ શરીર છે અને સાધના એ તેનો પ્રાણ છે. ઉપાસના ચિનગારી છે તો સાધના તેનું બળતણ છે. ઉપાસના જ્ઞાન છે તો સાધના કર્મ છે. ઉપાસના સાધન છે તો સાધના કૌશલ્ય છે. ઉપાસના તીર છે તો સાધના ધનુષ્ય છે. એકની ગેરહાજરીમાં બીજાના તેજ કે ફળનો લાભ મળી શકતો નથી.

ઉપાસના થોડા સમયમાં અને થોડી મહેનતથી કરી શકાય છે. પરંતુ સાધનામાં તો આચાર-વિચારનાં ક્ષેત્રોમાં ઘર કરી ગયેલી દુષ્પ્રવૃત્તિઓ સામે લડીને તેને નાબૂદ કરવાનું કાર્ય કરવું જ પડે છે. ઉપરાંત તેને બદલે સત્પ્રવૃત્તિઓની સ્થાપના કરવાનું તેનાથી પણ વધુ શ્રમ માગી લે તેવું કાર્ય પણ કરવું પડે છે. આ કુકર્મોની નાબૂદી અને સત્કર્મોની સ્થાપનાના બેવડા હેતુઓ સિદ્ધ કરવા તે બરાબર ભગવાન પરશુરામની માફક ફરસી અને કુહાડી ચલાવવાના બેવડા પરાક્રમ જેવું છે. તેમણે ઝાડી-ઝાંખરા કાપીને તેની જગ્યાએ બગીચા વાવ્યા હતા. દરેક સાધકે પોતાના જીવનસંગ્રામમાં પણ આવા બેધારા પરાક્રમનો પરિચય આપવો પડે છે. એથી ઓછામાં કામ ચાલી શકતું નથી અને એથી વધારેની કોઈ જરૂર નથી. સાધના સ્વાસ્થ્ય છે અને ઉપાસના એ સજાવટ છે. આરોગ્ય સારું હોવું અનિવાર્ય છે. સજાવટને મરજિયાત પણ માની શકાય અને તેને જરૂરી માનીએ તો પણ વાંધો નથી, પરંતુ સાધના વગર તો આત્માની પ્રગતિની દિશામાં એક ડગલું પણ માંડવું મુશ્કેલ છે. જો સાધનાથી વિમુખ રહીને ગમે તેટલા પૂજા-પાઠ કરવામાં આવે તો પણ તેમાં નિરાશા જ સાંપડે છે, એ એક દીવાસત્ય છે.

સંસારમાં સિદ્ધિઓ અને વૈભવોનો ખજાનો ચોક્કસ છે જ, અને તે સાધકો માટે જ અનામત છે. અનાદિકાળથી આજ સુધી બધા સાચા સાધકોએ સિદ્ધિઓ પ્રાપ્ત કરી જ છે, એ સત્યનું અવલોકન કરવાથી એવો નિર્ણય કરવો પડે કે, ઉપાસનાઓનાં વિધિવિધાન અને પ્રકારો ભલે અલગ હોય, પરંતુ બધા સાધકો પોતાના વિચારો અને ચરિત્રને ઉદાત્ત અને ઉદાર બનાવવા જ પડે છે. વ્યક્તિત્વમાં સુધારણા અને ઉદાર લોકકલ્યાણને પોતાની મુખ્ય ઈચ્છા માનીને તેના માટે જોરદાર પુરુષાર્થ કરનારાઓ જ પોતાની યોગ્યતાને, અવકાશમાંથી વરસતાં દિવ્ય અનુદાનોને ઝીલી શકે એ કક્ષા સુધી પહોંચાડી શક્યા છે.

બરફ ઊંચા પર્વતનાં ઊંચાં શિખરો ઉપર જ જામે છે, ખીણ-ખાઈઓમાં નહીં. વરસાદનું પાણી નદીનાળાઓમાં ભરાય છે, ટેકરાઓ ઉપર નહીં. મંત્રસિદ્ધિ માટે યોગી જેવી મનોભૂમિકા અને તપસ્વી જેવી કાર્યશૈલી અપનાવવી જ પડે છે. ખરાબ વિચારો અને ભ્રષ્ટ આચારોના ભારેખમ પોટલા સાથે આત્મિક પ્રગતિનો લાંબો કૂદકો મારી જ ના શકાય. ખાલી કૌતુક કે જાદુ જોવા-બતાવવાની ઈચ્છા હોય તો મૂરખાઓને બહેકાવનારા ધૂતારાઓનો ક્યાંય તોટો નથી. એવી જગ્યાએ સસ્તા માલને લૂંટવા માટે લાલચુઓની ભીડ જમા થયે જ રાખે છે. નાનામોટા પૂજાપાઠ વડે મસમોટા ચમત્કારો કરી બતાવનારાઓ ઓછા નથી હોતા. જ્યાં સુધી સંસારમાં ઓછા ભાવે કે ઓછી મહેનતે વધુ મેળવી લેવાની લાલચ ટકશે, ત્યાં સુધી આવા ગોરખધંધા ચાલતા જ રહેવાના. અત્યારે આધ્યાત્મિક ક્ષેત્ર પર આવું જ ધુમ્મસ છવાયેલું છે. આવી પરિસ્થિતિમાં માત્ર ભ્રમજાળ જ ફેલાઈ શકે. કોઈના પણ હાથમાં કશી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ચોક્કસ પ્રાપ્તિઓ આવી જ ના શકે. પરિણામે અધ્યાત્મક્ષેત્ર પણ અપ્રામાણિક અને ઠઠ્ઠામશ્કરી જેવું બનતું જશે, જે આજકાલ બની રહ્યું છે.

હવે આસ્તિકતાને આ દુઃખદ પરિસ્થિતિના કીચડમાંથી બહાર કાઢવાની જરૂર છે. તત્ત્વજ્ઞાન અને સાધનાવિધિનો સમન્વય જ, મનને સ્વર્ગ કે મોક્ષનો આનંદ તેમજ ભૌતિક સિદ્ધિઓના વૈભવો આપનારાં સત્પરિણામો લાવવા માટે સમર્થ છે, એ સત્યને પ્રકાશમાં લાવવાની જરૂર છે. કીમતી ઉપલબ્ધિઓ મેળવવા માટે તેનું યોગ્ય મૂલ્ય આંકવાની અને તે ચૂકવવાની તૈયારી રાખવી જ પડશે.

સસ્તા કે ટૂંકા રસ્તાની કોઈ જોગવાઈ આ લોકમાં પણ નથી અને પરલોકમાં પણ નથી. એને શોધવાનો પ્રયત્ન જ અનૈતિક છે. યોગ્ય કિંમત ચૂકવ્યા વગર મેળવેલી વસ્તુ ચોરીની ગણાય છે અને તેની ખબર પડે તો ખરીદનારને પોલીસ દંડ પણ આપી શકે છે. જુગારમાં ઓછું આપીને વધારે પડાવી લેવામાં વિરોધાભાસનો આધાર રહેલો છે તેથી તેને અપરાધ ગણવામાં આવે છે. આધ્યાત્મિક તત્ત્વજ્ઞાનનું સુવ્યવસ્થિત વિજ્ઞાન કેટલા સુંદર અને સુયોગ્ય ઉપહારો આપી શકે એમ છે ! એ કોઈ સિદ્ધ પુરુષના ઋષિતુલ્ય જીવનને જોઈને સારી રીતે સમજી શકાય છે. સંતો કે ભક્તો ઉપર જે દૈવી કૃપા વરસે છે તેમાં તેના સરળ વ્યવહાર અને લાગણીશીલતાનો ફાળો બહુ અલ્પ હોય છે, ખરું શ્રેય તો તેમના પ્રખર વ્યક્તિત્વ અને લોકલ્યાણનિષ્ઠ કાર્યશૈલીને ફાળે જ જાય છે. લોભ અને મોહના કાદવમાં ગળાડૂબ રહેલો માણસ જો છૂટાછવાયા થોડાક કલાકોના આધારે એ ઋષિઓ જેવા લાભ મેળવવાના મનોરથ સેવે તો તેને વિદ્વાનોની નજરે અનાધિકાર ચેષ્ટા જ ગણી શકાય. આવા પ્રયત્નો સફળ થાય એ વાતમાં ખાસ સાર નથી. કોઈકને ક્યારેક કશુંક અનૈતિક રીતે મેળવી લેવામાં કદાચ સફળતા મળી પણ જાય તોય લાંબે ગાળે તેનાં પરિણામો દુઃખદ જ આવે છે.

આત્મશક્તિ પ્રાપ્ત કરવી એ માણસ માટે કલ્યાણકારી છે અને સમાજ માટે મંગળમય છે. આત્મશક્તિ એ જ સાચી સંપત્તિ છે. શારીરિક શક્તિ, બુદ્ધિશક્તિ, ધનશક્તિ કે સંગઠનશક્તિનાં પરિણામો મર્યાદિત અને ક્ષણિક હોય છે. કાયમી, વ્યાપક અને પ્રચંડ પરિણામો તો આત્મશક્તિ જ લાવી શકે. એટલા માટે આત્મશક્તિ કેળવવાને પુરુષાર્થની પરાકાષ્ઠા કહેવાય છે. નાના માણસોનું ધ્યાન નાની વસ્તુઓ ઉપર જ પડે છે જ્યારે મહાન માણસો હંમેશાં મહાન કે મોટી વસ્તુને જ શોધતા હોય છે. ઊતરતી કક્ષાના માણસોની નજર તાત્કાલિક લાભ ઉપર મંડાયેલી રહે છે, જ્યારે ઉચ્ચ કક્ષાના કે મહાન માણસો દીર્ઘદૃષ્ટિથી વિચારે છે. ઉચ્ચ ઉદ્દેશ્ય રાખવો એ જ આત્મવિકાસનું લક્ષણ છે. આ દૃષ્ટિએ આત્મશક્તિ પ્રાપ્ત કરવી અને તેનો પરમાર્થનાં કાર્યોમાં ઉપયોગ કરવો એને જ સર્વોત્તમ શાણપણ કહી શકાય. દિવ્ય ઐશ્વર્યો પ્રાપ્ત કરવાં એ જ સાચી સંપત્તિ છે.

આવાં ઐશ્વર્યો પામવા માટે ઉપાસનાના ક્ષેત્રમાં ગાયત્રીનું મહત્ત્વ અદ્‌ભુત, અદ્વિતીય અને અનુપમ છે. શાસ્ત્રોનાં પાનાંઓને પાનાંઓ એના માહાત્મ્યથી ભરેલાં છે. ઋષિઓએ સ્વાનુભવથી એના મહિમાને એટલો વધારે જણાવ્યો છે કે તેની સામે બીજી બધી પ્રાપ્તિઓ ઓછી પડે. આ કલ્પવૃક્ષની નીચે આશરો લેનારા અને આ કામધેનુનું દૂધ પીનારા દરેકે પોતાના અનુભવથી જાણેલું છે કે, કલ્યાણપ્રાપ્તિના સૌભાગ્યનો અન્ય કોઈ આધાર એનાથી વિશેષ નથી.

આના ઉપરથી એક વાત અરીસા જેટલી સ્પષ્ટ થાય છે કે, ઉપાસના અને સાધના એકબીજા સાથે અતૂટ સંબંધથી જોડાયેલાં છે. સાધના વગર ઉપાસનાનો કોઈ ચમત્કાર જોઈ શકાતો નથી. એટલા માટે અનુષ્ઠાન ઉપચારનું મહત્ત્વ તો સ્વીકારવું જ જોઈએ. ઉપરાંત આત્માની પ્રગતિ સાધવામાં, સાધકના આચાર-



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વિચારમાં ઉત્કૃષ્ટતાનો સમાવેશ થવો એ ઉપાસનાના ઉપચારો કરતાં વધુ મહત્ત્વનું છે, એની આવશ્યકતા ઉપર પણ ભાર મૂકવો જોઈએ. એને જ સાધના કહી શકાય. સાધકની સાચી સાધના ક્યારેય ફળ આપ્યા વગર રહેતી નથી. એનાથી ઊલટું જેમની જીવનશૈલી હલકી અને દુષ્ટ હોય છે, જેમને છળકપટ જ પસંદ હોય છે, જેમને લોભ અને મોહથી આગળ કશું સૂઝતું નથી, જેમને માટે વાસના અને તૃષ્ણા જ સર્વસ્વ છે અને જેઓ પોતાનો તમામ શ્રમ, શક્તિ અને મનોયોગ આવા હેતુઓ પાછળ જ ખર્ચે છે; તેમની નિર્જીવ ઉપાસનાનું પરિણામ પણ નિરાશામાં જ આવે છે. સાધના વડે સિદ્ધિ મેળવવાના સિદ્ધાંતને સમજનારા જાણે છે કે આસ્તિકતાની સફળતા મેળવવા માટે તેમાં આધ્યાત્મિકતા અને ધાર્મિકતાનો સમન્વય હોવાની શરત અનિવાર્ય છે.

## ભગવાન કોને કહેવાય છે ?

*સદ્‌ગુણો, સત્પ્રયાસો અને આદર્શોના સમન્વયને ભગવાનનું નામ અપાય છે. એક ભગવાન તો એ છે કે જે સમગ્ર વિશ્વની સંભાળ રાખે છે જેને આપણે નિયામક સત્તાના રૂપે ઓળખીએ છીએ. એક ભગવાન એ છે કે જે વિશ્વવ્યાપી છે, વિશ્વવ્યાપી ભગવાનનો લાભ ઉઠાવવાની એક શરત છે કે આપ તેના કાયદાનું પાલન કરો અને ફાયદો મેળવી લો. કાયદાને તોડશો તો દંડ થશે, નુકસાન થશે અને માર ખાવો પડશે. એ ભગવાન તો મનુષ્યના માટે ન્યાય અને નિયમન સિવાય કશું જ નથી કરતો, પરંતુ જે આપણને વ્યક્તિગત રીતે સહાયતા કરે છે તે છે આપણી "સુપર કોન્સિયસનેસ" આપણો અંતરઆત્મા. અંતરઆત્માને જ પરમાત્મા કહેવામાં આવે છે.*

*ગુણ, કર્મ અને સ્વભાવની વિશેષતાનું નામ જ પરમાત્મા છે. તેને જ અંતરઆત્મા કહે છે. આપ સ્વયંને એની સાથે જોડી દો. એકતા સાધો. આજ સુધી તમારો સંબંધ કુસંસ્કારોની સાથે રહ્યો હોય, તે શક્ય છે. ધુતારા અને કપટીઓની સાથે રહ્યો હોય તે શક્ય છે. ચારે બાજુ જે વાતાવરણ ડહોળાઈ ગયું છે, તે અધોગતિ સિવાય બીજું શું આપી શકશે ? આપે જે સ્વભાવ બનાવ્યો છે તે ઘૃણા, તિરસ્કાર, કપટ સિવાય બીજું શું શીખવી શકે તેમ છે ? આપ ચારેબાજુ માનવપશુ કે જેણે દેહ માનવનો ધારણ કર્યો છે, પરંતુ કાર્યો પશુ જેવાં કરે છે એવા પિશાચોથી આપ ઘેરાઈ ગયા છો. આપ થોડા દિવસ માટે આવા સમુદાયમાંથી બહાર નીકળી જાઓ અને એવા લોકોના સમુદાયમાં જોડાઈ જાઓ કે જેનાથી આપની પ્રગતિ થવાની, ઊંચા ઊઠવાની સંભાવના વધે. ઋષિઓની સાથે સંબંધ બાંધો, સંતોની સાથે સંબંધ બાંધો, દેવતાઓની સાથે સંબંધ બાંધો, ભગવાનની સાથે સંબંધ બાંધો.*

*શું આ બધું છે ? ચોક્કસ છે અને તે તમારી સાથે જ છે. બસ, આપ તેને જોઈ શકતા નથી. હવે આપ આ મહાનતાની સાથે જોડાઈ જાવ. આદર્શોની સાથે જોડાઈ જાવ. તે જ ભગવાન સાથેનું જોડાણ છે. ભગવાન કોઈ માણસ નથી, તેને તો આપણે એવો માની લીધો છે. ભગવાન વાસ્તવમાં સિદ્ધાંતોનું નામ છે, આદર્શોનું નામ છે અને શ્રેષ્ઠતાઓના સમુદાયનું નામ છે. સિદ્ધાંતો માટે, આદર્શો માટે મનુષ્યનો જે ત્યાગ છે, બલિદાન છે, એ જ ભગવાનની ભક્તિ છે. દેવત્વ પણ તેને જ કહેવામાં આવે છે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પ્રતીકોનું મનોવિજ્ઞાન બહુ અનોખું છે

પ્રતીકો અને સંકેતો ત્યારે પણ હતા અને આજે પણ છે. જ્યારે ભાષાનો વિકાસ નહોતો થયો ત્યારે અરસપરસ સંવાદ માટેના માધ્યમ તે જ હતા. ભાષાની ઉત્પત્તિ પછી પણ તેનો ઉપયોગ બંધ થયો નહીં. સંસ્કૃતિના આરંભકાળથી જ તેમના દ્વારા ભાવનાઓ અને મનના વિચારોની આપ-લે કરવામાં આવે છે. આ જ કાર્ય માટે ભાષાનો ઉપયોગ પણ થતો રહ્યો છે. પરંતુ તેમાં જટિલ વિચારપ્રક્રિયા કરવી પડે છે અને તેમાં સમય પણ વધારે જાય છે. જ્યારે સંકેતો અને પ્રતીકો સહેલાઈથી અને ઝડપથી અસર કરે છે. કોઈ બાબતનું સ્પષ્ટીકરણ કરવા માટે જ્યારે શબ્દો ના જડતા હોય ત્યારે એને અનુરૂપ હાવભાવથી સમસ્યા ઉકેલી શકાય છે. જ્યારે મૌન રાખવાની જરૂર હોય અથવા અમુક બાબત વ્યક્ત કરવા માટે પ્રભાવશાળી શબ્દો ના મળતા હોય, ત્યારે પ્રતીકો કે સંકેતોની મદદથી ઇચ્છિત બાબત સમજાવી શકાય છે. મનોભાવોની અભિવ્યક્તિ શબ્દરહિત હાવભાવ દ્વારા વધારે યથાર્થ રૂપે થઈ શકે છે, કારણ કે, ઉચ્ચારાયેલી વાત અસત્ય પણ હોઈ શકે છે. શબ્દરહિત હાવભાવો ભ્રામક હોવાની શક્યતા તો છે, પરંતુ તે વધુ ભરોસાપાત્ર હોય છે. તેના વડે ધાર્યા કરતાં વધારે સાર્થક રીતે અભિવ્યક્તિ કરી શકાય છે.

આધુનિક વૈજ્ઞાનિકો અને સંશોધનકારોએ હવે આ વિષે ઊંડી શોધખોળ આદરી છે. જીવશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ, માનવશાસ્ત્રીઓ અને મનોવૈજ્ઞાનિકોએ તેમના આવા સહિયારા પ્રયાસો વડે એમ સ્પષ્ટ કરવાની કોશિશ કરી છે કે, એનાથી માનવજીવનના કેટલાંય વણસ્પર્શ્યા પાસાઓ ઉપર પ્રકાશ પાડી શકાય છે. આવા અભ્યાસથી માનવચેતનાના કેટલાંય વણજોયાં કે અજાણ્યાં રહસ્યો જાણી શકાય છે, એટલું જ નહિ, પરંતુ એમાંથી માનવજીવન માટે કોઈ નવી શક્યતાઓ પણ મળી આવે, એ પણ શક્ય છે.

આ વિષયમાં આધુનિક વિજ્ઞાનની શરૂઆત ઇંગ્લૅન્ડમાંથી થઈ. ઈ.સ.૧૯૬૯માં શબ્દરહિત અભિવ્યક્તિ વિષેનું પ્રથમ આંતરરાષ્ટ્રીય અધિવેશન ઑક્સફર્ડ યુનિવર્સિટી ખાતે ભરાયું હતું. પ્રોફેસર રોલ્સ એક્સલાઈને તેમજ માઈકલ આરગીલે તેમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી. તેમનું કહેવું હતું કે મનુષ્ય ભાષા વડે સંપર્ક કરે છે ત્યારે એના પૂરક માધ્યમ તરીકે તેમજ તેને વધુ અસરકારક બનાવવા માટે અમુક શબ્દરહિત હાવભાવનો આશરો લેતો હોય છે. હાવભાવ વડે થતી અભિવ્યક્તિ દ્વારા ચાર કાર્યો થતાં હોય છે : બીજાઓ સમક્ષ પોતાના વિચારો અને મનોભાવો પ્રગટ કરવા, પોતાના કથનને વધુ સ્પષ્ટ અને પ્રભાવશાળી બનાવવું, ધાર્મિક કાર્ય અને આત્મ-પ્રદર્શન.

એકલો મનુષ્ય જ નહીં, પરંતુ પશુ-પંખીઓ પણ પોતાના મનોભાવોને પ્રગટ કરવા માટે ખાસ કરીને હાવભાવનો આશરો વધારે લે છે. એકમેન તેમજ ફ્રીજને પોતાના 'અનમાસ્કીંગ ધ ફેઈસ' નામના પુસ્તકમાં આ બાબતમાં ખૂબ કીમતી અને મહત્ત્વપૂર્ણ વિચારો વ્યક્ત કર્યા છે. તેમણે પોતાના જગપ્રસિદ્ધ ગ્રંથમાં ચહેરાના છ હાવભાવ મુખ્ય હોય છે એમ જણાવ્યું છે. એ છે – પ્રસન્નતા, ઉદાસી, ભય, આશ્ચર્ય, ક્રોધ અને ઘૃણા. માનવ માનસશાસ્ત્રના જાણકાર ઈજાર્ડે પોતાના પુસ્તક 'હ્યુમન ઈમોશન્સ'માં આ ભાવોમાં બે નો વધારો કર્યો છે. તે છે રુચિ અને લજ્જા. એ સિવાય કેટલીક આંતરિક



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વૃત્તિઓ પણ છે — મિત્રતા, ક્રૂરતા, શ્રેષ્ઠતા, પ્રેમ અને હીનતા.

આ બધા મનોભાવો અને મનોવૃત્તિઓ ચહેરા પર આવતા ચઢાવ-ઉતાર દ્વારા અને બોલવાના સ્વર વડે પ્રગટ થતા હોય છે. જોવાની ઢબ, સહવાસ, સ્થૂળ સ્પર્શ તથા શારીરિક સંકેતો દ્વારા પણ આ બધા ભાવો અને વૃત્તિઓની અભિવ્યક્તિ થતી હોય છેં. એમાંના અમુક ભાવો તો ચહેરા ઉપર આપોઆપ આવી જતા હોય છે, જ્યારે અમુકને પ્રયત્નપૂર્વક વ્યક્ત કરવા પડે છે. આ આપમેળે પ્રગટ થતા ભાવોને ઇચ્છાનુસાર બદલવાનું કે નિયંત્રિત રાખવાનું શકય છે. મનોવૈજ્ઞાનિકોનો મત છે કે યોગ્ય મનોભાવોને પ્રભાવશાળી રીતે વ્યક્ત કરવા એ પણ એક કળા છે. તેનો આધાર સચેતન મનની શ્રેષ્ઠતા તેમજ સરળતા ઉપર રહેલો છે. માનસિક રીતે પછાત કે મંદ લોકોના સામાજિક વર્તનમાં આવા હાવભાવોનો સદંતર અભાવ હોય છે, એનું કારણ આ જ છે. એટલું જ નહીં આવા માણસો, બીજા તરફ જોઈને હસતા કે પ્રતિભાવ આપતા બહુ ઓછા જોવા મળે છે. જ્યારે સામાજિક વ્યવહારોમાં નિપૂણ માણસ સાચા મનોભાવોને બદલે સમય અને સંજોગો પ્રમાણે કૃત્રિમ કે બીજા ભાવો વ્યક્ત કરવામાં પણ સફળ રહે છે.

માઈકલ ઑર્ડોલે 'બોડીલી કોમ્યુનિકેશન' પુસ્તકમાં લખ્યું છે કે, આત્મીયતા પ્રગટ કરવામાં શાબ્દિક સંદેશાઓ કરતાં ચહેરાના હાવભાવ અને બોલવાની લઢણની અસર વધુ પડતી હોય છે. જે શ્રેણીબદ્ધ પ્રયોગો દ્વારા સિદ્ધ થઈ ચૂક્યું છે. ભાષણ આપતી વખતે કે વિગતવાર જાણકારી આપતી વખતે આવી શબ્દરહિત અભિવ્યક્તિનો ઉપયોગ વધારે થતો નથી; તેમ છતાંય શ્રોતા તેમજ વક્તા એના દ્વારા જ અન્યોન્યના મનોભાવોનો અભ્યાસ કરતા હોય છે.

જુદાજુદા ભાવોની સૌથી વધુ જાણકારી ચહેરા ઉપરથી જ મળી શકે છે. કેટલાક ભાવો તો સ્વાભાવિક વ્યક્ત થઈ જતા હોય છે. જન્મથી મૂંગા-બહેરા બાળકો પણ હસતા કે રોતા તો હોય જ છે. દૃષ્ટિ ઉપરાંત હાસ્ય એ સૌથી વધુ અસરકારક સંકેત છે. ત્રણ ચાર સપ્તાહનું શિશુ પણ મંદ હાસ્ય વડે પોતાના વડીલો પ્રત્યે સંતોષ વ્યક્ત કરે છે. વૈજ્ઞાનિકોના મત પ્રમાણે વીસ જેટલી માંસપેશીઓ ચહેરાના હાવભાવને નિયંત્રિત કરતી હોય છે. તેનું નિયમન ફેસિયલ નર્વસ્ (ચહેરાની નસો) દ્વારા થાય છે, જે મૉટર કૉર્ટેક્સના સીધા સંચાલનમાં હોય છે.

નૃવંશશાસ્ત્રીઓ(ઉત્ક્રાંતિવિદો)નો મત છે કે, માણસ હાવભાવો અને ચેષ્ટાઓ દ્વારા અભિવ્યક્તિ કરવાનું સંસ્કૃતિ અને વંશ-પરંપરામાંથી શીખ્યો છે. જુદી જુદી સંસ્કૃતિઓમાં પણ મુખ્ય હાવભાવોનો અર્થ એકસરખો જ હોય છે. પરંતુ સંજોગો પ્રમાણેના હાવભાવ જુદીજુદી સંસ્કૃતિઓમાં અલગ હતા. એકમૅનના મત મુજબ એક જાપાની કોઈ જાહેર સ્થળે ઘૃણાસ્પદ દૃશ્ય જોઈને પણ ચહેરા ઉપર ઘૃણાના ભાવ નહીં આવવા દે, પણ જો તે એવું જ દૃશ્ય એકાંત જગ્યાએ જોશે તો તેના ચહેરા ઉપર ઘૃણાના ભાવ ઊપસી આવશે. એક જાપાની બીજા જાપાની પ્રત્યે કેવી લાગણી ધરાવે છે હાવભાવ ઉપરથી કળવું મુશ્કેલ છે, જ્યારે કોઈ અંગ્રેજના કે ઇટાલીવાસીના હાવભાવોનો તેઓ સહેલાઈથી તાગ મેળવી લે છે. આમ હોવાનું કારણ એ છે કે, જાપાનમાં ઉદાસી, ક્રોધ કે બીજા નકારાત્મક ભાવો જાહેરમાં વ્યક્ત કરવાને અસભ્યતા માનવામાં આવે છે.

ચહેરાના હાવભાવ જો નિયંત્રણમાં રાખવા જેટલા સરળ છે, તેટલું શરીરની ચેષ્ટાઓ કે બોલવાની લઢણ ઉપર નિયંત્રણ રાખવું સહેલું નથી. એટલા માટે ચહેરા ઉપર આવવાથી રોકાયેલા ભાવો એના દ્વારા પ્રગટ થઈ જતા હોય છે. મનોભાવોની અભિવ્યક્તિ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

માટેનું ચહેરા પછીનું બીજું માધ્યમ સ્વર છે. ધીમો સાદ અને ઓછી ઝડપ એ ઉદાસી, અને મોટો અવાજ અને કાંપતો સ્વર એ ઉત્તેજના દર્શાવે છે. ચહેરા કરતાં વાણી વધારે સ્વાભાવિક રીતે ભાવોને વ્યક્ત કરી દે છે.

જોવાની રીતથી પણ મનોભાવ પ્રગટ થાય છે. આપણને જે લોકો ગમતા ન હોય એના કરતાં આપણને જે આત્મીય લાગતા હોય તેવા લોકોને આપણે વધારે જોવા ઇચ્છીએ છીએ. બોલતી વખતે કોઈની સામે વધારે જોવું અને સાંભળતી વખતે ઓછું જોવું, એ પ્રભુત્વ દર્શાવે છે. નીચું જોવાથી શરમ, ગ્લાનિ તેમજ ઉદાસીના ભાવ પ્રગટ થાય છે. જુદી જુદી સંસ્કૃતિઓમાં સ્પર્શની જુદી જુદી રીતો દ્વારા પ્રેમ પ્રગટ કરવામાં આવે છે. સહવાસમાં રહેવું કે પાસે બેસવું, તે પણ પ્રેમ પ્રગટ કરે છે. મેજ (ટેબલ)ના કિનારે બેસવું તે પ્રભુત્વ દર્શાવે છે. તે જ રીતે શરીરની ચેષ્ટાઓ દ્વારા પણ કેટલાક ભાવો પ્રગટ થતા હોય છે. પગ પહોળા કરીને પાછળની તરફ નમવું અથવા માથે હાથ દેવો એ અરુચિ દર્શાવે છે.

શબ્દરહિત હાવભાવ દ્વારા ભાવો વ્યક્ત કરવાની ક્ષમતા દરેક માણસોમાં અલગ અલગ હોય છે. આપોઆપ વ્યક્ત થતી ચેષ્ટાઓ મહિલાઓ તેમજ બહિર્મુખી માણસોમાં વધારે જોવા મળે છે. જ્યારે ઉદાસ કે નિરાશ માણસોમાં તેમજ માનસિક રોગીઓમાં ઓછું જોવા મળે છે; ઇચ્છાનુસાર વ્યક્ત કરાતા ભાવો સામાજિક રીતે વ્યવહારકુશળ લોકો તેમજ રોજ ઘણાબધા માણસોના સંપર્કમાં આવનારા લોકોમાં વધારે જોવા મળે છે.

શબ્દરહિત ચેષ્ટાઓ અને ભાવોને સમજવા એ પણ દરેકની વ્યક્તિગત ક્ષમતા ઉપર આધારિત હોય છે. માનવશિશુ પાંચ-છ માસની ઉંમરથી જ ચહેરાના ભાવોને સમજવા લાગે છે. આ શીખવા-શીખવવાની નહીં, પણ પરિપક્વતા (વૃદ્ધિ-વિકાસ)ની બાબત છે. એક જ ચેષ્ટાના, સંજોગો પ્રમાણે જુદા જુદા અર્થ હોઈ શકે છે. વિવેકી માણસો આપોઆપ વ્યક્ત થતા અને મરજી પ્રમાણે દર્શાવાતા – બંને પ્રકારના ભાવોને સારી રીતે સમજી શકે છે. મહિલાઓ મરજીથી વ્યક્ત કરતા ભાવો સમજવામાં વધારે હોશિયાર હોય છે. તેઓ સ્વરની લઢણ તેમજ શારીરિક ચેષ્ટાઓ કરતાં ચહેરા ઉપર વધુ ધ્યાન આપે છે, જ્યારે પુરુષ અવાજની લઢણ (શૈલી) ઉપર વધુ ધ્યાન આપે છે. છોકરીઓમાં આ જાણકારી નાની ઉંમરથી આવવા લાગે છે. જોકે જે સ્ત્રીઓ પુરુષોની માફક ભાવોને સમજતી હોય છે, તે એટલી લોકપ્રિય હોતી નથી. એનું કારણ કદાચ – મહિલાઓ પાસેથી હંમેશાં નમણી અને નમ્ર હોવાની જ અપેક્ષા રાખવામાં આવે છે – તે હશે. આ બાબતે માનસિક રોગીઓની સમજણ બિલકુલ અલ્પ હોય છે. ગુનેગાર માનસવાળા લોકો મોટેભાગે લાગણીશૂન્ય હોય છે. ઝઘડો શરૂ ના થઈ જાય ત્યાં સુધી તેમને એ પણ ખ્યાલ નથી આવતો કે તેઓ બીજાને કેટલા ગુસ્સે કરી રહ્યા છે.

દરેક સંસ્કૃતિમાં અલગ અલગ ચેષ્ટાઓ દ્વારા ખાસ સંદેશા આપવાની પરંપરા રહેલી હોય છે. ગ્રીસમાં પાંચે આંગળીઓ ભેગી કરીને હથેળી ઊંચી કરવાનો અર્થ 'સારું' એવો થાય છે. ઇટાલીમાં 'એક પ્રશ્ન' એવો થાય છે. ટ્યૂનિશીયામાં 'ધીમે ધીમે' એવો થાય છે અને સ્પેનમાં 'વધારે' એવો થાય છે. યુરોપના મોટાભાગમાં માથું ડાબે-જમણે હલાવવાનો અર્થ 'ના' થાય છે. જ્યારે ગ્રીસ તથા દક્ષિણ ઇટાલીમાં 'ના' વ્યક્ત કરવા માટે માથાને પાછળની બાજુએ ઝટકોરવામાં આવે છે. આરબોમાં પગના તળિયા દેખાય તેને બહુ અસભ્ય માનવામાં આવે છે. એનો અર્થ એવો કરવામાં આવે છે કે, તમે મારા પગની ધૂળ સમાન છો. ગ્રીસમાં ખુલ્લા હાથ બતાવવાને અસભ્યતાનું પ્રતીક મનાય છે, કારણ કે તેનો અર્થ એવો કરવામાં આવે છે કે – 'હું તમારા ચહેરા ઉપર મળ (ગંદકી) ચોપડવા ઇચ્છું છું.'



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બોલવાને બદલે ચેષ્ટાઓ અને હાવભાવનો ઉપયોગ કરવાની પાછળ ઘણાં કારણો હોઈ શકે છે જેમકે વધારે અંતર, તરવું, યુદ્ધ — વગેરે. ઇટાલીમાં વાતચીત દરમિયાન સંકેતોનો ઉપયોગ વધારે કરવાનું ચલણ છે.

કોઈ પ્રવચન દરમિયાન શ્રોતાઓ માથું હલાવીને કે મોઢાના હાવભાવ દ્વારા પોતાના ગમા કે અણગમા પ્રદર્શિત કરતા હોય છે. એટલા માટે વક્તા પોતાના વક્તવ્ય દરમિયાન શ્રોતાઓના ચહેરાના ભાવોનું અવલોકન કરતો હોય છે. સામાન્ય રીતે લોકો બોલતા હોય ત્યારે જોતા હોય તેના કરતાં સાંભળતી વખતે બે ગણુ વધારે જોતા હોય છે. કારણ કે જો વક્તા બોલતી વખતે - ખાસ કરીને વક્તવ્યના આરંભે જો ચારે તરફ જોયા કરે તો તેનાથી તેની એકાગ્રતા ભંગ થાય છે. જયારે શ્રોતાઓ સાંભળવા ઉપરાંત વક્તાના હાવભાવમાં પણ રસ લેતા હોય છે, તેથી તેઓ વધારે જોતા હોય છે. એનાથી ઊલટું, પ્રભુત્વ ધરાવતા લોકો સાંભળતી વખતે જુએ તેના કરતાં બોલતી વખતે વધારે જોતા હોય છે. કારણ કે તેમના માટે સાંભળવું એટલું અગત્યનું નથી હોતું. તેમને માટે તો શ્રોતાઓ કેટલું સાંભળે-સમજે છે, તેની અગત્ય વધારે હોય છે.

સુવિખ્યાત વિદ્વાન કે. એવરક્લોમ્બાઈએ 'બ્રિટિશ જરનલ ઑફ ડીસીઝીસ્ ઑફ કોમ્યુનિકેશન'માં પોતાના એક અભ્યાસલેખમાં લખ્યું છે કે, આપણે બોલીએ ભલે મોઢેથી, પરંતુ વાર્તાલાપ તો સંપૂર્ણ શરીર વડે કરીએ છીએ. એ ઉપરાંત વેશભૂષા દ્વારા પણ કશુંય બોલ્યા વગર સંદેશો આપી શકાય છે. કોઈ ડૉક્ટર કે વકીલ પોતાના સ્વીકૃત પરિધાનમાં જેટલો પ્રભાવશાળી લાગે તેટલો અન્ય વસ્ત્રોમાં નથી લાગતો. અમેરિકાની એક યુનિવર્સિટીની ફૂટબોલ ટીમે મેચ જીત્યા બાદ તેના વિદ્યાર્થીઓએ રમતનું જ ટી-શર્ટ સામાન્ય જીવનમાં પણ પહેરવાનું શરૂ કરી દીધું કારણ કે તે તેમના વિજયનું પ્રતીક બની ગયું હતું.

વિવાહ-સંસ્કાર જેવાં ધાર્મિક કાર્યોમાં પ્રતીકો દ્વારા ખાસ સંદેશાઓ અપાતા હોય છે. આવાં પ્રતીકો સામાજિક સંબંધોમાં તેમજ વિચારસરણીમાં ચમત્કારી પરિવર્તન લાવી દેતા હોય છે. એક વીંટી કે ગાઉન પહેરાવી દેવાથી કે પાદરીને સ્પર્શ કરવાથી પતિ-પત્નીનો અતૂટ સંબંધ બંધાઈ જાય છે. શબ્દરહિત ચેષ્ટાઓ અને પ્રતીકો દ્વારા પાદરીની શક્તિઓ વધી જાય છે. ડબલરોટી, ક્રોસ અને શરાબ (દારૂ) — એ ખ્રિસ્તીઓનાં ધાર્મિક પ્રતીકો છે. બીજા ધર્મોમાં પણ જીવન અને મૃત્યુના તેમજ સૂર્ય અને ચંદ્રનાં પ્રતીકોની પૂજા થતી હોય છે. હિન્દુઓનું સ્વસ્તિક (સાથિયા)નું ચિહ્ન અને મૂર્તિપૂજા એ, આ જ વસ્તુનું સુધરેલું અને વિકસિત સ્વરૂપ છે.

ધાર્મિક ભાવનાઓ જાગૃત કરવા માટે સંગીત, સુગંધ, અંધકાર, દીવાની જ્યોત, એકાંત તેમજ ખાસ મૂર્તિઓનો ઉપયોગ કરવામાં આવે છે. કોઈ રાષ્ટ્રને કે વિશેષ હેતુથી એકત્ર થયેલા સમુદાયને તેના વિશેષ ચિહ્ન (લોગો) અથવા ધ્વજ વડે ઓળખી શકાય છે. આવાં પ્રતીકો સાથે લોકોની ધાર્મિક, રાષ્ટ્રીય અને આધ્યાત્મિક ભાવનાઓ ઊંડાણપૂર્વક સંકળાયેલી હોય છે, તેથી તેઓ અત્યંત પ્રભાવશાળી હોય છે. રેમન્ડ કર્થના જણાવ્યા અનુસાર — 'સંકેતોમાં એવા વિશિષ્ટ મહત્ત્વ, યોગ્યતા, સ્થાયી પ્રભાવ તેમજ સર્જનશક્તિ હોય છે — જે એકલા શબ્દો ક્યારેય દાખવી શકતા નથી.' પ્રતીકો કે સંકેતોની સાથે થતો શબ્દોનો ઉપયોગ, તેના અર્થને વધુ સ્પષ્ટ અને અસરકારક બનાવીને વિચારો કે લાગણીઓ ઉપર ઊંડી અસર કરે છે. આવાં પ્રતીકો, સંકેતો, ચેષ્ટાઓ અને હાવભાવ પુરાતનકાળથી આપણા જીવનમાં વણાઈ ગયા છે. એને જાણવા, ઓળખવા અને અનુભવવાની કળા શીખીને આપણે વધારે સારું સામાજિક જીવન જીવી શકીએ છીએ અને વધારે કુશળ, સમર્થ અને આત્મીયતાભરેલો વ્યવહાર કરી શકીએ છીએ. ઉપરાંત અન્ય લોકોનો સ્વાભાવિક પ્રેમ પામીને કૃતકૃત્ય-ધન્ય બની શકીએ છીએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ઈશ્વરની આરાધના આવી હોય

નિર્જીવ પથ્થરની પૂજાને જો આપણે ઈશ્વરની આરાધના ગણતા હોઈએ તો ઈશ્વરના સાકાર સ્વરૂપને વિરાટ બ્રહ્મની સેવાને શું કહેવું જોઈએ ? છાશવારે આવા તર્ક-વિતર્કો થતા રહે છે અને કોણ સાચું ? કોણ ખોટું ? શું અપનાવવા જેવું છે ? શું ત્યાગવાલાયક છે ? – એનો વિવાદ ચાલતો જ રહે છે. લોકસેવકોની જીવનશૈલી અને તેનાં પરિણામો જોઈને એ જ નિર્ણય કરવો પડે કે, જનકલ્યાણ અને લોકસેવા સિવાય બીજું કોઈ કાર્ય એવું નથી કે જેને ઈશ્વરની સર્વોત્તમ આરાધના કહી શકાય. વખતોવખત બનતા કેટલાય પ્રસંગો આ તથ્યને અનુમોદન આપતા રહે છે.

પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લાની આ ઘટના છે. ત્યાંના હરસોલા નામના એક ગામમાં મોગલોના જમાનામાં ક્યાંકથી આવીને એક ક્ષત્રિય કુટુંબ વસ્યું હતું. ભાનુરાય ઘરનો મુખ્ય માણસ હતો. તેના પુત્રનું નામ પ્રતાપરાય હતું. પ્રતાપરાયમાં તેના માતા અને પિતાના સદ્‌ગુણોનો અદ્‌ભુત સમન્વય થયો હતો. પિતા પરોપકારી અને દાનવીર હતા તો માતા કુસુમીની મમતા સામાન્ય માણસોમાં જવલ્લેજ જોવા મળે એવી વિરલ હતી. તેને બારણે ટહેલ નાખનારને કદી ભૂખ્યા પાછા ફરવું નહોતું પડતું. બીજા કોઈને ત્યાં કદાચ તેમને ભોજન ન મળે એવું બને, પણ અહીં તો તેમની ભૂખ અવશ્ય ભાંગતી. માગ્યા વગર જ ભરપેટ ભોજન આપવું અને ઉપરથી કાચું સીધું આપવું એ એમનો નિયમ હતો. એને કારણે તેમને ઘેર કાયમ ભિખારીઓ અને માગણોની ભીડ લાગેલી રહેતી. કુસુમી ભિખારીઓની વ્યવસ્થા સંભાળી લેતી અને ભાનુરાય માગણોનાં દુઃખ-દર્દ સાંભળીને તેમની જરૂરિયાત મુજબ દરેકને જરૂરી ધન અને અન્ન આપતાં.

સંપત્તિ અને સત્કાર્યોનો સમન્વય છૂટોછવાયો કોઈક રડીખડી જગ્યાએ જ જોવા મળે છે. મોટેભાગે જ્યાં સંપત્તિ હોય છે ત્યાં કુટેવોનું કુચક્ર આફતની જેમ તોળાયેલું જ હોય છે. આ પરિવાર એમાં અપવાદરૂપ હતો. અહીં ધન અવશ્ય હતું, પણ તેની સાથે સંકળાયેલા વ્યસન કે દુર્ગુણોનું નામોનિશાન હતું નહીં.

પ્રતાપરાય પર પિતાના આવા સુસંસ્કારોની ઊંડી છાપ હતી. તેનામાં પરોપકાર, સદાચાર, સદ્‌વર્તન, કરુણામય પ્રેમ અને દાનવૃત્તિ – આ બધા ગુણોનો ભંડાર હતો. તેને માતા પાસેથી લાગણી અને પિતા પાસેથી પરમાર્થ-પરાયણતાના ગુણો મળ્યા હતા. એ બંનેના મિશ્રણથી એનું વ્યક્તિત્વ એટલું દીપતું હતું કે જે આજે માત્ર કહેવા-સાંભળવાની વાત જેવું જ લાગે. ધાર્મિકતા તેને વારસામાં મળી હતી. તે ઈશ્વરનો અનન્ય ભક્ત હતો. સેવાકાર્ય કરતાં જે સમય મળતો તે બધો પ્રતાપરાય પ્રભુભક્તિમાં વ્યતીત કરતા. તેઓ ઉચ્ચકક્ષાના તપસ્વી પણ હતા. જાતે દુઃખ વેઠીને બીજાને સુખ આપવાનું તેમને બહુ ગમતું. પોતાનાથી બીજાને સહેજ પણ તકલીફ ન પડે એમ તે ઇચ્છતા. સાદું ખાવું અને સાદું પહેરવું એ તેમનો જીવનમંત્ર હતો. એમને ક્યારેય એનાથી વધારે મેળવવાની જરૂર પણ ન લાગી અને એમણે એવી ઇચ્છા પણ ન રાખી. તેઓ ધારત તો મોજશોખ પાછળ ધન વાપરી શકે એમ હતા. પરંતુ તેઓ કાયમ એમ કરવાથી દૂર રહેતા.

જેણે સંતોષના સુખનો સ્વાદ ચાખી લીધો હોય તેને વધારે મેળવવાનું કોઈ મહત્ત્વ લાગતું નથી અને જેને ધનની લાલચ જાગે તેને માટે કુબેરભંડાર પણ ઓછો પડે. પ્રતાપરાય ઓછામાં સંતોષ માનનારા હતા. તેમની નજર સામે બીજાં ગામોના જમીનદારો ધન એકઠું કરવામાં અને કોઠારો ભરવા પાછળ તેમની ઊંઘ હરામ કરતા હતા, ત્યારે તેમનું કુટુંબ હોય એટલું બીજાને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આપીને તેમને સુખી કરીને આનંદમગ્ન રહેતું. ગામના લોકો આ પરિવારની કૃતજ્ઞતાના ભાર હેઠળ એટલા દબાયેલા રહેતા કે હવે તો તેમની મદદ લેવામાં પણ સંકોચ કરતા. તેથી હવે લોકો જરૂર પડે ત્યારે પોતાની સોના-ચાંદીની કોઈ વસ્તુ એમને ત્યાં મૂકતા અને બદલામાં જરૂરી ધન લેતા. આમ ગિરવે લેવાનો ધીરધાર કરવાનો કાંઈ રાય પરિવારનો ધંધો નહોતો. એ તો ગામલોકોએ પોતાના સંકોચ દૂર કરવા અને પૈસા લેવામાં નાનમ ના લાગે એટલા માટે એમની મેળે જ એવું કરવાનું રાખ્યું હતું. તેમ છતાંય તેને માટે 'ગિરવી' શબ્દ યોગ્ય ના ગણાય  કારણ કે એમાં તો વસ્તુની કિંમતની સામે મદદ મળે છે. જ્યારે અહીં તો એવું કાંઈ હતું જ નહીં. પ્રતાપરાય પૈસા માગનારની કોઈ પૂછપરછ પણ કરતા નહોતા કે તેમના દરદાગીના જોતા પણ નહીં. બસ, તેની જરૂર જેટલી રકમ મળી જતી. આ ઉપકારવૃત્તિ પિતા ભાનુરાયના વખતથી ચાલી આવી હતી અને પ્રતાપરાય પણ એ જ રીતે તેને નિભાવતા હતા.

હવે તો પરિવારમાં માત્ર પ્રતાપરાય અને તેની પત્ની જ રહી ગયાં હતાં. માતા-પિતાનું અવસાન થઈ ગયું હતું, પરંતુ તેમણે રોપેલો સેવાકાર્યનો છોડ હવે વટવૃક્ષની માફક વિકસી ગયો હતો. માતાપિતાના સમયમાં તેમને ત્યાંથી માત્ર ભિખારીઓને જ ભોજન મળતું. પરંતુ પ્રતાપરાયે તેને સદાવ્રતનું સ્વરૂપ આપ્યું હતું. તેમને ત્યાં ભિખારીઓ ઉપરાંત, લાચાર, અનાથ, નિરાધાર, ગરીબ - ગુરબાં– દરેકને ભોજન મળતું. ગરીબો તો ઘણે દૂરથી તેમની પાસે મદદ માગવા આવતા. પહેલાં માત્ર ગામના લોકો જ આવતા. પરંતુ હવે તો તેમની સેવાની સુવાસ બહારગામ પણ ફેલાઈ ચૂકી હતી. પ્રતાપરાય પણ છૂટે હાથે, કોઈ પણ જાતની પૂછપરછ વિના, જેને જેટલી જરૂર હોય તે પ્રમાણે મદદ કરતા. તેમનાં નામ-ઠામ એક ચોપડામાં લખી લેવાતાં. અમાનત રૂપે આવતી વસ્તુઓ રાખવા માટે પ્રતાપરાયે દીવાનખંડમાં લોખંડનો એક મોટો પટારો મૂકાવ્યો હતો. સૌ કોઈ પોતાની જણસ પોતાના નામઠામ સાથે એમાં મૂકી જતા અને પોતાની સગવડ પ્રમાણે જ્યારે પણ પૈસા પાછા આપવા આવતા ત્યારે પોતાની મેળે જ તે પટારામાંથી પોતાની અમાનત કાઢીને લઈ જતા. પ્રતાપરાય પૈસા લેતી વખતે કે દેતી વખતે - એકેય વખત એ દાગીનાઓ સામું જોતા પણ નહીં. બધું જ મદદ માંગનારાઓની પ્રામાણિકતા ઉપર છોડી દીધું હતું.

દરેક જણ બીજા માણસોને પોતાના જેવા જ ધારતો હોય છે. સજ્જનો બધાયને પોતાના જેવા સજ્જન જ ધારતા હોય છે. પરંતુ કોઈની ધારણામાત્રથી દુનિયા તો બદલાતી નથી. જે જેવો હોય છે, તેવો જ રહે છે. લુચ્ચો માણસ બીજાની ધારણા હોય તો પણ ક્યારેય સજ્જન બનતો નથી. તે તો મોકો મળવાની જ રાહ જોતો હોય છે અને લાગ આવે ત્યારે સઘળું હડપ કરી જ લે છે. પ્રતાપરાય સાથે પણ એમ જ બન્યું. તેમની સરળતા અને પ્રામાણિકતા જોઈને કેટલાક લોકોની દાનત બગડી. ચાર ઠગોએ તેમને છેતરવાનું કુચક્ર ગોઠવી કાઢ્યું. એક જણાએ પોતાના ડબ્બામાં અને બીજા ત્રણેયે પોતાની થેલીઓમાં કાંકરા-પથ્થર ભર્યા. પછી વારાફરતી પોતપોતાના ડબ્બા અને થેલીઓ લઈને પતાપરાયને ત્યાં ગયા અને તેને પટારામાં મૂકીને રૂપિયા લઈને જતા રહ્યા.

યોજના પ્રમાણે થોડા દિવસો પછી તેમાંનો એક જણ પાછો આવ્યો. રૂપિયા પાછા આપતી વખતે પટારામાંથી પોતાનો ડબ્બો કાઢ્યો અને ત્યાંનો ત્યાં જ ખોલી નાખ્યો. તેમાંથી કાંકરાપથરા કાઢીને જમીન ઉપર નાખીને રડારોળ કરવા લાગ્યો. પ્રતાપરાયને કેટલાંય કટુવચનો સંભળાવીને પોતાના દાગીના પાછા માગ્યા. પ્રતાપરાય તો બેબાકળા થઈ ગયા. તેમણે સમજાવવાની ખૂબ કોશિશ કરી કે તે તો ક્યારેય કોઈની વસ્તુ સામે નજર પણ નાખતા નથી. પરંતુ તેને સમજવું જ નહોતું


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તેથી તેણે કોઈ પણ વાત ધ્યાન ઉપર જ લીધી નહીં. એ દરમિયાન બાકીના ત્રણ જણ પણ આવી પહોંચ્યા. તેમણે પણ એવું જ નાટક કર્યું. તેઓ એકબીજા સાથે ભળેલા છે કે ઓળખે છે તેવું એ લોકોએ જાહેર થવા ના દીધું. ચારેયના ડબ્બા-થેલીઓમાંથી કાંકરા પથરા નીકળેલા જોઈને લોકોને પણ ખાતરી થઈ ગઈ કે પ્રતાપરાયે જ ચોરી કરી છે. બધા તેને ગાળો દેવા લાગ્યા અને તેને લુચ્ચો, પાખંડી અને અપ્રામાણિક કહેવા લાગ્યા.

એ દિવસોમાં બંગાળમાં મુસલમાનોનું રાજ હતું. ચારેય ઠગોએ કાજીને લાલચ આપીને પહેલેથી જ સાધી રાખ્યો હતો. ન્યાયનો પ્રપંચ ગોઠવવામાં આવ્યો અને પ્રતાપરાયને જેલની સજા કરવામાં આવી. તેમના ઘરબાર, ધનસંપત્તિ અને જમીન જાગીર-બધું જપ્ત કરવામાં આવ્યું. પછીથી એ ચારે લૂંટારાઓએ કાજી સાથે મળીને તે બધું વહેંચી લીધું. પ્રતાપરાયની પત્ની માલતીને ઘરમાંથી કાઢી મૂકી. એટલે એ તો પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિ લઈને તેને પિયર જતી રહી. ગામલોકોએ કાજીને ફરિયાદ કરી એટલે તેને તેના પિયરથી પકડી મંગાવી. ભગવાનની મૂર્તિ ઉપરથી, સોનાના દાગીના ઉતારી લેવાયા. પછીથી માલતીને પણ જપ્ત માલમાંથી ચોરી કરવાના આરોપસર જેલમાં ધકેલી દીધી. જેલનો સિપાહી ભલો માણસ હતો. તેથી તેણે માલતીને પણ પ્રતાપરાયની સાથે જ પૂરી દીધી.

એમ કહેવાય છે કે જે લોકો બીજાને મદદરૂપ થાય છે તેમને જ ભગવાન મદદ કરે છે. રાય દંપતીને ઈશ્વર ઉપર દૃઢ વિશ્વાસ હતો. જેલમાં બેઠાંબેઠાં તેમણે વિચાર કર્યો કે, તેઓ નિર્દોષ તો છે જ, પરંતુ પરમાત્માને ત્યાં વગર ગુનાએ સજા કરવાની કોઈ વ્યવસ્થા જ નથી. નક્કી આ કોઈ પૂર્વજન્મના પાપનું પરિણામ હશે. બાકી જો પરમાત્માને ત્યાં એવું અંધેર ચાલે તો તો સૃષ્ટિનું સંચાલન ખોરવાઈ જાય અને તો પછી એને જગદ્‌વ્યાપી ન્યાયકારી સત્તા કહેતાં પણ લોકો ખચકાશે. તેને પરમપિતા કહેવાનો અર્થ જ એટલો કે, એ સર્વોપરી પિતાના વિચારો દુનિયાના સાધારણ પિતાઓ કરતાં ભિન્ન, ઉદાત્ત અને ઊંચી કક્ષાના હોય છે. સાંસારિક પિતાની નજરમાં તેનો એકાદ પુત્ર વહાલો-દવલો હોઈ શકે છે, પરંતુ પરમપિતાનો પ્રેમ તો બધા માટે એકસમાન હોય છે. તેના રાજમાં કોઈ જાતના ભેદભાવને કોઈ અવકાશ જ નથી.

આમ વિચારી તેઓ નચિંત થઈ ગયા અને પ્રભુભજનમાં લાગી પડ્યા. તેમની જગ્યાએ કોઈ બીજા હોત તો કદાચ અત્યાર સુધીમાં નાસ્તિક થઈ ગયા હોત. પરંતુ આસ્તિકતાની કસોટી આવા મોકા ઉપર જ થાય છે. એમાં માણસની શ્રદ્ધા કેટલી અડગ છે, વિશ્વાસ કેટલો અટલ છે અને તે ઈશ્વરના ન્યાયને કેટલી હદે સહન કરી શકે છે તે જોવામાં આવે છે. એમાંથી પાર ઉતરનારા દુન્યવી દૃષ્ટિએ ઘણું બધું ખોઈને પણ આત્માની દૃષ્ટિએ ઘણું બધું પામતા હોય છે. ભૌતિક ધન ગુમાવીને પરમધન મેળવવાનું સૌભાગ્ય એવાને જ પ્રાપ્ત થાય છે. જે ધન પરમધનની પ્રાપ્તિમાં બાધારૂપ હોય, એ શા કામનું ? રાયદંપતીએ પણ હવે એ તત્ત્વબોધ પામી લીધો હતો. તેમનું બધુંય લૂંટાઈ જવા છતાંય તેઓ સર્વોપરી સત્તા પામ્યા હતા. તેથી તેઓ પોતાને ધન્ય સમજતા હતા. આજે તેમને ઈશ્વરદર્શન થયું હતું. સાક્ષાત્કાર વેળાએ પ્રભુએ કહ્યું, "તમારા પૂર્વજન્મનાં શેષ પાપોને તમે આ કષ્ટ વેઠીને કાપી નાખ્યાં છે. હવે તમે મારા છો અને હું તમારો છું. તમે નચિંતપણે મારાં કાર્યો કરો." એટલું કહીને તેઓ અંતર્ધ્યાન થઈ ગયા.

પેલી બાજુ પેલા દુષ્ટ કાજી અને પેલા ચાર ઠગોના હાલહવાલ થઈ ગયા. તેમને પરમ ન્યાયકારી સત્તા તરફથી તેમનાં કુકર્મોની સજા મળી ગઈ. તેમને કોઢ લાગુ પડ્યો. થોડા દિવસોમાં જ તેમની દશા દયનીય થઈ ગઈ. તેમણે જે ધન લુચ્ચાઈથી હડપ કર્યું હતું, તેને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

હજી તો પૂરું ભોગવે તે પહેલાં તેમને પરિણામ ભોગવવું પડ્યું. કાજીની પત્ની બુદ્ધિશાળી હતી. આમ શી રીતે બન્યું હશે એ સમજતાં તેને વાર ન લાગી. તેનું મન વારંવાર કહેતું હતું કે આ બધું નિર્દોષ પ્રતાપરાયને પજવવાનું જ ફળ છે. તેણે કાજીને સમજાવ્યું કે હવે પ્રતાપરાયની માફી માંગવી એ જ એકમાત્ર બચવાનો ઉપાય છે. શક્ય છે કે તેની ક્ષમા મળવાથી કદાચ રોગ દૂર થઈ જાય. કાજીના ગળે આ વાત શીરાની જેમ ઊતરી ગઈ. તે અને ચારેય લૂંટારાઓ જેલમાં પ્રતાપરાય અને માલતી પાસે આવ્યા. બંનેને જેલમાંથી મુક્ત કર્યા. બધાએ તેમના પગમાં પડીને કરગરીને માફી માગી અને કહેવા લાગ્યા કે તમે બિલકુલ નિર્દોષ છો. અમે બધાએ મળીને તમારી ઉપર ખોટું આળ ચડાવ્યું હતું. હવે અમને ક્ષમા આપો અને અમારો રોગ દૂર કરવા માટે ભગવાનને પ્રાર્થના કરો.

પ્રતાપરાયે તેમને ઊભા કર્યા. તેમના શરીર ઉપર હાથ ફેરવતાં ફેરવતાં ભગવાનને પ્રાર્થના કરવા માંડ્યા. થોડો વખત એમ કર્યા પછી તેમનો રોગ દૂર થઈ ગયો અને તેની નિશાનીઓ પણ ગાયબ થઈ ગઈ ! તેમને જોતાં કોઈને પણ લાગે નહીં કે તેઓ કોઢથી રિબાતા હતા. એ જોઈને ગામલોકોને પણ સાચી વાતની ખબર પડી ગઈ. તેમણે પણ સાચી વાત જાણતા ન હોવાને કારણે પ્રતાપરાયને ખૂબ ગાળો દીધી હતી. એ વર્તનને કારણે દરેકને નાનીમોટી આધિવ્યાધિ ભોગવવી પડી હતી. હવે તેમને ખ્યાલ આવ્યો કે એ બધી તકલીફનું મૂળ કારણ શું હતું ? પ્રતાપરાયે સૌને માફ કરી દીધા.

કાજીએ તેમની બધી ધનદોલત પાછી આપી અને ઉપહાર પણ આપ્યા. પ્રતાપરાયે તે બધું ગરીબોમાં વહેંચી દીધું. પોતાને માટે જમીનનો એક નાનો ટુકડો રાખી, બાકીની જમીન ભૂમિહીન ખેડૂતોને વહેંચી દીધી. પતિ-પત્ની બંને એ જમીનમાંથી જે કાંઈ ઊપજે એની ઉપર જીવનનિર્વાહ કરવા લાગ્યા. પહેલાં તેઓ લોકોનાં દુઃખ દૂર કરતા હતા. હવે તેમણે લોકોના અંધકારને (અજ્ઞાન) દૂર કરવાનું શરૂ કર્યું. તે લોકોને સાચું જ્ઞાન આપવામાં લાગી પડ્યા.

કાજીએ પ્રતાપરાયથી પ્રભાવિત થઈને ત્યાં એક મહેલ બંધાવ્યો, જેનું નામ 'રાય કી ગઢી' રાખવામાં આવ્યું. આજે પણ તેના અવશેષ ત્યાં જોઈ શકાય છે.

આ વિરાટ વિશ્વને આસ્તિકતાની કર્મભૂમિ માનવામાં આવ્યું છે. અહીં હરતાં-ફરતાં માનવ-પૂતળાઓ ઈશ્વરની સાકાર મૂર્તિઓ છે. જેઓ તેની સેવા-સહાયતારૂપી પૂજા-ઉપાસના કરે છે તેમની ઉપર ઈશ્વરની અનુકંપા અવશ્ય વરસે છે. નિર્જીવ પથ્થરના ટુકડાની ચિહ્નપૂજા કર્યે રાખીને આજસુધીમાં કોઈ ક્યાં કશું પામ્યું છે ? જેને પણ કાંઈક મળ્યું છે તે ઉપાસનામાત્રનું પરિણામ નથી, પણ ચેતનાસંપન્ન મનુષ્યની 'સેવા' તરીકે ઓળખાતી પૂજાનો પ્રસાદ જ છે.

## ઋગ્વેદની સોનેરી સૂક્તિ

- **ના નો દ્વિક્ષત કશ્ચન ।**

  કોઈથી અમારી દુશ્મનાવટ ન થાય.
  શત્રુતાનો ભાવ જ્યાં રહે છે, ત્યાં અગ્નિની જેમ બાળે છે.

❑ ❑ ❑



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# એક વિચારે જ જીવનધારા બદલી નાખી

યુવરાજ ઉદયભાણ, મહારાજ પ્રસેનજિત અને મહારાણી બિંદુમતીના એકમાત્ર વારસ હતા. કુંવર ઉદયભાણ બાળપણથી જ તેજસ્વી, ધાર્મિક અને લાગણીશીલ પ્રકૃતિના હતા. મહારાજે કુમારને સારામાં સારું શિક્ષણ આપવાનો પ્રબંધ કર્યો. તે યુવાન થયા ત્યાં સુધીમાં તો તેમની નીતિકુશળતા અને બહાદુરી તેમજ તેમના કરુણાસભર અને સંમોહક વ્યક્તિત્વની ચર્ચા સુગંધની જેમ વાયુવેગે ચોમેર પ્રસરી ગઈ.

જુદા જુદા કેટલાય દેશોના રાજાઓ પોતપોતાની રાજકુમારીઓના માંગા મહારાજ પ્રસેનજિત આગળ મૂકતા. પરંતુ કુમાર ઉદયભાણ દરેક વખતે એ વાત હળવાશથી લેતા અને હસી નાખતા. કુમારનો લાગણીશીલ સ્વભાવ તેમને લોકકલ્યાણનાં કાર્યો માટે ભેખ લેવા પ્રેરતો હતો. તેઓ પોતાની જાતને કરુણાવતાર ભગવાન તથાગતના ધર્મચક્રના ફેલાવા માટે સમર્પિત કરવા ઇચ્છતા હતા.

યુવરાજના આવા વિચારોને કારણે મહારાજા અને મહારાણીની ચિંતા વધતી જતી હતી. પોતાનો એકનો એક પુત્ર પણ જો લગ્ન માટે રાજી ના હોય તો વંશવેલો કેવી રીતે આગળ વધશે ? રાતદિવસ તેમના મનને આ જ ચિંતા કોરી ખાતી. છેવટે માતાપિતાના વારંવારના આગ્રહને માન આપીને અને તેમની પરેશાની જોઈને કુમાર ઉદયભાણ લગ્ન માટે રાજી થઈ ગયા.

વસંત ઋતુનો સમય હતો. વિદર્ભની રાજકુમારી તેમના નગરમાં પોતાની સખીઓ સાથે વસંતોત્સવ મનાવવા આવી હતી. બધી રાજકુમારીઓમાંથી રાજકુમારી રાજેશ્વરીના શીલ, સૌંદર્ય અને સદ્‌ગુણ જોઈને કુમાર અને તેમના માતાપિતાએ તેને પસંદ કરી લીધી. બન્નેય પક્ષો તરફથી લગ્નની તૈયારીઓ થવા લાગી અને છેવટે નક્કી કરેલા દિવસે જાન લઈને કુમાર ઉદયભાણ વિદર્ભ પહોંચ્યા.

તે દિવસોમાં રાજકીય ભોજનસમારંભોમાં દારૂ અને માંસનો છૂટથી ઉપયોગ કરવામાં આવતો. તેના વગર ભોજનને અધૂરું ગણવામાં આવતું. એટલે મહેમાનગતિ માટે તેનો ઉપયોગ અવશ્ય કરવામાં આવતો. વિદર્ભના મહારાજાએ જાનૈયાઓની આગતાસ્વાગતાના આ પ્રયોજન માટે ઘણાં બધાં પશુ-પંખીઓને પાંજરામાં પૂરી રાખ્યાં હતાં. જે માર્ગેથી જાન નગરમાં દાખલ થઈ રહી હતી, તે જ માર્ગ પર બાજુની કોઈક જગ્યાએ પાંજરાઓમાં પૂરાયેલાં એ પશુપંખીઓ કરુણ ક્રંદન કરી રહ્યાં હતાં.

વરરાજા બનેલા કુમાર ઉદયભાણના કાનમાં તે મૂંગાં પશુપંખીઓની કરુણ ચિચિયારીઓ ગુંજવા લાગી. તેમનું હૈયું દયાથી ભરાઈ આવ્યું. તેમણે સારથિને પૂછ્યું, “આ પ્રાણીઓને પિંજરાઓમાં શા માટે કેદ કરવામાં આવ્યાં છે ?” સારથિએ જવાબ આપ્યો, “યુવરાજ, મહારાજે જાનૈયાઓના આતિથ્યસત્કાર માટે આ બધાં પશુપંખીઓને એકઠાં કર્યાં છે.”

ઉદયભાણનું હૈયું બળવો પોકારી ઊઠ્યું. તેમના મોઢામાંથી અનાયાસે શબ્દો સરી પડ્યા – હાય ! મારા માટે આટલાં બધાં મૂંગાં પ્રાણીઓનો વધ ! આ યોગ્ય નથી. હું લગ્નના પ્રેમસૂત્રમાં બંધાઈ રહ્યો છું ત્યારે મારે ખાતર આટલા બધા જીવો મૃત્યુપાશમાં બંધાયા છે ! મારા આનંદ-ઉલ્લાસનો પાયો આટલા બધાં અબોલ પ્રાણીઓના દુઃખ અને આક્રંદ ઉપર નંખાયો હોય તો એને, હું ઉલ્લાસ કઈ રીતે કહી શકું ? નહીં ! કદાપિ નહીં !’ અને તરત જ તેમણે સારથિને રથ પાછો વાળવા આદેશ આપ્યો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સારથિએ થોડી હિંમત કરીને કહ્યું, "મહારાજ, તમારી તો બધા આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, રથને કેવી રીતે પાછો લઈ જવાય ? તો તો જાન વરરાજા વગરની થઈ જાય !"

"કોની જાન અને કોનાં લગ્ન ? મારે આ રીતના લગ્ન કરવાં જ નથી. તમે તાત્કાલિક રાજધાની પાછા ફરો." ઉદયભાણના કહેવાથી સારથિએ રથને પાછો વાળ્યો અને પોતાની રાજધાની તરફ હંકારી મૂક્યો. જાનૈયાઓમાં ખળભળાટ મચી ગયો. એકાએક શું બની ગયું. તેની કોઈને ખબર ન પડી. બધા પોતપોતાની રીતે અનુમાન કરવા લાગ્યા, પણ ઉદયભાણની આટલી ઊંડી અહિંસક કારુણ્યસભર મનોભાવના સુધી કોઈ પહોંચી શક્યું નહીં. એક બાજુ મહારાજા પ્રસેનજિત દોડ્યા, બીજી બાજુથી વિદર્ભનરેશ અને તેમના કુટુંબીઓ.

ઉદયભાણના રથને અટકાવવામાં આવ્યો અને બધાએ વિવેકથી પાછા ફરવાનું કારણ પૂછ્યું. કુમારે ખૂબ વિનયપૂર્વક જવાબ આપ્યો, "આમાં કન્યાપક્ષની કોઈ ભૂલ નથી કે નથી મારા પિતાજીનો વાંક. કન્યામાં પણ કોઈ દોષ નથી કે નથી આગતા-સ્વાગતામાં ખામી. પરંતુ મારે ખાતર આટલાં બધાં લાચાર અબોલ પ્રાણીઓનો બલિ ચડાવાય, એવું હું ઇચ્છતો નથી. મને જેમ સુખ વહાલું છે, તે જ રીતે સંસારનાં સમસ્ત પ્રાણીઓને પણ હોય જ. માત્ર જીભના ક્ષણિક સ્વાદ માટે અને સંતોષ માટે આટલા વિશાળ પ્રમાણમાં પશુવધ ક્યારેય કોઈ રીતે યોગ્ય ન ગણાય. મારો અંતરાત્મા એનો વિરોધ કરે છે.

લાખ મનાવવા-સમજાવવા છતાંય ઉદયભાણ લગ્ન માટે રાજી ન થયા. તેમણે કહ્યું, "જે સમાજ આટલી હદે કુરિવાજો અને ખોટાં કાર્યોમાં ખૂંપેલો હોય, તેમાં મને ભોગવિલાસનું જીવન જીવવાનો કોઈ અધિકાર નથી. મારું સ્થાન તો ભગવાન તથાગતનાં ચરણોમાં છે. હું આજથી મારું જીવન લોકકલ્યાણ માટે સમર્પિત કરું છું.

આ બાજુ રાજકુમારી રાજેશ્વરી કુમાર ઉદયભાણ જેવો પતિ પામવાથી ખૂબ હરખાતી હતી અને પોતાને ધન્ય માનતી હતી. તેને માટે આજનો દિવસ ઉમંગનો દિવસ હતો, પણ તેને ક્યાં ખબર હતી કે તેના આનંદ-ઉલ્લાસ પર આવી રીતે પાણી ફરી વળશે. તેને જ્યારે ખબર પડી કે કુમાર ઉદયભાણ લગ્નમંડપ તરફ આવતાં આવતાં પાછા વળી ગયા અને લાખ મનાવવા છતાંય પાછા ફર્યા નથી. ત્યારે તે બેહોશ થઈને જમીન ઉપર ઢળી પડી.

ઘણા વખત પછી જ્યારે તે ભાનમાં આવી ત્યારે તેને ધીમેથી સમજાવીને આખી વાત જણાવવામાં આવી. તેની માતાએ કહ્યું, 'બેટી રાજેશ્વરી ! હજી સુધી તારાં લગ્ન થયાં ન ગણાય અને લગ્ન પહેલાં સ્ત્રી સ્વતંત્ર હોય છે. તું ગભરા નહીં, અમે તારા માટે એક એકથી ચઢિયાતા મૂરતિયાઓ શોધી કાઢીશું. તું ચિંતા ન કર. આ રીતે પોતાની જાતને કોઈની સાથે બાંધીને દુઃખી ના કરાય.

રાજેશ્વરીએ થોડું વિચાર્યા પછી શાંત અને સ્વસ્થ અવાજે જવાબ આપ્યો, "માતા, લગ્ન શું માત્ર અગ્નિની પ્રદક્ષિણા કરવાથી જ થયાં ગણાય ? ઉદયભાણ માત્ર મારી સાથે લગ્ન કરવાના હેતુથી જ અહીં આવ્યા હતા. એનાથી વિશેષ લગ્ન વળી કેવાં ? તેઓ મને છોડીને સંસારનાં તમામ પ્રાણીઓને અભયદાન આપવાનો સંકલ્પ લઈને ગયા છે. તેમણે યુગાવતાર ભગવાન તથાગતના ધર્મચક્રને ખાતર જાતને સમર્પિત કરી દીધી છે. તેનાથી સારી બાબત બીજી વળી કઈ હોઈ શકે ? તેઓ પોતાનું કલ્યાણ તો કરી જ રહ્યા છે, ઉપરાંત સંસારનું પણ. હું પણ ભગવાન બુદ્ધની શરણમાં જઈને આત્મનોમોક્ષાર્થ જગદ્દહિતાયના જીવનમંત્રની સાધના કરીશ. પોતાનો આવો નિર્ણય જાહેર કરીને રાજકુમારી રાજેશ્વરી પણ લોકકલ્યાણની સાધના માટે નીકળી પડી.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# દેવાલયો જનજાગરણનાં સક્રિય કેન્દ્રો બને

ભારતવર્ષમાં ઠેર ઠેર દેવાલયો મંદિરો જોવા મળે છે. એમના નિર્માણનાં મુખ્ય ધ્યેયો હતાં જનમાનસમાં ધર્મધારણાનો વિસ્તાર, આસ્તિકતાની ભાવનાનું જાગરણ અને જતન તેમ જ સત્પ્રવૃત્તિ-સંવર્ધન. સ્થાપિત દેવપ્રતિમાઓની પૂજાઅર્ચનાનો હેતુ હતો કે જનજનના માનસમાં ભરાયેલ કુવિચારો, દુર્ભાવો નીકળી જાય તથા ઈશ્વરભક્તિના માધ્યમથી વ્યક્તિ સદ્‌ગુણી સુસંસ્કૃત તેમ જ વ્યવસ્થિત બને.

મંદિરોમાં માત્ર દેવપૂજન ન થતાં, લોકકલ્યાણ માટેની સર્વગ્રાહી રચનાત્મક પ્રવૃત્તિઓ પણ પાંગરતી હતી. દેવાલયોનું સ્વરૂપ એક પ્રકાશસ્તંભ, લાઈટહાઉસ જેવું રહેતું. ત્યાં વિવિધ ક્ષેત્રોનાં માનવીય ઉત્કર્ષ તેમ જ કલ્યાણનાં બધાં જ સંભવ આયોજનો થતાં. દેવાલય-રૂપી ધર્મસંસ્થાઓ તે દરેક સત્પ્રવૃત્તિઓનું કેન્દ્ર રહેતી હતી જે-તે સમયે આવશ્યક દૃષ્ટિએ ઇષ્ટ માનવામાં આવતી. દેવાલયોનો ઉપયોગ દેવસંસ્કૃતિનાં નિર્ધારણોને જન જન સુધી પહોંચાડવામાં, રાષ્ટ્રના બૌદ્ધિક ભાવનાત્મક ઉત્થાનમાં અને વિદ્યાવિસ્તારની પ્રક્રિયા માટે થતો. ઋષિગણ ત્યાં રહીને દર્શનાર્થી શ્રદ્ધાળુઓને પ્રતીકોના માધ્યમ દ્વારા શિક્ષણ આપતા અને આ રીતે પુરાતન ભારતનું સાંસ્કૃતિક ગૌરવ અખંડિત બની રહ્યું હતું.

સાધુ-બ્રાહ્મણ પરંપરામાં ભ્રમણ કરનારા પારિવ્રાજકો તીર્થયાત્રીઓ આ પાવન તીર્થસ્થળોએ વિહાર કરીને આગળ વધતા. એમનો ઉદ્દેશ વિશ્રામ નહિ પણ જનતાના માનસિક સ્તરનો, ભાવસંસ્થાનનો તથા ચારિત્રિક સ્તરનો મૂલ્યાંકન કરવાનો રહેતો. તેઓ પોતાના જીવનમાં ઉતારેલ આચરણ દ્વારા જે ઉપદેશ આપતા એ જન-સાધારણના માનસમાં ઊંડે ઊંડે ઊતરી જતો. એ રીતે આ દેવાલયો સત્પ્રવૃત્તિ-સંવર્ધનના વિશિષ્ટ ઉદ્દેશ્ય માટે વિનિર્મિત એક પ્રકારના ધાર્મિક કિલ્લા સમાન સરકિટહાઉસ સમાન ગણી શકાય.

લાંબા સમય સુધી મંદિરો અને તીર્થ દેવાલયોનું આવું વિશુદ્ધ સ્વરૂપ જળવાઈ રહ્યું. પરંતુ આજે સ્થિતિ વિપરીત જોવા મળે છે. આજે આ સમગ્ર તંત્રમાં બધી જ વિકૃતિઓ વિદ્યમાન છે. જેમની કલ્પના પણ કરવી મુશ્કેલ છે. આજે દેવાલયો, એમાં પ્રતિષ્ઠિત મૂર્તિ સ્વરૂપ વિદ્યમાન ભગવાનને નૈવેદ્ય, સ્નાન, આરતીની ભેટ ચડાવીને બદલામાં ઇચ્છા એ કરવામાં આવે છે કે સેવા કરનાર અથવા પ્રતિષ્ઠા કરનારને અનેકગણી સંપત્તિ મળે ભગવાનના રહેવા માટે ઉત્તમ સગવડ કરવાના બદલામાં પોતાને આ લોકમાં મોટા બંગલા અને સ્વર્ગમાં મોટા મોટા મહેલોનું એડવાન્સ બુકિંગ કરવાની શેખ-ચલ્લીની કલ્પનાઓને સાકાર કરવા માટે આજે ભવ્ય મંદિરો બાંધવામાં આવે છે. પૂજારીઓ મૂર્તિના શૃંગાર-ભોગ-આરતી કરીને છૂટકારો મેળવે છે. દર્શનાર્થીઓ પ્રતિમા દર્શન-નમન તથા પરિક્રમા દ્વારા દૈવી અનુગ્રહ તેમ જ વરદાનના પોતાને અધિકારી માને છે. અવનવા વાહનોમાં સવાર થઈ જે-તે દેવોનાં દર્શનની ઝાંખી કરતા જવું, ખિસ્સાં કાપવાં અને અશ્રદ્ધા તેમ જ થાક લઈને ઘેર પાછા ફરવું એ જ તીર્થયાત્રાનું સ્વરૂપ બની રહ્યું છે.

ધર્મ પ્રત્યે જનમાનસમાં ગાઢ શ્રદ્ધા વધારવાના ઉદ્દેશ્યથી નિમાર્યેલાં આ દેવાલયો જનજાગૃતિનું કેન્દ્ર બનવા જોઈતાં હતાં પરંતુ થયું એનાથી તદ્દન ઊલટું છે. નિત્ય નવા સર્જાતાં મંદિરો, એમના નામ પર ઉન્માદ તથા પારસ્પરિક વિવાદ, મુઠ્ઠીભર લોકો દ્વારા લોકોની ધાર્મિક ભાવનાનું દોહન કરી ધનસંચય થતો જોઈને લોકોની દેવાલયો પ્રત્યેની શ્રદ્ધા ધીમે ધીમે ઘટતી જાય છે. જો દેવાલયોનો વાસ્તવિક ઉપયોગ સંસ્કૃતિ તેમ જ જન-જનના નૈતિક ઉત્થાન માટે થયો હોત તો આજે શ્રદ્ધાના અભાવથી ગ્રસ્ત આ રાષ્ટ્ર આર્થિક તેમ જ ભૌતિક દૃષ્ટિએ પછાત રહ્યું ન હોત.

અનુમાનો કહે છે કે ભારતમાં જૂનાં અને નવાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મળીને લગભગ સાત લાખથી પણ વધુ મંદિરો છે. બધામાં તો નહિ પણ મોટાભાગનાં મંદિરોમાં પૂજારીઓ નિમાયેલા છે. કેટલાંક મંદિરો તો એવાં છે જેમનો ભોગ-પ્રસાદનો, શૃંગારનો, સ્વચ્છતા-રોશનીનો ખર્ચ મહિને લાખો રૂપિયા સુધીનો થાય છે. એ વાત જવા દઈએ તો પણ ઓછામાં ઓછા સરેરાશ ખર્ચની વાત કરીએ તો ભોગ-દીપક, સમારકામ, પૂજારીનું વેતન વગેરે મળીને દરેક મંદિર દીઠ મહિને પાંચસો રૂપિયાથી છ હજાર રૂપિયા સુધીનો થાય છે. આંકડા વિસ્તારીએ તો જાણવા મળે છે કે સાત લાખ મંદિરોનો માસિક ખર્ચ પાંત્રીસ કરોડ રૂપિયાથી લઈને ચાર અબજ વીસ કરોડ રૂપિયા સુધીનો થાય છે. આ આંકડા થાપણ મંદિરોના નિર્માણ તેમ જ સ્થાયી થાપણ વગેરેના ખર્ચથી અલગ છે. રાષ્ટ્રના વાર્ષિક બજેટની સમસ્ત રાશિનો ઘણો મોટો હિસ્સો એવાં મંદિરોમાં રોકાયેલો છે જ્યાં એનો યથાર્થ ઉપયોગ થતો નથી. જો આટલી વિશાળ ધનરાશિ તથા એની સાથે સંકળાયેલા ધર્મપુરોહિતોની વિશાળ જન-શક્તિનો સદુપયોગ રાષ્ટ્રીય પુનરુત્થાનમાં થઈ શકયો હોત તો એનું જાદુઈ પરિણામ જોવા મળત.

એક સમયે સમર્થ ગુરુ રામદાસે સમગ્ર મહારાષ્ટ્રમાં લગભગ આઠસો હનુમાન મંદિરો સ્થાપિત કર્યાં હતાં. એ મંદિરો સાથે જોડાયેલી વ્યાયામશાળાઓ સ્વાસ્થ્ય-સંરક્ષણનું શિક્ષણ આપતી હતી. મંદિરોમાં સેવા-પૂજા કરનારા મહંત પૂજારીઓ વાસ્તવમાં સમર્થ ગુરુની ધર્મસેનાના સૈનિકો માત્ર હતા. તેઓ મંદિરમાં હનુમાનજીની પ્રતિમાના પૂજન, વંદન, આરતી પ્રસાદની વ્યવસ્થાની સાથે સાથે એ પણ ધ્યાનમાં રાખતા કે અધર્મ, અનીતિનો નાશ અને ધર્મનીતિના રક્ષણ માટે સર્વસ્વ હોમી દેનાર હનુમાનજીની કૃપા માત્ર એમને મળશે જે એમના આદર્શોને અપનાવશે. દરેક દેવાલય આ કાર્ય યુગની જરૂરિયાત મુજબ ધર્મના સ્વરૂપે કોઈને કોઈ સત્પ્રવૃત્તિ ચલાવવા માટે કરતું હતું. ક્યાંક સંસ્કારોનું અભિવર્ધન થતું તો ક્યાંક સંતોના સમાગમની તેમ જ જન જનની સમસ્યાઓના નિરાકરણની પ્રવૃત્તિઓ ચાલતી. ક્યાંક સાક્ષરતા વિસ્તારથી લઈને વિદ્યા વિસ્તારની પ્રક્રિયા ચાલતી તો ક્યાંક લોકસેવીઓની તાલીમ. આજનાં મંદિરોમાં એવું કશું જ જોવા મળતું નથી. ક્યાંક ઘંટ-ઢોલ નગારાં વાગે છે, ક્યાંક એ પણ નથી. માત્ર કબૂતરો-ચામાચીડિયાં ફર્યા કરતાં હોય છે અને મંદિરના વિસ્તારને ગંદકીભર્યો કરી દેતા હોય છે. એવામાં લોકોની પોતાની શ્રદ્ધા ઊઠી જાય એ સ્વાભાવિક છે. આજની મુખ્ય જરૂરિયાત છે કે હવે વિનાવિલંબે આ પરિવર્તનચક્ર ગતિમાન થાય કે જેથી મંદિરોની ઉપયોગિતા સિદ્ધ થાય અને જન-જાગૃતિના મૂળ ઉદ્દેશો પૂર્ણ કરવામાં એમનું સક્રિય યોગદાન મળી રહે.

પરમપૂજ્ય ગુરુદેવે આ જ પરંપરાને પુનઃજીવિત કરવા માટે તીર્થ દેવાલયોના જીર્ણોદ્ધાર માટે ધર્મ-ચેતનાને ગામેગામ સુધી પહોંચાડવા તીર્થયાત્રા અભિયાનને-પરિક્રમા અભિયાનને ગતિશીલતા પ્રદાન કરી હતી કે જેથી નિષ્ક્રિય પડી રહેલાં દેવાલયોમાં ચેતના જાગૃત થાય. ત્યાં રચનાત્મક ગતિવિધિઓ શરૂ થાય અને હાલમાં જ્યાં માત્ર પૂજાઆરતીનો ઉપક્રમ ચાલે છે, ત્યાં નૈતિક ભાવનાત્મક તેમ જ રાષ્ટ્રીય ઉત્થાનની સક્રિય યોજનાઓ ઓછા-વત્તા અંશે શરૂ થાય. નવાં મંદિરોનું નિર્માણ જરૂરી પણ નથી અને ઔચિત્યપૂર્ણ પણ નથી. હવે તો આજ સુધી જે ઉપેક્ષા સેવાઈ એની ક્ષતિપૂર્તિ માત્ર થઈ શકે તો પ્રાયશ્ચિત્ત પૂર્ણ થયું ગણાશે.

જો ભારતના દર સાત ગામે એક મંદિરને ગણવામાં આવે તો પણ એક લાખ મંદિરોની દેખરેખ તેમ જ એમના પુનઃજીવનની વાત આવે છે. ભારતવર્ષ માટે પુરાતન ઈતિહાસમાં તો દરેક ગામને એક તીર્થ ગણવામાં આવતું. જો એટલું સંભવ ન બને તો જે દેવાલયો, પુરાતન તીર્થો ઋષિઓની પાવન તપોભૂમિઓ વિદ્યમાન છે, જેમના વિશે જાણકારી ઉપલબ્ધ છે એમાં જ સ્થાનિક નિવાસીઓના સહયોગથી સત્પ્રવૃત્તિ વિસ્તારનો કાર્યક્રમ ચલાવી શકાય છે. એ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

માટે પૂજ્ય ગુરુદેવે સાઇકલો દ્વારા અથવા વાહનો દ્વારા જનજાગરણની તીર્થયાત્રાની પરંપરા ચલાવી છે. પદયાત્રાને તીર્થયાત્રાને સાઇકલયાત્રાના રૂપમાં માન્યતા આપી છે. તીર્થયાત્રી ટોળીઓ પોતપોતાનાં સ્થાનોથી નીકળે અને સાત દિવસનો એક પ્રવાસ ફેરો બનાવીને એ પરિધિમાં આવનારાં બધાં જ દેવાલયોને કેન્દ્ર બનાવીને માર્ગમાં આદર્શ વાક્યલેખન કરતી કરતી આગળ વધે. દેવાલયો સાથે સંકળાયેલ વિસ્તારમાં પરિક્રમા કરીને યુગ સંગીત પ્રસ્તુત કરતાં કરતાં યુગ સંદેશ માટે બધાને મંદિરોમાં આમંત્રિત કરવામાં આવે. મંદિરોમાં આયોજિત મેળાવડામાં ઉદાહરણ સહિત દર્શાવવામાં આવે કે મંદિરોની સ્વચ્છતા મૂર્તિઓની સ્વચ્છતા તથા નિયમિત પૂજનની સાથે સાથે પ્રૌઢ શિક્ષણ, બાળસંસ્કાર કેન્દ્ર, ગંદકીનિવારણ, વ્યાયામ-શાળાઓ, નશાબંધી મિતવ્યયતા, સહકારિતા, વૃક્ષારોપણ જેવી સત્પ્રવૃત્તિઓના વિસ્તારની આજે કેટલી જરૂર છે. આ બધું હળીમળીને કેવી રીતે કાર્યાન્વિત કરી શકાય, તથા એ પ્રયત્નો દ્વારા ભરપૂર લાભ કેવી રીતે મેળવી શકાય. પીળાંવસ્ત્રધારી આ બધા જ તીર્થયાત્રીઓ પોતાના રહેવાની વ્યવસ્થા દેવાલયોમાં જ ગોઠવે અને બીજા પર આશ્રિત ન રહેતાં પોતાનું ભોજન પોતે જ બનાવે.

જો વાહનો દ્વારા પોતપોતાનાં સ્થાનોથી પરિજનો અધિક સંખ્યામાં તપોભૂમિની યાત્રાએ નીકળે તો આ યાત્રાને માત્ર પર્યટન સુધી સીમિત ન રાખતાં હેતુપૂર્ણ બનાવી શકે છે. તેઓ રસ્તે આવતાં મંદિરોનાં દર્શન પણ કરે અને એમાં જાગૃતિ લાવવાનો પ્રયત્ન પણ કરે. થોડો સમય રોકાઈને ત્યાં સત્પ્રવૃત્તિ વિસ્તારનું શિક્ષણ આપવાનો ક્રમ પણ ચલાવે. જો ઓછા સમયમાં એ શક્ય ન બને તો બધા મળીને એ સ્થાનની સફાઈ તો કરે જ કરે. પોતાનું શ્રમ ક્ષેત્ર વિસ્તારે. પોતાના જ હાથો વડે ભોજન બનાવીને પ્રસાદ પામીને થોડીવાર સંકીર્તન કરતાં કરતાં સંક્ષેપમાં પોતાના હેતુઓ ઉત્સુક જિજ્ઞાસુઓને દર્શાવતાં દર્શાવતાં આગળ વધે.

આ જનજાગરણ અભિયાનની પાછળનો મુખ્ય હેતુ તો ચારિત્રિક સામાજિક ઉત્કર્ષ માટે બનેલાં મંદિરોની સ્થાવર મૂડી તથા જનશક્તિની મૂડીને નિરર્થક જતી અટકાવવાનો છે. જ્યાં ગતિશીલતા છે ત્યાં જ જીવન છે. ધાર્મિકતાને જીવિત રાખવી હોય તો મંદિરોને પણ જીવિત રાખવાં પડશે. ત્યાં લોકસેવાની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું પડશે. એ માટે સ્થાનિક સ્તરે તો પ્રયાસો હાથ ધરાય જ પણ સાથે સાથે ધર્મપ્રચારની તીર્થયાત્રા દ્વારા મંદિરોમાં ચેતનાના પુનઃજાગરણની પ્રક્રિયા વિનાવિલંબે શરૂ થાય એ જ સમયની માંગ છે.

● ● ●

## સૂક્તિઓ, બેનરો અને સૂત્રો મોકલો

*યુગ નિર્માણ પરિવારના પરિજનોએ ક્રાંતિ વિશેષાંક (જૂન ૧૯૯૭) અવશ્ય વાંચી લીધો હશે. એમાં સાત ક્રાંતિઓ વિશેની કાર્યયોજનાનું સ્વરૂપ આપવામાં આવ્યું છે. લેખક, ગીતકાર, કવિ, સાહિત્યકારબંધુઓને નિવેદન કે તેઓ સાતે ક્રાંતિઓ વિશે સરઘસમાં પ્રયુક્ત કરી શકાય એવાં બેનરો અને સૂત્રો લખીને વ્યવસ્થાપક, વિચાર ક્રાંતિ અભિયાન, યુગ નિર્માણ યોજના, મથુરા-૩ ના સરનામે મોકલવાની તસ્દી લે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# રાજનીતિમાં આપણી ભૂમિકા

સ્વરાજ્ય મળ્યા પછી ગાંધીજી કૉંગ્રેસને બ્રાહ્મણ સંસ્થા બનાવવા માગતા હતા. એને લોકસેવક સંસ્થા બનાવવા માગતા હતા, કે જેથી જનતા અને શાસકની વચ્ચેની કડી બનીને અધિક મહત્ત્વપૂર્ણ ભૂમિકા સંપન્ન કરી શકે. આપણે એ જ સ્વપ્નોની પૂર્તિ કરવી જોઈએ. શાસનની જવાબદારી બીજાને સંભાળવા દઈએ પણ એમાં જ્યાં વિકૃતિઓ પ્રવેશી ગઈ છે ત્યાં એને સુધારવાનો સંભાળવાનો પ્રયત્ન નિરંતર કરતા રહીએ. આપણે એમ ન કહી શકીએ કે અમારો રાજનીતિ સાથે કોઈ સંબંધ નથી. આજે વ્યક્તિ અને સમાજની બધી જ સંભાવનાઓ ધીમે ધીમે શાસનમાં કેન્દ્રિત થતી જાય છે. શાસનતંત્રમાં અવાંછનીય તત્ત્વો ઘૂસી જશે તો જનતાનું ભૌતિક તેમ જ ભાવનાત્મક સ્તર પણ યોગ્યતા જાળવી નહિ શકે. તેથી એને પરિષ્કૃત બનાવવા માટે પોતાનું રચનાત્મક યોગદાન સઘન અને નિરંતર રીતે અપાવું જોઈએ. આ કાર્ય શાસનને પ્રત્યક્ષ હાથમાં લેવાને બદલે પરોક્ષ રૂપે એને પ્રભાવિત કરીને વધુ સારી રીતે કરી શકાય છે.

દરેક દુષ્કાર્યની વિરુદ્ધ કાયદો બનેલો છે. બધા માટે શિક્ષાની વ્યવસ્થા મોજૂદ છે. પરંતુ એનો અમલ યોગ્ય રીતે થતો નથી. ગુનેગારોના ગુના અટકતા નથી. એનું એક માત્ર કારણ છે — જન સાધારણની અવિકસિત મનઃસ્થિતિ. જો આંતરિક આસ્થામાં દુષ્પ્રવૃત્તિઓ ભરાઈ જાય તો કાયદાનું ઉલ્લંઘન કરતા રહેવાનો રસ્તો શોધવાની વૃત્તિ જોર પકડે છે.

સરકારી કર્મચારીઓ જનતામાંથી જ આવે છે. જેવા વાતાવરણમાં એ ઉછર્યા છે. જે કંઈ એમણે જોયું છે, સાંભળ્યું છે, શિક્ષણ સમજરૂપે મેળવ્યું છે એ અનુસાર જ ભ્રષ્ટ આચરણ કરવાની તૈયારી કરતા રહેશે. બહારથી નીતિ સદાચારની ન્યાય-વ્યવસ્થાની વાતો કહેવાશે - સંભળાશે પણ વ્યવહારમાં એનાથી ઊલટું કરવામાં આવશે. નીચેથી ઉપર સુધી જો આવી શૃંખલા મળી જાય તો વાંદરાએ દારૂ પીધા જેવી પરિસ્થિતિ ચરિતાર્થ થશે. વાંદરા આમેય ચંચળ હોય છે. વળી દારૂ પીએ તો કૂદાકૂદ વધી જાય. જો આ ભ્રષ્ટતારૂપી દારૂ શાસનથી લઈને વ્યાપાર સુધી, શ્રમિકથી લઈને ધર્મ પુરોહિત સુધીના લોકોનાં મનમાં ઘૂસી ગયેલો હશે તો દરેક જગ્યાએ અનાચારરૂપી ઉધામા દષ્ટિગોચર થશે. આ ઉધામાને આ અનાચારને પ્રજાતંત્ર કે કાનૂન રોકી શકશે નહિ. આને કાં તો આતંકનું શાસન રોકી શકે, કાં તો જન- માનસને પરિષ્કૃત કરનારો ધર્મ. એમાં પણ જો ગોળીથી ઉડાડનારા કે સજા સંભળાવનારા ભ્રષ્ટ હશે તો બીજાંકુર જ્યાં ના ત્યાં પડ્યા રહેશે. એ જ સ્વરૂપે પડ્યા રહેશે અને સમયાનુસાર એ શાસન-વ્યવસ્થામાં ઘૂસીને પાંગરશે. પ્રજાતંત્રમાં કઠોર કાયદાઓનો અમલ શક્ય નથી. તેથી પ્રજા નાગરિક તરીકેની પોતાની જવાબદારીનું વહન કરવામાં પ્રગાઢ શ્રદ્ધા રાખે.

લોકશાહી શાસનને જો સફળ બનાવવું હોય તો કાયદામાં - ન્યાયમાં સુધારણાનું કાર્ય એ સ્તરના લોકોની જવાબદારી પર સોંપીને આપણે જન-માનસના પરિષ્કારમાં જોતરાઈ જવું જોઈએ. વાસ્તવમાં આ જ સૌથી મોટી સુધારણા છે. લોકશાહીનું મૂળ જનતા છે. શાસન-સુધારણાની વાત મતદાતાઓથી શરૂ કરવી પડશે. મતદાતાને સમજાવવું જોઈએ કે મતદાન કરતી વખતે એ અનુભવ કરે કે એ રાષ્ટ્રનો કર્ણધાર છે. આ તક કેટલાંય વર્ષો પછી એના હાથમાં આવે છે. એ જ વખતે એ પોતાની 'શક્તિ' પાવરનો પ્રયોગ મતદાનના રૂપે કરી શકે છે. આ શક્તિનો ઉપયોગ કરતી વખતે એણે માનવું જોઈએ કે એ પ્રધાનમંત્રી કે રાષ્ટ્રપતિના પદ પર બેઠો છે અને કોઈ અત્યંત મહત્ત્વપૂર્ણ નિર્ણય લઈ રહ્યો છે. જે આટલું વિચારીને મતદાતા મત આપે તો જનતા જરૂરથી લોકશાહીનો લાભ યોગ્ય રીતે ઉઠાવી શકે છે. મતદાતાની નાદાની એની સામે ભ્રષ્ટતા સ્વરૂપે આવે છે અને એ સમયની ભૂલ માટે એણે પસ્તાતા રહેવું પડે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ચૂંટણીનો ખર્ચ પ્રતિનિધિના માથે ન પડવો જોઈએ. વિચારશીલ મતદાતાઓએ પોતે એ ખર્ચ ભોગવવો જોઈએ. આપણે વ્યક્તિગત મુકદ્દમામાં પોતાના પૈસે વકીલ નિયુક્ત કરીએ છીએ એ જ રીતે સામૂહિક વકીલને પણ પોતાના ખિસ્સામાંથી ખર્ચ કરવા ન દેવો જોઈએ. જ્યારે કોઈ વ્યક્તિ કહે કે મને તમારા મુકદ્દમામાં વકીલ બનાવી લો એ માટે આટલો ખર્ચ કરવા હું તૈયાર છું તો સમજી લેવું કે દાળમાં કંઈક કાળું છે. મતદાતાને આ પ્રારંભિક વિચારશીલતાથી પરિચિત કરવો જોઈએ અને દર્શાવવું જોઈએ કે જો નાદાન કે ભ્રષ્ટ વ્યક્તિઓને વોટ આપ્યો તો એ પોતાના પગ પર કુહાડી મારવા બરાબર હશે. એનું પરિણામ લાંબા સમય સુધી ભ્રષ્ટ શાસનના સ્વરૂપે ભોગવવું પડશે. ચૂંટણીમાં જો નીતિવાન, વિચારવાન અને સેવાભાવી વ્યક્તિઓ જ ચૂંટાઈ શકે એ માટે પોતાના પૈસા ખર્ચ કરવા પડે તો સમજી લેવું કે શાસનની અડધી શુદ્ધિ થઈ ગઈ. આના કારણે શાસનના અંતર્ગત કાયદાના પાલનમાં પણ પ્રામાણિકતા જોવા મળશે. મતદાતાને એની ફરજોનું ભાન કરાવવું એ સૌથી મહત્ત્વનું કામ છે.

વ્યક્તિની સુધારણા એ સમાજ તેમ જ શાસનની સુધારણા છે. એને સમજી શકાય તો અપરાધોનાં મૂળ કાપી શકાય છે અને સરકારનો ત્રણ ચતુર્થાંશ ભાર સહજ રીતે જ હલકો થઈ શકે છે. અવાંછનીય તત્ત્વોને સજા કરવાની સાથે સાથે અપ્રામાણિકતા અને ઉદ્દંડતા ન પાંગરી શકે એવું વાતાવરણ પણ જરૂરી છે. શાસનતંત્રની વિકૃતિઓ પર આપણે ચાંપતી નજર રાખવી જોઈએ અને જ્યાં પણ એ દેખાય ત્યાં સંઘર્ષ કરવો જોઈએ. પણ એટલા એકાંગી પ્રયાસથી કામ નહિ ચાલે. ગાડીનું બીજું પૈડું પણ હોવું જોઈએ. જનતાનો નૈતિક સ્તર ઉન્નત રાખવા માટે આપણે સજાગ અને તત્પર રહેવું જોઈએ.

એ ઉપરાંત શાસન સંબંધમાં કેટલીક ભૌતિક માંગો છે જેમને પૂર્ણ કરવા માટે આપણે નિરંતર પ્રયત્નો કરવા જોઈએ. એ સુધારણાના આધારો નીચે મુજબ છે - (૧) માધ્યમિક સ્તરનું શિક્ષણ અનિવાર્ય બને. પાઠ્ય-પુસ્તકોમાં ચારિત્ર્યવાન તેમ જ સમાજનિષ્ઠ બનાવનારાં તત્ત્વોનો સમાવેશ હોય. પ્રૌઢ શિક્ષણની વિશિષ્ટ યોજના બને. આગળનું શિક્ષણ કુશળ ઉદ્યોગી બનાવનારું હોય, રાત્રિ વિદ્યાલયો ખૂલે કે જેથી સ્વાધ્યાયી છાત્રો ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી શકે. દૂરવર્તી શિક્ષણનો લાભ સમાજના પછાત વર્ગોને મળે એવી વ્યવસ્થા થાય. સરકારી નોકરી માટે જેટલી વ્યક્તિ જરૂરી હોય એટલી જ પ્રશિક્ષિત કરવામાં આવે. બેકારી વધારનારી શિક્ષણ-પદ્ધતિ બંધ કરી દેવાય. રાષ્ટ્રભાષા ફરજિયાત બનાવી દેવાય. શિક્ષણમાં વિદ્યાર્થીને સ્વસ્થ, શારીરિક, માનસિક, આર્થિક દૃષ્ટિએ સમર્થ સ્વાવલંબી અને સમુન્નત બનાવે એવાં તત્ત્વોનો સમાવેશ થાય.

(૨) બેઠકો બહુ લાંબી ન હોવી જોઈએ. પ્રતિનિધિ પોતાના ક્ષેત્રમાં જનતા અને સરકારની કડી બનીને કામ કરે. વિધાનસભા વિચાર-વિનિમય માટે ચૂંટાયેલા પ્રતિનિધિ નિયુક્ત કરવામાં આવે. કામના માણસોને નકામી ચર્ચામાં રોકી રાખવાની વર્તમાન-પદ્ધતિ બંધ કરી દેવાય. મંત્રીઓની સંખ્યા ઓછામાં ઓછી હોય.

(૩) ન્યાય ઝડપી અને સસ્તો હોવો જોઈએ. અપરાધોમાં શિક્ષા અંગેના કાયદાઓનો કડક રીતે અમલ થાય. ન્યાય સમિતિઓ દરેક ક્ષેત્રમાં કામ કરે. તેઓ વાસ્તવિક અપરાધીઓ વિશે ગુપ્ત રીતે માહિતી મેળવે અને સજા કરે. ગુંડા તત્ત્વોથી ડરીને લોકો સાચી માહિતી આપવા તૈયાર થતા નથી. તેથી વર્તમાન કાનૂનની પકડમાં ગુનેગારો આવતા નથી. લાંચ-રુશવતની બદીઓના આશરે વકીલો એમને સજાથી મુક્ત કરાવી દે છે. અપરાધીઓને સજા કરાવવામાં સાધન-સંપન્ન સમિતિઓ પોતાના પ્રયાસો વડે ન્યાય અપાવે.

(૪) અપંગ, અસમર્થ, અસહાય લોકોના નિર્વાહની વ્યવસ્થા સરકાર પોતાના ખર્ચે ઉપાડે કે જેથી ભિક્ષાવૃત્તિ ન પાંગરે. અસહાય વૃદ્ધ લોકોને વૃદ્ધાવસ્થામાં પેન્શન આપવામાં આવે.

(૫) પગારમર્યાદા અને અધિકતમ આવક કેટલી હોય એનો નિર્ણય દેશની વર્તમાન સ્થિતિ જોઈને કરવામાં આવે. સમાનતાના મૂળભૂત સિદ્ધાંતને આઘાત પહોંચાડે એટલું અંતર એમાં ન હોવું જોઈએ.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

(૬) પ્રત્યેક સરકારી કર્મચારીને નિયત સમયે નિયત કાર્ય માટે ફરજ પાડવામાં આવે. લાંબા સમય સુધી કામ લટકાવી રાખવાની અને ટાળતા રહેવાની વર્તમાન વ્યવસ્થાનો અંત લાવવામાં આવે. અધિકારીઓ અને જનતા વચ્ચે કાર્યોનું આદાન-પ્રદાન એ પ્રકારનું હોય કે એમાં લાંચ લેવાની, દબાણ કરવાની, હેરાન કરવાની સંભાવનાઓ ન રહે. સરકારી કર્મચારીઓના આચરણની ઉચ્ચસ્તરીય ચકાસણી થતી રહે.

(૭) ચૂંટણી પ્રત્યક્ષ ન રહેતાં પરોક્ષ રૂપે થાય. પંચાયતો જિલ્લા પરિષદની, જિલ્લા પરિષદ પ્રાંતીય સભા એસેમ્બલીઓની અને પ્રાંતીય સભા લોકસભાની ચૂંટણીઓ યોજે.

(૮) નૈતિક દૂષણોની જેમ કુરીતિઓ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવે. એ જ રીતે કુરુચિ ઉત્પન્ન કરનારા સાહિત્ય પર અને કલા પર પણ પ્રતિબંધ મૂકાય. સ્વતંત્રતાના નામે ક્યાંય અવાંછનીયતા ચલાવી ન લેવાય.

(૯) સરકારી નોકરીઓમાં તદ્દન નવા યુવકોની ભરતી ન થાય, અનુભવ પ્રાપ્ત કર્યા પછી જ પરિપક્વતાના આધારે એમને જવાબદારી સોંપવામાં આવે. ઊંચાં પદો પર ૩૫ વર્ષથી, ઓછી ઉંમરની વ્યક્તિ ન જાય. દરેક કર્મચારીનો આરંભ નાનાં પદોથી થાય. એમને ક્રમશઃ ઉન્નતિ કરવાની તક આપવામાં આવે. શિક્ષણ જ નહિ વ્યક્તિગત ચારિત્ર્ય અને અનુભવ પણ મહત્ત્વપૂર્ણ પદો માટે આવશ્યક ગણાય. પ્રત્યેક સરકારી કર્મચારીને નિરક્ષરતા દૂર કરવા માટે ફરજ પાડવામાં આવે. એમ ન કરે તો એની ડિગ્રી તથા બઢતી સ્થગિત કરવામાં આવે.

(૧૦) સરકાર લૉટરી જેવા અનૈતિક ઉદ્યોગો ન ચલાવે. દારૂ તથા અન્ય નશા રોકવામાં આવે. ગૃહ-ઉદ્યોગોના વિકાસ, ઉત્પાદન તથા વેચાણમાં સહયોગ આપે. નાના ગૃહઉદ્યોગો સાથે પ્રતિસ્પર્ધા કરનારા મોટા ઉદ્યોગો પર પ્રતિબંધ લાદવામાં આવે. શહેરની ઉન્નતિની સરખામણી ગામડાંની ઉન્નતિ માટે વધુ ધ્યાન આપવામાં આવે અને એમનું પછાતપણું દૂર કરવામાં આવે.

આ સાધારણ સૂત્રો છે. આ સિવાય પણ સમયાંતરે જે સુધારણા જરૂરી લાગે એ કરવા-કરાવવા પર ભાર મૂકવામાં આવે. સરકારના માધ્યમથી દેશ જેટલો સુદૃઢ બની શકે છે. એના કરતાં બિનસરકારી પ્રયાસો દ્વારા વધુ પ્રગતિ, સમૃદ્ધિ, સંરક્ષણ અને સમતા દ્વારા પ્રગતિનાં લક્ષ્યાંકો સર કરી શકે છે. શાસનતંત્રમાં સીધી રીતે પ્રવેશ ન કરીને જન સ્તર પર રાષ્ટ્રને મજબૂત બનાવીને સરકારનો ભાર હળવો કરવો એ જ મુખ્યત્વે આપણી રાજનૈતિકતા છે.

*આત્મનિરીક્ષણ કરી શકવું અને પોતાની કમજોરીઓને જાતે જ સમજી લઈને તેની સામે લડવા માટે તત્પર રહેવું એ દરેક વ્યક્તિનું કામ નથી. મનસ્વી અને સાહસી લોકો જ આ બધું કરી શકે છે. બીજા લોકો તો પોતાની દુર્બળતાઓને સમજી જ નથી શકતા. જો કોઈ સમજાવે તો તેને દોષી અને શત્રુ માનીને તેને ખરાબ ગણે છે અને લડવા તૈયાર થઈ જાય છે. પોતાની કમજોરીઓને કારણે મળેલી અસફળતાને તેઓ બીજા પર ઢોળીને સ્વયં નિર્દોષ બનવા ઇચ્છે છે. મોટાભાગના લોકો આ રસ્તો અપનાવે છે. પણ આ આત્મવંચનાથી પરિસ્થિતિ બદલાતી નથી. પોતાના દુર્ગુણો જ પોતાની ઉન્નતિમાં સૌથી મોટા અડચણરૂપ બને છે. તેમને હટાવવાનો પ્રયત્ન નથી થતો, પરિણામે ઉન્નતિનું દ્વાર પણ નથી ખૂલતું. લોકો રોતાં-કકળતાં ભાગ્ય, ઈશ્વર, ગ્રહદશા, કળિયુગ વગેરેની ચર્ચા કરતા રહે છે અને પોતાના દોષ બીજાના માથે ઢોળીને કોઈપણ રીતે આત્મસંતોષ મેળવી લે છે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પરમ પૂજ્ય ગુરુદેવની અમૃતવાણી

# વિશિષ્ટ સમયને ઓળખો - રીતભાત બદલો

અમારી સાથે ગાયત્રીમંત્ર બોલો — ૐ ભૂર્ભૂવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્.

દેવીઓ, ભાઈઓ ! અત્યારે બહુ સંકટનો સમય છે. દાનવતા બધે જ ફેલાયેલી છે. અત્યારે તાડકા, કુંભકર્ણ, સુબાહુ - બધા પોતાનું તાંડવનૃત્ય કરી રહ્યા છે. અત્યારે મહાન માણસોએ મહાન કાર્યો કરવાનો સમય છે. આવા માણસોએ દરેક યુગમાં મહાન કાર્યો કર્યાં છે. મહાન કાર્યો મહાન માણસો જ કરી શકે છે. હલકા માણસો તો હલકાં કામ જ કરી શકે છે. મહાન કાર્યો કરવા માટે આત્માને જાગૃત કરવો પડે છે, તેને પ્રદીપ્ત કરવો પડે છે. હલકા કે નાના માણસો મહાન કાર્યો નથી કરી શકતા. જે કામ હાથી કરી શકે, તે નાનાં જીવજંતુઓ નથી કરી શકતા. સામાન્ય જીવનો ઉદ્દેશ્ય ફક્ત પેટ અને પ્રજનન — એટલો જ હોય છે. વિશિષ્ટ માણસોનો ઉદ્દેશ્ય એવો નથી હોતો. માણસ દેવતા બની શકે એમ હતો, પણ તેની ઇચ્છાઓ તેને બરબાદ કરી નાખે છે. તે કરોળિયાના જાળામાં ફસાઈને રફે-દફે થઈ ગયો. તે આખી જિંદગી માત્ર બે જ કામ પાછળ ખર્ચી નાખે છે— પેટ અને પ્રજનન. પરંતુ વિશિષ્ટ માણસો એમ નથી કરતા. તેની અંદર એક આંદોલન ઊઠે છે. તે સમયના પોકારને સાંભળ્યા વગર નથી રહી શકતો. તે સંકટો સામે ઝઝૂમવા માટે તૈયાર થઈ જાય છે.

મહર્ષિ વિશ્વામિત્ર દશરથ રાજાના દરબારમાં જઈ પહોંચ્યા. તેમણે કહ્યું કે આ સમય અસાધારણ છે. જો તમે આ બાળકોનું ભવિષ્ય બનાવવા માંગતા હો, તેને દેવતા બનાવવા ઇચ્છતા હો, તો અમને સોંપી દો. દશરથ રાજાએ કહ્યું - જેવી તમારી આજ્ઞા. વિશ્વામિત્ર એ બાળકોને લઈ ગયા અને ત્યારથી છેવટ સુધી એ બાળકોએ અસાધારણ કાર્યો કર્યાં. અસાધારણ માણસો અસાધારણ સમયમાં જ અસાધારણ કાર્યો કરે છે. રામ અને લક્ષ્મણે વિશિષ્ટ જીવન જીવી બતાવ્યું. તેઓ આદર્શવાદી અને સિદ્ધાંતવાદી હતા. આવા માણસો જ સમાજને નવો રાહ ચીંધી શકે છે અને લોકો એમના કંડારેલા માર્ગ ઉપર ચાલે છે. જ્યારે જરૂર પડી ત્યારે હનુમાનજી, સુગ્રીવ અને બીજા હજારો રીંછવાનરો એમની સાથે જોડાઈ ગયા. જો રામચંદ્રજી અયોધ્યામાં રહીને બીજા રાજા-મહારાજાઓની જેમ ભોગવિલાસમાં ડૂબ્યા રહ્યા હોત, તો તેમની વાત કોઈ પણ માનત નહીં. પરંતુ તેમના વિશિષ્ટ વ્યક્તિત્વને જોઈને હનુમાનજી પણ પ્રભાવિત થઈ ગયા અને અસાધારણ સમયમાં— સમુદ્ર કૂદી જવો, સીતાની શોધ કરવી, પર્વત ઉપાડી લાવવો. રામલક્ષ્મણને ખભે બેસાડી લઈ જવા— વગેરે કેટલાંય મહાન કાર્યો કરી બતાવ્યાં.

મોખરે બેસવાનો તથા મોખરાનાં કામ કરવાનો અવસર માત્ર અસામન્ય માણસોને જ મળે છે. એ લોકો જ વિશિષ્ટ સમયને ઓળખી શકે છે. સમયની અસાધારણતા સામાન્ય માણસને તો દેખાતી જ નથી, જણાતી જ નથી. ગુરુ ગોવિંદસિંહજી સમયની વિશેષતાને ઓળખી શક્યા હતા, કારણ કે તેઓ વિશિષ્ટ વ્યક્તિ હતા. તેઓ દેશને ગુલામીની બેડીઓમાંથી કઈ રીતે છોડાવી શકાય તે વિચારી શક્યા. તેમણે વિચાર્યું કે જો દરેક માણસ પોતપોતાનાં બાળકોને બહાદુર સૈનિકોની માફક કેળવે અને તેની પાસે એવાં જ કામ કરાવે તો સમાજમાં એક નવો આદર્શ સ્થાપિત થઈ શકે. તેમણે એ આવશ્યકતાની ગંભીરતા સમજી અને શરૂઆત પોતાનાથી જ કરવાનું નક્કી કર્યું. આવા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કામ માટે બીજાનાં સંતાનો માંગતા પહેલાં પોતાનાં બાળકોને જ તેમાં લગાડવાં એ વધારે યોગ્ય ગણાય. આમ વિચારીને તેમણે પોતાના ચારે દીકરાઓ વારાફરતી આ આંદોલનને સમર્પિત કરી દીધા. તેના પરિણામે ગુલામીની જંજીરો તોડવાના એ આંદોલનમાં ચાર લાખ લોકોએ ઝુકાવી દીધું. જ્યારે આંદોલને વેગ પકડ્યો ત્યારે જ તેમણે વિરામ લીધો.

## અસામાન્ય બનો, અવસરને ઓળખો

મિત્રો ! સ્વતંત્રતા-સંગ્રામના મંડાણ ક્યાંથી થયાં ? પંજાબમાંથી. આઝાદીની લડાઈમાં પોતાનો ફાળો આપનાર અને તેને જલદ બનાવનાર સૌથી પહેલા રાજા હતા - રણજીતસિંહ. ત્યારબાદ બીજા લોકો તેમાં જોડાતા ગયા. ગુરુ ગોવિંદસિંહ અને રણજીતસિંહ જેવા શૂરવીરો ધર્મક્ષેત્રે અને રાજક્ષેત્રે બંને મોરચે સહુથી આગળ રહ્યા. ત્યારબાદ જેમ જેમ સંગ્રામ જોર પકડતો ગયો તેમ તેમ લોકો તેમાં સહભાગી બનવા લાગ્યા. ઇતિહાસમાં નજર નાખતાં જણાય છે કે આવા અસાધારણ સમયમાં લોકોએ કુરબાની આપવી પડે છે. આ કામ જબરજસ્તીથી થતું નથી. પરંતુ લોકોની અંદર એક જોશ પેદા થઈ જાય છે અને તેઓ પોતાની મરજીથી બલિદાન માટે ઝંપલાવે છે. ગાંધીજીએ સૌથી પહેલાં જાતને આગળ કરી, તો ત્યારબાદ તેમની પાછળ લાખો માણસો બલિદાન માટે તૈયાર થઈ ગયા. મીઠાના સત્યાગ્રહ વખતે ગાંધીજીએ સાબરમતી આશ્રમથી દાંડીકૂચ આદરી ત્યારે ૭૯ જણ તેમની સાથે હતા. પછીથી લાખો લોકો તેમાં જોડાયા. જો ગાંધીજીએ આશ્રમમાં બેસી રહીને બીજાને હાકલ કરી હોત તો આમ ન થયું હોત. ગાંધીજી દરેક આંદોલનમાં મોખરે રહેતા. ગાંધીજીને જેલમાં પૂર્યા બાદ આખો દેશ ભડકે બળવા લાગ્યો. સ્વરાજ્યની ચળવળ ક્યાંથી શરૂ થઈ ? પોતાની જાતથી. આપત્તિકાળની સમસ્યાઓનો ઉકેલ કેવળ પોતાની જાત વડે જ થઈ શકે. આવાં હિંમતભર્યાં કાર્યો એવા અસાધારણ લોકો જ કરી શકે છે, જે અસાધારણ સમયને ઓળખી શકે છે.

મિત્રો ! અસામાન્ય માણસ પોતે જ આગળ ચાલીને સમાજને સમજાવે છે કે તેનો સિદ્ધાંત કેટલો મહત્ત્વપૂર્ણ છે. તેને માટે જાતનું બલિદાન આપવું પડે છે તો જ લોકો આગળ આવે છે. આવી હિંમત વિશિષ્ટ માણસ જ દાખવી શકે. લોકો પહેલાં એ માણસની પરખ કરે છે કે એ પોતાના સિદ્ધાંતમાં મક્કમ છે કે નહીં અને એવી કસોટીમાંથી પાર ઊતરે તો જ લોકો એના કહેવાથી મેદાને પડે છે. ભગવાન બુદ્ધે પોતાના વહાલા શિષ્યોને સૌથી પહેલાં ઘરબાર છોડવાનો આદેશ આપ્યો હતો. ભગવાન બુદ્ધે માત્ર લોકોને ધનસંપત્તિ અને સંતતિ મળવાના આશીર્વાદ જ આપે રાખ્યા હોત તો, આખા વિશ્વમાં ધર્મચક્રના ફેલાવાની જે ક્રાંતિ થઈ, તે કદાચ થઈ ના હોત.

ઋષિઓ શું કરતા ? શું તેઓ ખાલી માળા ફેરવે રાખતા હતા ? ના બેટા, તેઓ માળા ફેરવવા ઉપરાંત આખો દિવસ સમાજની સેવા કરે રાખતા. આજે તો લોકો એકદમ હલકા કામ માટે તરત તૈયાર થઈ જતા જોવા મળે છે. કોઈને મહાન કાર્યો કરવાનો વિચાર જ નથી આવતો. તમે પણ જો તપસ્વી, સંત કે ઋષિઓની જેમ નાનામાં નાનું કાર્ય - સેવાનું કાર્ય - કરવા માંડશો તો તમારા જીવનમાં પણ ચમત્કાર થઈ જશે. તેઓ વ્યક્તિની, સમાજની, દેશની, ધર્મની અને સંસ્કૃતિની સેવા કરતા હતા. લોકોનાં દુઃખદર્દ દૂર કરતા. ભગવાન બુદ્ધે આમ એશિયામાં જ નહીં, આખી દુનિયામાં પરિવર્તન આણ્યું હતું. તેઓ ત્યાગ અને તપની સાક્ષાત મૂર્તિ હતા. તમે નાટકનું મહોરું પહેરીને સાચા હનુમાનજી બની શકતા નથી. તેને માટે એમના જેવો ત્યાગ કરવો પડે છે. ઋષિઓની એક વિશેષતા એ છે કે તેઓ સમયની વિશેષતાને ઓળખી શકે છે — અને બધાની આગળ આવીને ઊભા રહે છે. ઉપરાંત બીજાને ઉપદેશ આપતા પહેલાં પોતાને એને યોગ્ય બનાવવાનો


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રયાસ કરે છે, જેથી સમાજ ઉપર તેનો પ્રભાવ પડે. ત્યારપછી જ લોકો એમને અનુસરતા હોય છે.

મિત્રો ! એકવાર એન્જિન પાટા ઉપર સરકવાનું શરૂ કરે, તો ડબ્બા આપોઆપ એની પાછળ ઢસડાય છે. તે જ રીતે મહાન વ્યક્તિત્વ ધરાવતા મહાન માણસો જ્યારે આગેવાની લે છે, ત્યારે તેમના સહયોગીઓ અને અનુયાયીઓ આપોઆપ જ તેમને અનુસરે છે. રામચંદ્રજીને લક્ષ્મણ અને હનુમાન સૌથી વહાલા હતા. તેથી તેમણે તેઓને બધા કરતાં આગળ ચાલવાનું કહ્યું અને તેઓ ચાલ્યા. બુદ્ધે પણ પોતાના પ્યારા શિષ્યોને પહેલ કરવાનું કહ્યું તો તેઓ પણ આગળ રહ્યા. યુગનિર્માણ યોજનાની વાત પણ કાંઈક એવી જ છે. અમારા ગુરુએ અમને કહ્યું કે તમારે આગળ ચાલવું પડશે, અને અમે ચાલી નીકળ્યા. એના પછી લાખો લોકો એમાં જોડાયા. લક્ષ્મણનું અનુકરણ ભરતે અને ભરતનું અનુકરણ શત્રુઘ્નએ કર્યું. એ પ્રમાણે રામચંદ્રજીના અનુકરણની શૃંખલા ચાલી નીકળી. બધા પ્રજાજનો તેના અનુયાયી થઈ ગયા. તેના પરિણામે રામરાજ્યની સ્થાપના થઈ શકી.

મિત્રો ! દુનિયાની ઢબ જ એવી છે, જ્યારે વિશિષ્ટ લોકો વિશિષ્ટ કામ માટે નીકળી પડે છે ત્યારે જ કાંઈક નક્કર કામ થાય છે. આ દુનિયામાં એવા તો પ્રાણતત્ત્વ અને જીવંત ચેતનાથી ભરપૂર એવા કેટલાય નાના-મોટા માણસો હતા. જ્યારે જ્યારે તેમણે આગળ કદમ વધાર્યાં, કે તરત જ લોકો એમની પાછળ ચાલવા લાગ્યા. આપણે મહારાણા પ્રતાપનું જીવનચારિત્ર જાણીએ છીએ. તેમને શેની ખોટ હતી ? તેઓ ખાતાપીતા રાજકુટુંબના સભ્ય હતા અને તેમની પાસે દરેક વસ્તુઓ હતી. પરંતુ જ્યારે તેમનામાં સ્વરાજની ભાવના જાગૃત થઈ ત્યારે તેમણે રાજપાટ છોડીને જંગલની વાટ પકડી. તેમણે પોતાના કુટુંબી પણ પરવા ન કરી. એ તો રાજા હતા. ઈચ્છત તો પોતાના ખાવાપીવાની વ્યવસ્થા ગોઠવી શકત. તેમ છતાંય તેઓ બરબાદ થઈ ગયા, જંગલોમાં ભટકતા રહ્યા, ઘાસની રોટલી ખાતા રહ્યા, પરંતુ પોતાના ધ્યેયને છોડ્યું નહીં. બંદા વૈરાગી જેવા લોકોની બરબાદીની વાત તમે કદાચ નહીં જાણતા હો. એ દિવસોમાં કેટલાક લોકોએ પોતાની દીકરીઓનાં લગ્ન મોગલ રાજાઓ સાથે કરી દીધાં હતાં. તેઓ રાજપૂત રાજાઓ જ હતા. એ જ જમાનામાં એ વિદેશી આક્રમણકારો સામે લડત આપતા રહીને જાતને કુરબાન કરી દીધી હોય, તેવા પણ ઘણા લોકો હતા. એમણે આઝાદીની લડતની આગમાં પોતાના પરિવારોને હોમી દીધા, પણ પોતાના ગૌરવને ઊણી આંચ ના આવવા દીધી. એ લોકો વિશિષ્ટ હતા કે જેમણે વિશિષ્ટ સમયને ઓળખીને તેનો સામનો કર્યો.

## શું તમે સમજદાર છો ?

તમે ઘણા સમજુ માણસ છો. જો એમ ન હોત તો આ જમાનામાં જ્યારે અડધી દુનિયા મરવા પડી છે ત્યારે તમે લોભ, મોહ, વાસના કે તૃષ્ણાથી ભરપૂર જીવન ના જીવતા હોત. તમે તમારા ફાયદાનું વિચારો છો. તમારાં બાળકો વધુ પૈસા કમાઈ શકે તે માટે તેમને ઑફિસર બનાવવાનું વિચારો છો. આવા બધા મામલામાં તમે ઘણા સમજદાર છો. પરંતુ તમે સિદ્ધાંતોમાં, આદર્શોમાં અને શાણપણમાં સમજદાર નથી. તમે કાગડા જેવા સમજદાર છો. ને દરેક બાબતે ચોક્કસ, હોશિયાર અને ઉસ્તાદ હોય છે. તે પોતાના ભાગની ખાવા-પીવાની વસ્તુઓ સાચવી તો રાખે છે, પરંતુ તે ઉસ્તાદ હોવા છતાંય તેને બીજાં જાનવરો ખૂંચવીને ખાઈ જતા હોય છે. એટલા માટે તેને ડફોળ(મૂર્ખ) માનવામાં આવે છે. બધાં પક્ષીઓમાં તેને નકામો ગણવામાં આવે છે. મિત્રો ! હું એમ કહેવા માંગું છું કે આ વિશિષ્ટ સમય છે, તેને ઓળખવાની કોશિશ કરો. જો તમને આંખ હોય તો જુઓ, ના હોય તો અમારે કશું કહેવાનું રહેતું નથી. તમે અધ્યાત્મવાદી હો તો તમારે કાંઈક કરવું જોઈએ. તમને સ્વતંત્રતા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અને સંપત્તિ મળી છે એટલા માટે તમારે સમાજ માટે કાંઈક કરવું જોઈએ. સમાજસેવા કરવી જોઈએ.

માણસ જ્યારે બીજાનાં દુઃખ દર્દ સમજીને તેને વહેંચવાનો અને તેને પ્રસન્ન બનાવવાનો પ્રયત્ન કરે ત્યારે જ તેને અધ્યાત્મવાદી કહી શકાય. આવા માણસોને બીજાનાં દુઃખદર્દ દૂર કરવા માટે બલિદાન આપવું પડે છે. ખાલી ભજન કરે રાખે કશું મળતું નથી. ભગવાનને ભજન કરનારની દાનત કેવી છે તેનો ખ્યાલ હોય છે. તમે સંપત્તિ કે સંતતિ માટે ભજન કરતા હો તો તમારા એ ઉદ્દેશ્યનો ભગવાનને ખ્યાલ હોય છે. તમે ભજનાનંદી હો તો વાત જુદી છે, બાકી અંગત લાભ માટે ભજન કરનારાને ક્યારેય અધ્યાત્મવાદી ના કહી શકાય. વ્યક્તિગત લાભ કે સિદ્ધિ મેળવવા માટે ભજન કરનારાઓને અમે અધ્યાત્મવાદી નહીં, પરંતુ ભૌતિકવાદી કહીશું. લોકસેવકોને, સંતોને, ઋષિઓને જે બ્રહ્મવર્ચસનું બ્રહ્મતેજ પ્રાપ્ત થાય છે, તે આવા લોકોને થઈ શકતું નથી. એટલા માટે તમારે પણ જાતને તપાસવી જોઈએ. જપ ભલે કરો, પણ એનાથી પ્રાપ્ત ઊર્જાને સમાજના કષ્ટનિવારણ માટે વહેંચી દેવી જોઈએ. તો જ તમે ઋષિ કે સંત ગણાશો.

મિત્રો ! કન્યા ઉંમરલાયક થવા છતાંય તેના માટે યોગ્ય મૂરતિયો શોધીને પોતાની શક્તિ પ્રમાણે તેનાં લગ્ન ન કરાવે એવું કોણ હશે ? કોઈ પણ માણસ, પોતાનાં સંતાનો માટે કશું જ ના કરે તેટલો નિષ્ઠુર હોતો નથી. અમે તમને પ્રેમ કરીએ છીએ એટલે હંમેશાં તમને કશુંક આપવા તત્પર રહીએ છીએ. દરેક સંપન્ન માણસનું કર્તવ્ય છે કે તે વિપન્નને કશુંક આપે. જો આપણે પરસ્પર પ્રેમભાવ રાખતા ન હોઈએ તો આપણે ગાયત્રી પરિવાર કે યુગનિર્માણ પરિવાર બનાવીએ તે બેકાર છે. અમે હંમેશાં પ્રેમભાવ વહેંચ્યો છે અને તમે પણ પ્રેમ વહેંચો એમ ઇચ્છીએ છીએ. અમે એક સંત છીએ એટલા માટે બીજાની મદદ કરવી, તેમને ઊંચા લાવવા અને તેમની પ્રગતિનો રાહ ખુલ્લો કરી આપવો એ અમારી નૈતિક ફરજ છે. આપણે આપણા સહવાસીઓ અને પડોશીઓનો ખ્યાલ રાખવો જોઈએ. જો કોઈ માંદું હોય તો આપણે તેને દવાખાને પહોંચાડવામાં મદદ કરવી જોઈએ. તે જ પ્રમાણે મિત્રો, આપણે જે જમાનામાં જીવી રહ્યા છીએ એનો પણ ખ્યાલ કરવો જોઈએ. આ સમયમાં આપણે આગળ વધીને આ યુગની સમસ્યાઓને હલ કરવી જોઈએ.

## ભવિષ્ય અમારી નજર સમક્ષ છે

મિત્રો ! આ સમય સંકટનો છે. આજે સમગ્ર માનવજાત સંકટના આરે ઊભી છે. એવા આરે કે જો તેની ભેખડો ધસી પડે તો આખી માનવજાત પતનની ખાઈમાં ઊંધે માથે ખાબકશે અને તેનું ભારે અહિત થશે. એટલે માણસનું ભવિષ્ય આજે અંધકારમય છે. આવી અસામાન્ય પરિસ્થિતિમાં અસામાન્ય માણસને શાંત બેઠા રહેવું પાલવે નહીં. તમને કદાચ નહીં દેખાતું હોય, પણ અમે એ સ્પષ્ટ જોઈ શકીએ છીએ કે આ આપત્તિકાળ છે. જાણે સૂક્ષ્મદર્શક યંત્ર બેસાડ્યું હોય તેવી ચકોર દૃષ્ટિવાળા સૂક્ષ્મ ચીજો પણ જોઈ શકે છે. અમને પણ ભવિષ્યમાં શું થવાનું છે તે દેખાય છે. બહુ ભયાનક સ્થિતિ દેખાઈ રહી છે. માણસ એવા ત્રિભેટે ઊભો છે કે એક બાજુ પતનની ખાઈ અને સર્વનાશ છે, બીજી બાજુ પ્રગતિ અને પ્રકાશ છે. કદાચ સારું પણ થઈ શકે એમ છે, જોકે એની શક્યતાઓ ખૂબ ઓછી છે.

આ આપત્તિકાળ છે. અત્યારે વૈજ્ઞાનિકો, બુદ્ધિજીવીઓ અને અર્થશાસ્ત્રીઓ – ત્રણેયે મળીને એટલે કે, ધન, વિજ્ઞાન અને બુદ્ધિ – ત્રણેયે ભેગા મળીને રાવણ, મેઘનાદ અને કુંભકર્ણ જેવો ત્રાગડો રચ્યો છે. બુદ્ધિવાદ એટલો જડ બની ગયો છે કે સિદ્ધાંત અને આદર્શ નામશેષ થઈ ગયા છે. આજે માણસનું હૈયું ખોવાઈ ગયું છે અને તે જાનવર જેવો થઈ ગયો છે. જાનવર પણ કાંઈક મર્યાદામાં રહે છે, પરંતુ માણસ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તો આજે નર-પિશાચ બની ગયો છે. તેણે મર્યાદાઓ ઓળંગવામાં બાકી નથી રાખ્યું. તમે તેની દાનત કે પ્રામાણિકતા જોવાનો પ્રયત્ન કરશો તો તેણે કેવાં કેવાં મહોરાં પહેરી લીધાં છે એનો ખ્યાલ આવશે. તેની અંદર સાપ છુપાઈને બેઠો છે કે રાક્ષસ, તેનો જ ખ્યાલ નહીં આવે. તમને માણસની અંદર છુપાયેલા રાક્ષસને જોઈને તિરસ્કાર થઈ જશે. આજે ચારે બાજુ નફરત છવાયેલી જ જોવા મળે છે. વિજ્ઞાન, અર્થ અને બુદ્ધિ — ત્રણેયે મળીને શાલીનતાની સીતાનું અપહરણ કર્યું છે. ધર્મ અને અધ્યાત્મરૂપી રામલક્ષ્મણ કકળતા હૈયે ભટકે રાખે છે. માણસ પ્રેમ, આદર્શ, શાલીનતા— સઘળું ભુલાવી બેઠો છે અને માનવદેહમાં પિશાચ સમાવીને બેઠો છે.

મિત્રો ! તમે ભૂત-પલીતનું નામ સાંભળ્યું છે ને ? તે પણ આજના માણસ જેટલા પજવતા નથી. કેમ કે તેમને હાથ-પગ હોતા નથી. જેને હાથપગ ના હોય તે શું કરી શકવાનો ? તે હરીફરી નથી શકતો કે દોડી પણ નથી શકતો. તેમનો વધુ ભય એટલા માટે નથી લાગતો. પરંતુ જીવતા માણસનું ભૂત આજે બીજા માણસને એથી પણ વધારે પજવી રહ્યું છે, કારણ કે તેને હાથપગ હોવા ઉપરાંત અક્કલ પણ છે. ઉપરાંત તેની પાસે તાકાત પણ છે. જો કોઈ માણસને જીવતા માણસનું ભૂત વળગે તો જિન, પિશાચ, રાક્ષસ — બધાં એકબાજુ રહી જાય. તે મરેલા ભૂત કરતાં વધારે ખતરનાક નીવડે. આજે એમ જ થઈ રહ્યું છે. ખરેખર આજે માણસની અંદરથી શાલીનતા સમાપ્ત થઈ ગઈ છે, માણસાઈ મરી પરવારી છે. તે રાક્ષસ કે પિશાચ જેવો બની ગયો છે.

આજની પરિસ્થિતિ જોતાં માણસ બરબાદ થઈને જ રહેશે એવું લાગે છે. આજે વસતીવધારો એવો બેફામ બન્યો છે કે જો આમને આમ ચાલશે તો અણુબૉંબની કોઈ જરૂર જ નહીં પડે. માણસો ભૂખ-તરસથી તરફડીને જ મરવા માંડશે. જેમ બંગાળમાં દુકાળ પડ્યો હતો ત્યારે હજારો લોકો તરફડી મર્યા હતા — તે રીતે. જાપાનના નાગાસાકીના લોકો બરબાદ થઈ ગયા હતા— તે રીતે. માણસ જો આમને આમ જનસંખ્યા વધારવાના વિષચક્રમાં ફસાયેલો રહેશે તો તેનો નાશ નક્કી છે. કેટલાય લોકો જ્યોતિષીને હાથ બતાવીને પૂછે છે, 'અમારા હાથમાં દીકરો દેખાય છે કે દીકરી ? જોઈ આપો તો ?' અરે તારા હાથમાં તો સત્યાનાશ લખ્યો છે. ઘણા લોકો અમને કહે છે, "ગુરુજી, અમને સંતાન નથી." હું તો તેમને એટલું જ કહું છું કે બેટા, એટલે જ તું શાંતિથી જીવી શકે છે. બાકી છોકરાઓ હોત તો તારી ચામડી ઉતારતા હોત. તમે કેમ સમજતા નથી ? જો વસ્તી આમને આમ વધતી રહે તો લોકો પાણીના એક ટીપા માટે વલખા મારશે. સડક પર ચાલવાનો રસ્તો નહીં રહે. માણસ હેરાન-પરેશાન થઈ જશે. તમે જરા સમજો. આપત્તિકાળ આવી રહ્યો છે. બરબાદીનો સમય આવી રહ્યો છે. જો કોઈ વૈજ્ઞાનિકને ધૂન ચઢી જાય અને તે એટમિક હથિયારોના ભંડારમાં માચીસની એક સળી ચાંપી દેશે તો આખું જગત બળીને ખાક થઈ જશે.

મિત્રો ! કુટુંબમાં માણસો જેમ વધતા જશે તેમ બધાને તકલીફ વેઠવી પડશે. કોઈ માણસના ઘરમાં ધારો કે ૨૮ સભ્યો છે. તેમાં અંદરોઅંદર પ્રેમ કે સહકાર હોવાની વાત તો બાજુએ રહી, તેઓ ઉંદર-બિલાડીની માફક એકબીજાને ઘુરકિયાં કરતાં હશે. ઉંદર બિલાડીથી ડરે છે, અને બિલાડી ઉંદરથી. મોટા પરિવારના માણસોની દશા પણ એવી જ હોય છે. આજના જમાનામાં જેમ પરિવારની સંખ્યા વધારે, એટલી અશાંતિ વધારે. વિદેશમાં તો બાળકો મોટાં થઈ જાય કે તરત જ માબાપ તેમને અલગ કરી દે છે અને કહે છે, હવે તમે તમારી અલાયદી વ્યવસ્થા કરી લો. યુરોપ તો આમાં સૌથી મોખરે છે કારણ કે, ત્યાં કુટુંબપ્રેમ કે લાગણી જેવું કાંઈ છે જ નહીં. દીકરો બાપના ઘડપણની ચિંતા કરતો નથી. ભાઈ બહેનને પ્રેમ કરતો નથી.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કુંવારી બહેનને ઘરમાં જોઈને મહિને ૬૫૦ ડૉલર કમાતી ભાભી કહે છે, આને ઘરબહાર હાંકી કાઢો, પછી આપણે બંને હોટલમાં જમીશું, સિનેમા જોઈશું અને ક્લબમાં ડાન્સ કરીશું.

આ તો યુરોપની પરિસ્થિતિ છે. આપણે અહીં પણ જો તમારી પાસે પંદર હજાર રૂપિયા હોય અને પાંચ દીકરાઓ હોય તો દરેકના ભાગે આવતા ત્રણ હજાર રૂપિયા માટે પણ મારકાપ ચાલે છે. એ બધા પૈસા જો તમે એક દીકરાને ભણાવીને ઑફિસર બનાવવામાં જ ખર્ચી નાખશો તો બાકીના છોકરાંઓને શું ફાંસીએ લટકાવશો ? કે પછી મૅટ્રિક સુધી ભણાવીને ઘરની બહાર કાઢી મૂકશો ને કહેશો, બેટા હવે તું તારે તારા પગ ઉપર ઊભો રહે અને આગળ ભણ. મિત્રો ! આજના સંજોગોમાં તમારે દુશ્મનથી પણ સાવધ રહેવું જોઈએ અને છોકરાંઓથી પણ સાવચેત રહેવું પડશે. દુશ્મનીની નોબત આવે તો દીકરામાં અને સાપ કે વીંછીમાં કોઈ ફરક નથી પડતો. પછી ભલેને તમે તેને મોટા કરવા પાછળ જીવતર આખું ખર્ચી નાખ્યું હોય ! એટલે કુટુંબ વધારવાનો કોઈએ વિચાર સુધ્ધાં ન કરવો જોઈએ. એમાં નરી પાયમાલી જ છે. જાપાનની પ્રજા આ મામલામાં ખૂબ હોશિયાર છે. ત્યાં પતિ-પત્ની બંને મળીને કમાતા હોય તો પણ કહે છે કે, આપણે બંને હોટલમાં જમીશું, સિનેમા જોઈશું અને મસ્તીથી જીવીશું. બાળકોને શું કરવા છે ? તેમને ભણાવવા અને પરણાવવા વગેરેમાં ખૂબ ખર્ચ થશે. એ ઉપરાંત આપણી મોજ-મસ્તીમાં પણ ખલેલ થશે. આમ વિચારીને જાપાનીઓ બાળકો ન હોય અથવા ઓછાં હોય એમ વિચારે છે

બેટા ! આ અત્યારે શું ચાલી રહ્યું છે ? સંયુક્ત કુટુંબપ્રથાનો દાટ વળી ગયો છે. આજે સામાજિક સહકારનું વાતાવરણ ખતમ થઈ રહ્યું છે. આજનો માણસ એટલો લોભી અને સ્વાર્થી થઈ ગયો છે કે તે જોતાં બધી શ્રેષ્ઠ માનવીય પરંપરાઓ નષ્ટ થઈ જવાની છે. માણસ કદાચ દુશ્મનોથી ડરતો હોય કે ના ડરતો હોય પણ પોતાના કુટુંબીજનોથી તો અવશ્ય ડરે જ છે કે ન ડરે, ક્યાંક ખોટા ચક્કરમાં ફસાવી તો નહીં મારે ને ? માણસો ઘડપણમાં રોતા-કકળતા જોવા મળે છે કે, હાય રે, છોકરાઓએ અને સંબંધીઓએ મને લૂંટી લીધો, બરબાદ કરી નાખ્યો. મિત્રો ! એવો જમાનો આવતો દેખાય છે કે જેમાં માણસો જીવશે કે મરશે એ તો અમે નથી કહેતા, પરંતુ માણસની અંદરની આત્મીયતા કે માનવતા જરૂર નાશ પામી હશે. શાથી ? વધી રહેલી વસ્તીને કારણે, વધી રહેલા વિજ્ઞાનને કારણે, વધી રહેલી બુદ્ધિને કારણે અને વધી રહેલી માણસની સ્વાર્થવૃત્તિને કારણે. અમે અને તમે આવા જ ખરાબ સમયમાં જીવી રહ્યાં છીએ.

જો પરિસ્થિતિ આમને આમ રહી તો આપણું ભવિષ્ય દિવસે દિવસે ખરાબ થતું જશે. રાજકારણીઓ આપણને અંધારા રસ્તે દોરી રહ્યાં છે. આજના કહેવાતા વિદ્વાનો પણ ગેરમાર્ગે દોરી રહ્યા છે. ધર્મગુરુઓ અને સંત-મહંતોના આચાર-વિચાર જોઈને રોવું આવે છે. તેમનાં કામકાજ જોઈને કંપી જવાય છે કે હે ભગવાન, આ તેઓ શું કરી રહ્યા છે ? અમે તો ભગવાનને પ્રાર્થના કરીએ છીએ કે જો દુનિયામાંથી કોઈ આખા સમુદાયનો નાશ કરવાનો હોય તો આ ધર્મગુરુઓ અને બાપજીઓના વર્ગનો સૌથી પહેલો નાશ થવો જોઈએ. તમે કહેશો કે, ગુરુજી, આવું તમે શા માટે કહો છો ? બેટા ! આમ કહેવું પડે છે કે મોટાભાગના સંત-મહાત્માઓએ પોતાનાં કર્તવ્યો અને જવાબદારીઓ પ્રત્યે નાદારી નોંધાવી છે. છટકી ગયા છે. માણસમાં માણસાઈનું શિક્ષણ પૂરેપૂરું હતું. આજે તે પણ મરી પરવારી છે. માણસ પોતાની જે મહાનતાના આધારે બધાં પ્રાણીઓ કરતાં શિરમોર ગણાતો હતો, એ પતન પામતાં પામતાં સાવ નાશ થવા આવી છે.

ગુરુજી ! પછી શું થશે ? મિત્રો ! આ દુનિયામાં માખી-મચ્છર રહે છે તો શું એનાથી દુનિયાની શાન


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વધે છે ? કીડી, મંકોડા, માંકડ અને મચ્છર પણ આ દુનિયામાં વસે છે. તેનાથી કોઈ લાભ છે ખરો ? હોય તો મને ખબર નથી. પણ જો આમ માણસ વધારે સંખ્યામાં પેદા થતા રહેશે તો દુનિયામાં બરબાદી ચોક્કસ આવશે. આજે દુનિયામાંથી માણસાઈ નાશ પામી છે. માણસની અંદરની સૌથી મહાન વસ્તુ જે હતી, માણસની અંદર જે દેવત્વ હતુ, તે આજે નાશ પામી રહ્યું છે. માણસની અંદર બેઠેલો ભગવાન ધૂળ અને ધુમ્મસ આડે ઢંકાતો જાય છે. ભગવાન એટલે આદર્શ અને આદર્શ એટલે શ્રેષ્ઠ વિચારો. મિત્રો ! આપણને જે ભગવાનની જરૂર છે, જે આપણને ઊંચા લાવે છે તેનું નામ છે - આદર્શ, સિદ્ધાંત. એનું નામ છે - માનવીય ગૌરવ. જે દિનબદિન સમાપ્ત થતું જાય છે. અમને આવી અંધકારમય સ્થિતિ જોઈને દુઃખ થાય છે કે જો આમાં કોઈ ફેરફાર નહીં કરી શકીએ તો ભવિષ્યમાં માણસ, માણસના લોહીનો તરસ્યો થઈ જશે. તેનું જીવન બરબાદ થઈ જશે.

## (ભવિષ્યમાં આવું બનશે)
## આવનારા દિવસો આવા હશે

મિત્રો ! હવેના દિવસોમાં માણસ માણસનું લોહી પીશે. માણસ માણસનું માંસ ખાશે. માણસ માણસને પરેશાન કરશે. દુઃખ આપશે. સ્ત્રી, પુરુષનો જીવ ખાશે અને પુરુષ સ્ત્રીનો. ભાઈ, ભાઈના જીવનો ભૂખ્યો હશે અને ભાઈ, બહેનનું પણ લોહી પીશે. બેટો બાપનો અને બાપ બેટાનો જીવ ખાશે. લોકો સાથે રહેવા છતાં એકબીજાનો જીવ લેવા દોડશે. આવનારા સંકટના સમયનું આ જે ચિત્ર અમે તમને બતાવ્યું છે, તે જરા પણ ખોટું નથી. આગામી દિવસોમાં પૈસા, અનાજ, અક્કલ - બધું જ વધશે. પરંતુ આ જ પૈસા, અનાજ ને અક્કલ આપણને ભરખી જશે. માણસ હેરાન-પરેશાન થઈ જશે. કારખાનાઓ ખૂબ ખૂલશે, વિશ્વવિદ્યાલયો ખૂબ ખૂલશે. પરંતુ અમે તમને ચેતવણી આપીએ છીએ કે મોંઘવારી અકલ્પનીય રીતે વધશે. કોઈપણ ચીજ બહુ મુશ્કેલીથી મળશે. લોખંડની કિંમત વધતી વધતી સોના જેટલી થઈ ચાલશે. જો અત્યારથી આપણે સાવચેતીનાં પગલાં નહીં લઈએ તો આપણી પર મુસીબતોના પહાડ તૂટી પડવાના છે.

આ આપત્તિકાળની સૌથી મોટી આવશ્યકતા છે– માણસનું આધ્યાત્મિકતા સાથે જોડાણ. જેઓ આધ્યાત્મિકતાના પારસ સાથે જોડાઈ જશે, તે પારસ થઈ જશે. વિવેકાનંદ, દયાનંદ આ બધા પારસ બની ગયા. લોખંડ પણ પારસના પથ્થરને અડે તો તે સોનું બની જાય છે. લોખંડ જેવા હલકા માણસો પણ જો અધ્યાત્મરૂપી પારસના સંપર્કમાં રહેશે તો સોના જેવા એટલે કે ગુણવાન, પ્રાણવાન, તેજવાન અને સમૃદ્ધિવાન બની જશે. તેમની બુદ્ધિ, આદર્શ અને સિદ્ધાંત મહાન બની જશે. તેઓ શ્રેષ્ઠ અને મહાન બની જશે.

મિત્રો ! મરતી વખતે પણ જો કોઈ અમૃત પી જાય તો તે બચી જાય એમ કહેવાય છે. અમને એની હકીકતની ખબર નથી, જો એવું કોઈ અમૃત હોત તો રામચંદ્રજીને મરવાનો વખત જ ન આવત. ઘણા બધા અવતારો થઈ ગયા. તેમને મરવાની જરૂર જ ન ઊભી થાત. એટલા માટે હું માનું છું કે આવું કોઈ અમૃત હોઈ જ ના શકે. નહીં મહારાજજી, શાસ્ત્રોમાં-પુરાણોમાં તો અમૃત વિષે ઘણું ઘણું લખેલું છે. બેટા ! હું એની જ વાત કરી રહ્યો છું. એ પીવાથી માણસ અજરઅમર થઈ જાય છે. જેમ કે હરિશ્ચંદ્ર. ગાંધીજીએ એક નાટક જોયું અને હરિશ્ચંદ્ર બની ગયા. ગાંધીજી અમર થઈ ગયા. ઈસામસીહ મરી ગયા છે ? ના બેટા, એ શી રીતે મરી શકે ? ભગવાન બુદ્ધ મરી ગયા ? ના એ મર્યા નથી, એ તો અમર થઈ ગયા. કેવા માણસો અમર થાય છે ? એવા માણસો કે જેની અંદર શાલીનતા ઉત્પન્ન થઈ જાય છે, જેમના રોમેરોમમાં આદર્શ અને સિદ્ધાંત વણાઈ જાય છે આવા માણસો અમર થઈ જાય છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

માણસની અંદર જો શાલીનતા ન હોય તો એ નરપિશાચ બની જાય છે. જે માણસના મુખમાંથી પિશાચ અટ્ટહાસ્ય કરતો હોય તેને જો અટકાવીએ નહીં તો તે ખૂબ ખતરનાક પુરવાર થશે. માણસે આજે કેટકેટલી શોધખોળો કરી છે ? પહેલાંનાં વિમાનો દર કલાકે ૬૦૦ કિ.મી.ની ઝડપે ઊડતાં, આજે માણસે એ અંતર સમાપ્ત કરી નાખ્યું છે. ચંદ્ર ઉપર જે રૉકેટ મોકલ્યું હતું તેની ઝડપ ૬૦૦૦થી ૭૦૦૦ કિ.મી.ની હતી. તે આખી પૃથ્વીની પરિક્રમા અઢી કલાકમાં કરી નાખે છે. આજે દરેક વસ્તુની ઝડપ વધી ગઈ છે. વિનાશ પણ પૂરઝડપે જ આવી રહ્યો છે.

## તમારી જાતને ઓળખો

આ આપત્તિકાળ છે. એક બાજુ સુંદર ભવિષ્યનાં સપના સજાવેલાં છે. તો બીજી બાજુ વિનાશની લીલા પણ મોઢું ફાડીને ઊભી છે. તમે એ બંનેની વચ્ચે ઊભા છો. તમને કશું દેખાતું નથી કે તમે કોણ છો ? તમે જાગૃત આત્મા છો. અમે જે હાર યુગદેવતા માટે બનાવ્યો છે, તે ઈશ્વરના આ બગીચાનાં ઉત્તમમાં ઉત્તમ પુષ્પોમાંથી બનાવ્યો છે. યુગદેવતાનાં ચરણોમાં સારામાં સારો હાર ચઢાવી શકાય તે માટે સરસ ફૂલો જ પસંદ કર્યાં છે. અમે તમને ખૂબ મુશ્કેલીથી શોધી કાઢ્યા છે. તમે અમને શોધ્યા છે ? નહીં બેટા, અમે તમને શોધ્યા છે. અમે સારાં સારાં રત્નો શોધ્યાં છે. અમે તમારી પાસે અખંડજ્યોતિ મોકલી હતી. તમે મંગાવી હતી ? ના, અમે મોકલી હતી. જે રીતે રામ-લક્ષ્મણને શોધવા વિશ્વામિત્ર દશરથ રાજા પાસે ગયા હતા, તે જ રીતે અમે તમારા પિતાજી પાસેથી શોધી લાવ્યા છીએ. રામકૃષ્ણ પરમહંસે વિવેકાનંદ પાસે જઈને શું કહ્યું હતું ? કહ્યું હતું કે તું નોકરી કરવા ઇચ્છે છે ? અમારું કામ તારા વગર અટકે છે અને તું નોકરીના ચક્કરમાં પડ્યો છે ? અમે લોકોને મુક્ત કરાવવા આવ્યા છીએ. અમારું કામ જુદી જાતનું છે. અમે રાષ્ટ્રને-સમાજને નવી દિશા ચીંધવા આવ્યા છીએ. તું નોકરી કરવા પેદા નથી થયો. તારે આ બધામાં અમારી જોડે રહેવાનું છે. રામકૃષ્ણ પરમહંસે એને દબાણથી સમજાવ્યા અને એ તેમની સાથે ચાલી નીકળ્યા.

બેટા ! તું પણ સમજતો કેમ નથી ? અમે તને મજબૂર કરી રહ્યા છીએ. તું અમારી પાસે આવતો રહે છે ખરો, પણ ઇચ્છાઓ લઈને. જો ઊંચી ભાવનાઓ લઈને આવ્યો હોત તો તું ધન્ય થઈ જાત. અમે જ્યારે અમારા ગુરુ પાસે જઈએ છીએ ત્યારે ઉચ્ચ ભાવનાઓ લઈને જઈએ છીએ. ત્યાંથી અમે મહાન બનીને આવીએ છીએ. અમે એમને કહીએ છીએ કે, ગુરુદેવ, અમારું જીવન છે એના કરતાં કાંઈક જુદું જ હોવું જોઈએ. અમારા સંતજીવનમાં અને બ્રાહ્મણકર્મમાં કશીક ખામી રહી ગઈ છે. તેમાં થોડી વધારે પ્રખરતા અને તેજસ્વિતા આવવાં જોઈએ. તલવારની ધાર કાઢીને પાણીદાર બનાવીએ તો તે વધારે મૂલ્યવાન બની જાય છે. અમે ઇચ્છીએ છીએ કે અમારા સંતજીવનમાં અને બ્રાહ્મણજીવનમાં પણ તીક્ષ્ણતા આવે જેથી અમે વધુ કામ કરી શકીએ જ્યારે હું હિમાલય જોઉં છું ત્યારે અમારે અમારા ગુરુજી જોડે વાર્તાલાપ થાય છે, વાદવિવાદ પણ થાય છે. અમે માત્ર એક જ વાત કહીએ છીએ કે, અમારી અંદર જ્ઞાન છે, જોમ છે, જુસ્સો છે. ગુરુવર ! તમે અમારી પાસેથી હજી વધારે કામ કરાવો. અમારી ધારને વધુ પાણીદાર બનાવો જેથી અમે વધુ કામ કરી શકીએ, વધુ સમાજસેવા કરી શકીએ. અમારી બંને વચ્ચે આ જ લડાઈ-ઝઘડો થયા કરે છે. તેઓ કહે છે કે તું તો હજી બાળક કહેવાય અને અમે કહીએ છીએ, હું હવે બાળક નથી મોટો થઈ ગયો છું. તમે અમને મોરચે મોકલી તો જુઓ, પછી જુઓ કે અમે અમારી તેજ તલવારથી કેવાં કેવાં કામ કરીને આવીએ છીએ ?

પરંતુ અમને દુઃખ થાય છે કે અમારી અને તમારી લડાઈ થોડી ઊતરતી કક્ષાની હોય છે. હું તમને આ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કહેવા માંગતો નથી, પણ અમે જ્યારે તમારાં સપનાઓ અને વિચારોનો અભ્યાસ-વિચાર કરીએ છીએ ત્યારે રોવું આવે છે. ત્યારે અમને એમ થાય છે કે તમારી મદદ કરવી જોઈએ. મિત્રો ! મારે માણસમાત્રની મદદ કરવી જોઈએ, પણ તમને સહાયતા કરતી વખતે જીવ કચવાય છે. હવે તમે મોટા થઈ ગયા છો માટે તમારે સામેથી કહેવું જોઈએ. પિતાજી, અમે તમને મદદ કરીશું. પણ ઊલટાનું તમે એમ કહો છો કે, અમે હજી બાળક છીએ, તમે અમને મદદ કરો. તમે અત્યાર સુધી બસો મણ ભાર ઊંચકીને ફરતા હતા. હવે અમારો અઢીસો મણ ભાર પણ ઊંચકી લો. ઠીક છે. બેટા, અમે તો એ પણ ઊંચકી લઈશું. અમે જ્યારે સમાજ, દેશ, ધર્મ અને સંસ્કૃતિનો ભાર લઈને ફરીએ છીએ, ત્યારે તારો ભાર પણ ઉપાડીશું. અમારી ક્ષમતા છે કે અમે એ બધું વજન ઉપાડી શકીશું. પણ બેટા, એનાથી તમારો શો ભલીવાર વળશે ? તમને શો સંતોષ મળશે ?

મિત્રો ! આ શિબિરમાં તમને એકઠા કરવા પાછળ અમારો ખાસ હેતુ છુપાયેલો છે. તમે કહો છો કે અમને કુંડલિની-જાગરણ શીખવાડો, બ્રહ્મવર્ચસ્ - સાધના શીખવાડો. એના કરતાં તો એમ કહોને કે અમને જાદુ શીખવાડો ! જાદુગરીમાં વ્યક્તિત્વ-નિર્માણની કોઈ જરૂર પડતી નથી. તેને માટે તો બાહ્ય આડંબરો અને ચાલાકીભર્યા કામકાજની જ જરૂર છે. ખેડૂતને પરસેવો પાડવો પડે છે પછી ફસલ ઊગે છે. પરંતુ જાદુગર તો જમીન ઉપરથી ચપટી ધૂળ ઉપાડીને ફૂંક મારીને પૈસા પેદા કરે છે. પણ એનો વાસ્તવિક અર્થ શો ? તમારા પૂજાપાઠ કે ભજનકીર્તન પાછળ શો હેતુ રહેલો છે, તે અમે સારી રીતે સમજીએ છીએ. તમારે સાધના શું કામ કરવી છે તે અમે જાણીએ છીએ. તમારે જે જોવાની ઇચ્છા છે તે હું એમને એમ બતાવી શકું છું. તમને પામવામાં ખાસ રસ નથી એટલે માત્ર દેખાડવાથી જ કામ ચાલી જાય એમ છે. તમે સિદ્ધિઓના નામે જે મેળવવા ઇચ્છો છો, તે બધું હું તમને બતાડી દઉં તો તમને સંતોષ થઈ જશે. એવી વસ્તુઓ કે જે તમને મળી જશે તો પણ તમે જીરવી નહીં શકો, તમે બધું મૂકીને ભાગી જશો.

મિત્રો ! જો હું તમને સાચા ભગવાન સાથે સાક્ષાત્કાર કરાવી દઈશ. તો તમારે નારદજીની માફક કુંવારા રહીને સેવાકાર્યો કરવાં પડશે. બુદ્ધની માફક પત્ની અને બાળકોને છોડીને પરમાર્થમાં લાગી જવું પડશે. બુદ્ધની માફક હાથ પકડીને લઈ જાય એવા ભગવાન બતાવી દઉં ? શંકરાચાર્યની માફક માની ગોદમાંથી ઉપાડી જાય એવા ભગવાન બતાવી દઉં ? ચાણક્યની માફક વનવાસ કરવા મજબૂર કરે એવા ભગવાન બતાવી દઉં ? સમર્થ ગુરુ રામદાસની જેમ હાથ પકડીને દીક્ષા આપાવવા લઈ જાય એવા ભગવાન બતાવી દઉં ? તરત તમે કહી ઊઠશો, અમારે એવા ભગવાન નથી જોવા, ગોળી મારો એવા ભગવાનને. અમારે તો હનુમાનજી બનીને દેખાય કે પ્રકાશ બનીને દેખાય એવા તમાશાના ભગવાન જ જોઈએ છીએ. સારું તો એમ કહોને તમને બાળકોના ભગવાન જોઈએ છે. તમારે ભગવાનની જરૂર નથી. તમને મેસ્મેરીઝમ જોઈએ છીએ.

ગુરુજી ! તમને સમાધિ લગાડતાં આવડે છે ને ? હા, બેટા આવડે છે. તને પણ સમાધિ લગાડી દઈશું અને પાંચ મિનિટમાં ધ્યાન પણ લગાડી દઈશું. અમને એવો જાદુ આવડે છે. હિપ્નોટિઝમ વડે અમે તને શું નું શું બતાવી શકીએ એમ છીએ ? તારે ખજાનો જોવો હોય તો, ખજાનો બતાવીશું. તારે સોનાનો ભરેલો ટોપલો જોવો હશે તો તે પણ બતાવી દઈશું. તારે ધનસંપત્તિ ભરેલી તિજોરી જોવી હશે તો તે પણ હાજર. શું મહારાજજી ! આ બધું અમારી પાસે રહેવાનું કે ? ના, બેટા, જ્યાં સુધી. તું અમારા કબજામાં છે ત્યાં સુધી બધું તારું. પછી કશું જ રહેશે નહીં. તો પછી એનો શો અર્થ મહારાજજી ? એનો અર્થ એ કે બાળકોની માફક મનોરંજન થઈ જશે, એટલું જ, બાકી કશો નહીં.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એ માત્ર મનને ખુશ કરવાનું માધ્યમ હશે. બાકી આવી વાતોને અધ્યાત્મ સાથે કાંઈ લેવા-દેવા નથી.

મિત્રો ! મારો ઉદ્દેશ્ય એ છે કે, જે સાચા બ્રહ્મવર્ચસ્‌નો સ્રોત છે એને તમે જાણો. અમે તમને એટલા માટે બોલાવ્યા છે કે આ વિશેષ સમય છે અને તમે મહત્ત્વપૂર્ણ વ્યક્તિ છો. આ બધું તમને જણાવવા માટે જ તમને બોલાવ્યા છે. અમારા ગુરુએ અમને બતાવી આપ્યું હતું કે અમે એક જાગૃત આત્મા છીએ, અમે વિશિષ્ટ વ્યક્તિ છીએ. એમણે કહ્યું હતું કે તું સાધારણ માણસ નથી, તારે અસાધારણ કાર્યો કરવાનાં છે. અમે એ અનુભવી ચૂક્યા છીએ કે અમે એક સામાન્ય માણસની માફક જીવી શકીએ એમ નથી. અમે અમારા કુટુંબીઓને કહી દીધું છે કે, અમે તમારે ત્યાં જન્મ જરૂર લીધો છે, પરંતુ હું તમારી બિરાદરીનો માણસ નથી. હું તમારી માફક રહી શકું તેમ નથી. અમારું કાર્ય કાંઈક બીજું જ છે. હું તમારી સલાહ અને સમજણ પ્રમાણે ચાલી શકું તેમ નથી. મારો રસ્તો અલગ છે, મારે મારી સમજણ પ્રમાણે ચાલવાનું છે. હું ઇચ્છું છું કે તમને પણ એવું સૌભાગ્ય મળી રહે. કાશ ! હું પણ તમને બતાવી શક્યો હોત કે તમે કોણ છો ? તમે એક સામાન્ય માણસ નથી, તમે વિશિષ્ટ વ્યક્તિ છો. મારી ઇચ્છા છે કે યુગપરિવર્તનના આ સંક્રાતિકાળે તમે પણ મહત્ત્વપૂર્ણ કાર્યો કરી જાવ. તો મજા આવી જશે.

હું મારા ગુરુ જેટલો સામર્થ્યવાન નથી. એમણે તો અમારા પાછલા જન્મો બતાવી દીધા હતા. જ્યારે અમે તમને, તમે પાછલા જન્મમાં કોણ હતા એ બતાવી શકતા નથી. છતાંય અમે એટલું તો જરૂર કહી શકીએ છીએ કે, તમે જે કક્ષાનું જીવન જીવી રહ્યા છો, તે તમારે લાયક નથી. તમારી મહત્ત્વાકાંક્ષાઓ વ્યક્તિગત ન હોવી જોઈએ. જ્યારે ક્યાંય રેલગાડીનો અકસ્માત્ થાય અને હજારો લોકો કણસતા હોય ત્યારે ડૉક્ટરોનું 'અમે સૂતા છીએ, અત્યારે અમને સમય નથી'— એમ કહેવું યોગ્ય ના ગણાય. તમારે પેલા ઘાયલોને ખાતર એક રાતની ઊંઘ છોડવી જોઈએ. એક રાતના ઉજાગરાથી તમે મરી નથી જવાના. તમારે એ જવાબદારી સમજવી જોઈએ અને એને માટે કામ કરવું જોઈએ.

## બાકીનું જીવન ક્યાંક આમ જ ન વેડફાઈ જાય

મિત્રો ! અમે તમને આ જ કહીએ છીએ કે, તમારા મહત્ત્વપૂર્ણ દિવસો એક એક કરીને નકામા પસાર થઈ રહ્યા છે. એમાં કુસંસ્કારો ભરાતા રહે છે. આ તમારે સમજી લેવું જોઈએ અને બાકીના જીવનને સમાજ ખાતર સમર્પિત કરવું જોઈએ. લોકો કહેતા હોય છે કે, ઘડપણમાં એ બધું જોયું જશે. પણ એ શક્ય નથી. કુસંસ્કારો એ સમયે પણ કશું કરવા નહીં દે. એટલા માટે અમે વારંવાર કહીએ છીએ કે આ વિશેષ સમય છે. એમાં તમારે કાંઈક કરવું જ રહ્યું. અમે તમને એના માટે જ આ શિબિરમાં બોલાવ્યા છે. જો તમે આ સમજી શકશો તો તમારું જીવન ધન્ય થઈ જશે અને જો હા-ના કરતા રહેશો તો પછી હું શું કરી શકવાનો હતો ? વિવેકાનંદ આવી જ રીતે આનાકાની કરતા હતા, ત્યારે રામકૃષ્ણ પરમહંસે તેમના ખભા ઉપર પોતાનો પગ મૂકી દીધો. વિવેકાનંદ ચમકી ગયા. રામકૃષ્ણજીએ કહ્યું કે હવે અમે મરવા જઈ રહ્યા છીએ. અમે અમારું બધું તપ તને આપી દીધું. હવે તારે તપ કરવાની જરૂર નથી. તમને મળી શકે એવી શક્તિઓ આજે પણ હયાત છે, પણ તમને તો જાદુગરી પસંદ છે. તમારે તો માટીમાંથી સોનું બનાવવું છે. તમે જાતને બ્રહ્મવર્ચસ્‌ની સાધનામાં ગાળવા માંગતા નથી, તો અમે શું કરીએ ?

અમારા ગુરુજીએ અમને બોલાવીને શક્તિ આપી હતી. અમે પણ તમને એવા જ એક મહત્ત્વપૂર્ણ ઉદ્દેશ્ય માટે શિબિરમાં બોલાવ્યા છે, જેથી તમે આપત્તિકાળને ઓળખી શકો, કાંઈક કરી છૂટવા માટે આગળ આવશો તો આ શિબિર ધન્ય થઈ જશે અને તમેય ધન્ય થઈ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જશો. હનુમાનજીએ રામચંદ્રજીની સેવા માટે જાત સમર્પિત કરી દીધી, તો એક સંત કે તપસ્વીને મળવી જોઈતી તમામ વસ્તુઓ હનુમાનજીને મળી ગઈ. અમારે માટે પણ આ જ વાત લાગુ પડે છે. અમે કેટલું તપ કર્યું છે, તે તમે નથી જાણતા. અમે માત્ર ચાર કલાક દૈનિક તથા અંગતકામમાં ખર્ચીએ છીએ, બાકીનો બધો સમય ભગવદ્કાર્ય પાછળ જ ખર્ચીએ છીએ. અમે અમારી જાતને એક સમર્થ શક્તિશાળી સત્તા સાથે જોડી દીધી છે. અમે તેમનું કામ કરીએ છીએ અને તે અમારું કામ કરે છે. અમે બંને અરસપરસ સંકળાયેલા છીએ. અમે ઈચ્છતા હતા કે, અમારો અને તમારો સંબંધ પણ અમારા ગુરુ જેવો જ હોવો જોઈએ. આજકાલ જ્યારે અમે સાધના કરવા બેસીએ છીએ, ત્યારે અમારા ગુરુનું ચિત્ર અમારી સામે હોય છે. અમે ઈચ્છીએ છીએ કે અમે બંને ઓતપ્રોત થઈ જઈએ. અમે ભજન તો નથી કરતા, પણ અમારા મનમાં કેવળ એક જ ભજન રમતું હોય છે - અમે અને અમારા ગુરુ. અમે ઈચ્છીએ છીએ કે અમે અને તમે પણ એવા ઓતપ્રોત થઈ જઈએ તો કેવું સારું ? વીજળીના ધન અને ઋણ તાર જ્યારે યોગ્ય રીતે જોડાઈ જાય ત્યારે વિદ્યુતપ્રવાહ વહે છે - શક્તિનો સંચાર થાય છે. ગુરુ-શિષ્યના પ્રેમમય જોડાણ વગર આદાન-પ્રદાન કઈ રીતે શરૂ થશે ? હું ઈચ્છું છું કે આ શિબિરની સમાપ્તિ સુધીમાં આપણે પણ જરા વધુ નિકટ આવીએ અને એકબીજામાં ઓતપ્રોત થઈ જઈએ, તો ખૂબ આનંદ આવશે.

મિત્રો ! અમારું અને અમારા ગુરુનું મિલન ખૂબ મહત્ત્વપૂર્ણ રહ્યું. અમે અમારા ગુરુએ અમારા પ્રત્યે રાખેલી બધી આકાંક્ષાઓ પૂરી કરવાનો પૂરેપૂરો પ્રયાસ કર્યો છે. જ્યારે અમે ગુરુના મિલન પહેલાંના અને પછીના દિવસોની સમીક્ષા કરીએ છીએ, ત્યારે જણાય છે કે, જે દિવસોમાં અમે ગુરુના આદેશ પ્રમાણે જીવવાનો પ્રયાસ કર્યો છે, તે અમારા માટે ખૂબ લાભકારી રહ્યા છે. આંધળા-લંગડાની જોડીનું મહત્ત્વ આગવું છે. આંધળાએ ચાલીને અને લંગડાએ દેખીને સમગ્ર કામ પૂરું કર્યું હોય છે. લંગડો રસ્તો બતાવે અને આંધળો તે રસ્તો કાપે. મિત્રો ! તમે અને અમે મળીને આવું જ કંઈક કરી શક્યા હોત તો કેવું સારું ? અમે તમને સહકાર આપીએ અને તમે અમને સહયોગ આપો તો કેટલી મજા પડે ? જ્યારે અહીં તો તમે કહો છો કે ગુરુજી, તમે જ અમને મદદ કરો. બેટા, આ જ વાત તમારા લાભની નથી. તમે હંમેશાં સ્વાર્થની વાત જ કરો છો. અમે તમને આશીર્વાદ આપીએ અને તમે અમને કશું જ ના આપો તો તમારું કામ નહીં ચાલે. એક માણસનું લોહી બીજાના શરીરમાં દાખલ કરવામાં આવે તો તે ફક્ત ત્રણ દિવસ પૂરતું જ કામ આપે છે, લેનારનું શરીર ત્રણ દિવસમાં પોતાનું તંત્ર ગોઠવી લે તો તેનું કામ ચાલુ થઈ જાય. જ્યાં સુધી તમારું તંત્ર, તમારી સીસ્ટમ, કામ નહીં કરે ત્યાં સુધી અમારા આશીર્વાદ પણ કામ નહીં કરે. તમે સમજ્યા કે નહીં ? બીજાના આશીર્વાદ કે વરદાન તમારી સામયિક જરૂરિયાતો પૂરી કરી શકશે, પરંતુ આગળ ઉપર તો તમારો પુરુષાર્થ અને પરિશ્રમ જ કામ કરશે.

આ શિબિરમાં પુનર્ગઠનના ભાગરૂપે અમે તમને એક યોજના બનાવી આપી છે. તમે કહેશો કે ગુરુદેવ, એના વગર કામ નહીં ચાલે ? મિત્રો ! આ દિવસોમાં દેશની સામે ઘણી બધી સમસ્યાઓ મોં ફાડીને ઊભી છે. આસામ પ્રશ્ન છે કે જે અબજો રૂપિયા ખર્ચવા છતાંય ઉકલી શકે તેમ નથી. બંગલાદેશના નિર્વાસિતોનો પ્રશ્ન પણ રૂપિયા ખર્ચે ઉકલે એ પ્રકારનો નથી. અમે આવી રાષ્ટ્રીય સમસ્યાઓનો ઉકેલ અધ્યાત્મશક્તિથી લાવવાનો વિચાર કર્યો છે. માઠા સમયમાં આધ્યાત્મિક શક્તિઓ જ સફળ નીવડે છે. આ શક્તિઓ જ મનુષ્યને બદલવાની છે, યુગને બદલવાની છે. યુગદૃષ્ટા પોતાની આ સુંદર કલાકૃતિ જેવી દુનિયાનો કદાપિ નાશ નહીં થવા દે, તે અમે સ્પષ્ટ જોઈ શકીએ છીએ. આ સૃષ્ટિ પર આવો સમય કેટલીયે વાર આવી ગયો છે. ત્યારે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સર્જનહાર એટલે કે પરમાત્મા અને મનુષ્ય એટલે કે જીવંત આત્માઓએ સાથે મળીને એ કાર્ય પૂરું કર્યું છે. આજે પણ એવી જ સ્થિતિ છે જેમાં તમારા જેવા મૂર્ધન્ય આત્માઓએ એ પ્રકારનું જ કામ કરવાનું છે.

## આ ખોટનો ધંધો નથી

સર્જનહાર સતત સર્જન કરતો જ રહે છે. કહ્યું છે કે -

યદા યદાહિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત ।
અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્ ॥

આવી વિષમ પરિસ્થિતિમાં સર્જક તો પોતાની રીતે પોતાનું કામ કરશે જ. પરંતુ એના સહયોગી તરીકે મનુષ્યોએ પણ કામ કરવું પડશે. ક્રાંતિઓ થાય કે યુગપરિર્તન થાય, એવાં મહાન કામો ઈશ્વરની ઇચ્છા અને શક્તિથી થાય છે. તમારે અને અમારે તો માત્ર નિમિત્ત બનવાનું છે. જો તમે આ જમાનાનું મહત્ત્વનું કામ કરી શકો એમ હો, તેનું શ્રેય લેવાની સ્થિતિમાં હો, તો અમારું તમને એક જ નિવેદન છે કે, તમે અમારી સાથે ચાલી નીકળો. તમને નુકસાન નહીં જાય. મિત્રો, કંજૂસાઈ કે સંકુચિતતા ન હોય તો ખોટ જવાની કોઈ ચિંતા નથી. તમે જો એ દુર્ગુણને ત્યાગી શકો તો પછી ફાયદો જ ફાયદો છે. હું તમારા ભવિષ્યની ગેરંટી આપી શકું, પણ તમારી કંજૂસાઈ અને સંકુચિતતાની નહીં. તેને છોડવાના બદલામાં જે મહાનતા મળશે તે સૌથી મોટો ફાયદો છે.

અમે તમને આ શિબિરમાં એટલા માટે જ બોલાવ્યા છે અને વારંવાર પૂછીએ છીએ કે શું આમ કરવું શક્ય છે ? હું જાણું છું કે તમારી પાસે અક્કલ વધારે છે, પરંતુ શું તમે હિંમત કરી શકશો ? અમે તો તમારી અક્કલ ઘટે, મહત્ત્વાકાંક્ષાઓ ઘટે અને તમારી ભાવનાઓ વધે એવું ઇચ્છીએ છીએ. એટલા માટે તમને બોલાવ્યા હતા અને આજે વિદાય આપીએ છીએ. તમારે અમારા આદર્શ અને સિદ્ધાંતો અહીંથી લઈ જવાના છે અને તમારા ચિંતનને, તમારાં કાર્યોને નવા યુગના ઘડતરમાં લગાડવાનાં છે. હું ઇચ્છું છું, કે તમારા વિચારોની દિશા બદલાઈ જાય. તમે નવા યુગને અનુરૂપ કેળવાવા લાગો. અત્યારે તો તમે તમારો પૂરોપૂરો સમય ભૌતિક જરૂરિયાતો પાછળ જ ખર્ચો છો. તમે જીવન માત્ર તમારા માટે જ જીવો છો. તમે પૂજા અને ભજન કરો છો, પણ જો એને બદલે સેવા-સાધના કરી હોત તો તમારી આંખોમાં એક તેજ દેખાતું હોત. જેની ઉપર તમારી નજર પડે તે સાવ બદલાઈ જાય એવું તેજ હોત. પરંતુ તમે કદી એવો પ્રયત્ન જ નથી કર્યો. તમે તમારા વિચારો, લાગણીઓ અને કાર્યોને નવા યુગનાં કાર્યો માટે લગાડશો તો અમે અને તમે બંને ધન્ય બની જઈશું. જેમ કે અમારા ગુરુજી અને અમે. પૂજારી પોતાની નોકરી ખાતર, પોતાનાં બાળકો ખાતર, ધનપ્રાપ્તિ ખાતર પૂજા કરતો હોય છે. તેથી ભગવાન કોઈ પૂજારી પાસે નથી જતો. તેથી તમે પણ જો આવા પૂજારી હશો તો ભગવાન તમારાથી જોજનો દૂર રહેશે.

મિત્રો ! અમારું નિવેદન છે કે અહીંથી બહાર ગયા પછી તમારી પૂજા એવી ચમકે, કે તમારી ઇચ્છાપૂર્તિ માટે માંગવાની વાત બંધ થઈ જાય અને તમે સતત ભગવાનનાં કાર્યો પાછળ જાત ઓગાળવાનું જ વિચારવા લાગો. તમે એકબીજાને પ્રેમ કરવાનું શરૂ કરો. તમે પતિ-પત્ની હો તો એકબીજાને હૃદયથી પ્રેમ કરો. અત્યારનો તમારો પ્રેમ ઉંદર-બિલાડીનો કે રાક્ષસોનો છે. તમને તમારી સહચરીની પ્રગતિના, ઉત્થાનના અને કેળવણીના વિચારો આવવા જોઈએ. અમે ઇચ્છીએ છીએ કે તમે અહીંથી ભગવાનને ગોદમાં બેસાડીને જાવ. તમારે ત્રણ સંતાન હોય તો હવેથી ચાર છે એમ માનજો. બાળકોના ભોજન, શિક્ષણ પાછળ ખર્ચ કરો છો તો પછી ભગવાનને માત્ર કંકુ-ચોખા ના ચઢાવો. તેને માટે કાંઈક ત્યાગ કરો. તમારા પ્રેમ, બુદ્ધિ, ભાવના, પરિશ્રમ અને પૈસાનો અમુક ભાગ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સમાજ, સંસ્કૃતિ અને દેશને ખાતર અંશદાન કરવો જોઈએ.

મિત્રો ! તમે અહીંથી બહાર જાવ ત્યારે સમાજ માટે દૃષ્ટાંતરૂપ બનીને જાવ જેથી તમારો પ્રભાવ પડે, જ્યારે તમે લોકોને શીખવશો ત્યારે તેઓ પૂછશે કે આ ત્યાગ, પ્રેમ, શ્રમ અને સેવા માટે તમે અમને કહો છો, પણ તમે એમાંથી કશું ગ્રહણ કર્યું છે ખરું ? જો તમારી પાસે આનો જવાબ હશે તો જ લોકો તમારી વાત માનશે. અમે જે કાંઈ લોકોને શીખવીએ છીએ, તે પહેલાં અમારા જીવનમાં ઉતારીએ છીએ. લોકો અમારી વાત માને છે તેનું કારણ એ જ છે. તમે ફરિયાદ કરો છો કે અમુક શાખાવાળા ઠંડા પડી ગયા. બેટા ! તું પહેલાં તારી જાતને ગરમ કરી લે, બધા તારી વાત માનશે અને તારા રસ્તે ચાલવા માંડશે. અમે તમને પ્રજ્ઞાપુત્ર, યુગના સર્જનહાર, જાગૃતઆત્મા કે મહામાનવના રૂપમાં જોવા ઇચ્છીએ છીએ. તમે અહીંથી બહાર નીકળ્યા પછી તમારી વાણીમાં બ્રહ્મતેજ ઉત્પન્ન થાય તેવો પ્રયાસ કરો. તમે બિલકુલ સભ્ય જીવન જીવવાનો પ્રયાસ કરો. તમે વકીલ હો તો તમારું વ્યાવહારિક કાર્ય ભલે કરે રાખે. સાથે સાથે હૃદયની મીઠાશ વિકસિત થાય તે જોતા રહેજો. તમારી વાણીનો, સભ્યતાનો અને વ્યવહારનો વિકાસ થાય તેવું કરજો.

તમે અહીંથી જાવ ત્યારે કાંઈક લઈને જાવ. કાંઈક બનીને જાવ. લોકો અમને તમારા વિષે પૂછે તો શું જવાબ આપવો ? તમારી અંદર સંયમશીલતા, વિનમ્રતા અને સહિષ્ણુતા આવવાં જ જોઈએ, જીવનમાં પરિવર્તન આવવું જ જોઈએ. તમને જે કાંઈ મળ્યું હોય તે બધું ખાલી શરીર પાછળ જ નહીં, પરંતુ થોડું ભગવાન પાછળ પણ ખર્ચવાનું રાખો. તમે ભગવાન પાસે ક્યાં સુધી માંગે રાખશો ? ક્યારેક તો તેને આપવાની વાત કરો. ગુરુજી પાસે કાંઈક માંગવાને બદલે કાંઈક આપવા આગળ આવવું જોઈએ. તમારા ઝભ્ભા ઉપર જેનું પ્રતીક છે તે જ્ઞાનયજ્ઞની લાલ મશાલ તમારા અંતઃકરણમાં પ્રગટવી જોઈએ, જેનાથી અંદરનો અંધકાર દૂર થઈ જાય. આપણે સ્વાર્થ માટે વાપરીએ તેનો અમુક ભાગ પરમાર્થ માટે વાપરવો જોઈએ. તમારે અમુક ભાગ આદર્શો કે જનકલ્યાણ ખાતર કાઢવો જ જોઈએ.

મિત્રો ! આ શિબિર અમે એટલા માટે બોલાવી હતી કે આ વિશેષ સમય છે, તેને તમે ઓળખો. પેટ ભરવાના અને પ્રજા પેદા કરવાના પ્રશ્નો તો દુનિયા બની ત્યારથી ચાલ્યા આવે છે અને ચાલતા રહેશે. તમે પણ જો એમાં રચ્યાપચ્યા રહેશો તો આ જીવન બેકાર થઈ જશે. ઊઠો, જાગો અને શ્રેષ્ઠ કાર્યો માટે કમર કસો. આ અધ્યાત્મજ્ઞાન આપવા માટે જ અમે તમને બોલાવ્યા હતા. તે જો તમે સમજી શકો તો અમારો આ પરિશ્રમ સાર્થક બનશે, તમે પણ ધન્ય બનશો. આજની વાત સમાપ્ત.

॥ ૐ શાન્તિઃ ॥

## ઋગ્વેદની સોનેરી સૂક્તિઓ

- મા યુષ્મહિ મનસા દૈવ્યેન ।

  **દિવ્ય મનને લડાઈ-ઝઘડામાં ન ફસાવો.**

  મનની દિવ્યતાનો ઉપયોગ દ્વેષ નહીં પ્રેમ જ છે.

- અસંવાધ્યં મધ્યતો માનવાનામ્ ।

  **મનુષ્યો આપસમાં લડાઈ-ઝઘડા ન કરે.**

  પ્રેમભાવ જ મનુષ્યના સુદૃઢ સંબંધોનો આધાર છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આત્મીય અનુરોધ

# ગુરુજીનો પ્યાર કેવી રીતે મેળવ્યો ?

વસંત પંચમી પરમપૂજ્ય ગુરુદેવ ( પં૦ શ્રીરામ શર્મા આચાર્ય ) નો અધ્યાત્મિક જન્મદિવસ તો છે જ, સાથે સાથે તત્વબોધ પર્વ પણ છે. આ દિવસ મિશનના વાર્ષિકોત્સવના રૂપમાં પણ મનાવવામાં આવે છે. પાછલા અંકમાં પરિજનોને ''આત્મીય અનુરોધ'' માં આપેલ દિશા નિર્દેશના અનુરૂપ વસંત પંચમીથી સાધના પ્રારંભ કરી દીધી હશે એવો અમારો પૂર્ણ વિશ્વાસ છે. સમર્પણ જ્યારે સક્રિયતામાં બદલાતું દેખાવા લાગે છે ત્યારે સમર્પણની સાર્થકતા માનવામાં આવે છે. પરિજનો દ્વારા કરાયેલ પુરુષાર્થ પ્રયત્નોથી જ તેમના સમર્પણ ભાવનું અનુમાન સહેજે લગાવી શકાય છે. પાછલા અંકમાં આપેલ સાધનાના આધારે પોત-પોતાના સંપર્ક ક્ષેત્રમાં આ સાધનાની વિધિ સમજાવશો. વિધિને અહીંયાથી લઘુ પુસ્તિકાના રૂપમાં પ્રકાશિત કરેલ છે. પુસ્તિકાનું નામ 'એકવીસમી સદીની યુગ સાધના' રાખેલ છે. દોઢ રૂપિયાની આ પુસ્તિકાને વધુમાં વધુ મંગાવી વિતરણ કરો, જેનાથી સંક્રાતિકાળના આગામી વર્ષોની ભયાનક ઘડીઓમાં મહાન ચેતનાનું સંરક્ષણ મેળવી આત્મ પ્રગતિ તરફ વધવાનો માર્ગ સરળ થઈ શકે.

ભારતીય સંસ્કૃતિના સર્વોચ્ચ આદર્શ હવે વિશ્વને પ્રેરણા આપશે તથા દિશા બોધ કરશે. સમસ્ત વિશ્વએ આ જગતગુરુ સંસ્કૃતિની પાવન મર્યાદાઓને અનુરૂપ ઢાળીને ચાલવા માટે સહમત થવું પડશે. ઋષિઓએ બનાવેલ રીતિ-નીતિનું ઉલ્લંઘન જ વિકૃતિઓનું તોફાન બની ગયું છે. વસંતપંચમીથી જ નવ ઉલ્લાસ સાથે પ્રત્યેક પરિજન સુધારાત્મક તથા રચનાત્મક ક્રાંતિ સાથે ચાલવાનો મનમાં નિર્ણય લઈ લે સન્માન તેમની પાછળ ચાલે છે જે આદર્શોને, સિધ્ધાંતોને અંગીકાર કરે છે, જેના દરેક ક્રિયાકર્મનાં આદર્શ નિષ્ઠા ભરેલ દેખાય છે. પરમ પૂજ્ય ગુરુદેવ પણ પોતાના કરોડો શિષ્યોથી એ અપેક્ષા રાખે છે કે દરેક શિષ્યમાં તેમની છબી જન-જનને તેમના સદ્‌ગુણોની સુવાસના રૂપમાં જોવા મળે. વેશભૂષાની શાલીનતાથી, વાણીની મધુરતાથી, રહન-સહનની સાત્વિકતાથી તથા સજ્જનો ઉચિત વ્યવહારથી શિષ્યોમાં સદ્‌ગુરુની મહાનતાની સ્પષ્ટ ઝલક જ પ્રભાવિત કરશે. આત્મનિર્માણની આ પ્રક્રિયાના સંદર્ભમાં અમારો અનુરોધ પાછલા અંકમાં તમે વાંચી તેને અવશ્ય આત્મામાં ગ્રહણ કર્યો હશે. આ પત્રિકાના પાઠકોની સંખ્યા વધારવાનું કાર્ય પણ આપ કરી રહ્યા હશો, ક્રાંતિનો આધાર પત્રિકાને માનો.

અમારો જન્મ એક સાધારણ બ્રાહ્મણ પરિવારમાં થયો, જન્મના દોઢ વર્ષ પછી ઈશ્વરે માનો આશરો તથા પિતાનું સંરક્ષણ પણ આઠ-દસ વર્ષની અલ્પ આયુમાં જ છીનવી લીધું. બાલ્યાવસ્થામાં જ શિક્ષાની સાથે સાથે નોકરી પણ કરવી પડી હતી. પ્રતિકૂળતાઓએ તો બાળપણથી જ ચારેબાજુથી ઘેરી રાખેલ. પૂજ્યવર તથા વંદનીયા માતાજીનું સંરક્ષણ, સ્નેહ, દુલાર મેળવીને અમે પોતાની જાતને પરમ સૌભાગ્યશાળી માનીએ છીએ. જ્યારે અમે ડબરા ( ગ્વાલિયર ) માં શ્રી દ્વારિકાપ્રસાદ બડેરિયાજીએ પરમપૂજ્ય ગુરુદેવના પ્રથમવાર દર્શન કરાવ્યા. તે સમયે તેમની સાથે વાત પણ થઈ હતી. તેની પહેલા એમનું સાહિત્ય વાંચ્યું હતું, ત્યારે તો અમે તેમને મહાન લેખક-વિચારક જ માન્યા હતા પરંતુ જ્યારે તેમનું પ્રવચન સાંભળ્યું ત્યારે તેમનું વ્યવહારિક દર્શન બહુ જ પ્રભાવશાળી લાગ્યું અને અમે તેમને એક સર્વશ્રેષ્ઠ દાર્શનિક, માર્ગદર્શક અને સુધારક પણ માન્યા. તેમનાથી પ્રત્યક્ષ સંપર્ક અને તેમનું સાન્નિધ્ય,


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

માર્ગદર્શન જેવા લાભ અમે હંમેશા તેમના લખેલ સાહિત્યના સ્વાધ્યાય દ્વારા સહેજમાં મેળવી લેતા હતા. અમારો દૈનિક કાર્યક્રમ ''સાધના વિના ભોજન નહીં-સ્વાધ્યાય વિના શયન નહીં'' આ સૂત્રના આધાર પર નિર્ધારિત હતો. આ દૃઢ-નિષ્ઠા જ અમને સતત પ્રગતિ પથ પર વધારતી રહી. અમારો વિશ્વાસ છે કે પ્રત્યેક આત્મિક ક્ષેત્રની પ્રગતિ ઈચ્છનાર આ જીવન સૂત્ર અપનાવી લાભ મેળવી શકે છે. જ્યારે અમે ડબરા રહેતા હતા ત્યારે પરમપૂજ્ય ગુરુદેવે પ્રગતિશીલ જાતીય સંમેલન ગાયત્રી તપોભૂમિમાં આયોજીત કર્યા, જેમાં અમને પણ ડબરાથી આમંત્રિત કર્યા હતા. પૂજ્યવર ઉપજાતિઓ સમાપ્ત કરવા માંગતા હતા. આજે અનેક ઉપજાતિઓ બનવાથી કેટલીય સમસ્યાઓ ઊભી થઈ છે. વિવાહ વગેરેમાં આ કારણે ભારે અવરોધ આવે છે ઉપજાતિઓની કટ્ટરતાને સમાપ્ત કરવી જ જોઈએ અને પોતાની નાની પરિધિને સમાપ્ત કરી મોટી જાતિની સીમામાં વિસ્તૃત કરી દેવા જોઈએ. આ વિવાહ-સંબંધની જટિલતાઓ દૂર કરવામાં ઘણી હદ સુધી લાભકારી થશે. ભગવાને આ સંસાર વર્ગ, જાતિના ભેદથી અલગ બનાવ્યા છે, એ ભેદ તો સર્વે મનુષ્યોની ક્ષુદ્ર બુદ્ધિની જ ઉપજ છે. પરમપૂજ્ય ગુરુદેવનું પ્રવચન સાંભળી અમારા મનમાં પણ કંઈક પ્રયત્ન કરવાનો સંકલ્પ ઉપસી આવ્યો. પૂજ્યવરે કહ્યું કે દહેજ રૂપી પિશાચ આજે ગરીબ કન્યાઓને પીડિત કરી રહ્યા છે કેટલાયની જીવનલીલા વિવાહ પહેલા તથા પછી આ રાક્ષસના કારણે સમાપ્ત થઈ રહી છે. બેટીઓ પ્રત્યે કરુણાને જગાડવી જોઈએ. ભગવાન રામે ઋષિઓના હાડકાનો ઢગલો જોઈ હાથ ઉઠાવી સંકલ્પ લઈ લીધો હતો.'' ''નિશિચર હીન કરો મહિ'' આજે સમાજ, સંસ્કૃતિ, રાષ્ટ્ર પર ચારેબાજુથી કુરીતિઓ, કુપ્રથાઓ તથા અનાચારના આક્રમણ થઈ રહ્યા છીએ. આવા સમયમાં અકર્મણ્ય, આળસુ, વિલાસી બની બેખબર રહેવું સમાજ પ્રત્યે કર્તવ્યહીનતા જ કહેવાશે. સમાજમાં ધૂમધામભર્યા ખર્ચીલા લગ્નનું પ્રચલન રોકો. પ્રેરણાપ્રદ વાતાવરણમાં ''સામૂહિક આદર્શ લગ્ન'' નું આયોજન કરો. અમે પંદર પુસ્તકો આ વિષયો પર પ્રકાશિત કરેલ છે. તેમને ઘેર-ઘેર જઈ વંચાવવાનો ક્રમ બનાવો. પોતાનો સમય, શ્રમ, ધન, કુરીતિઓને દૂર કરવામાં લગાવી આ અતિ વિશિષ્ટ સમયનું યુગધર્મ પાલન કરો. જે અમારા વિચારોને એક કાનથી સાંભળી બીજા કાનેથી કાઢી નાંખે છે તેમને અમે કશું નથી કહેતા. જેમણે અમારા વિચારોને હૃદયમાં ધારણ કર્યા છે તેમનાથી અમને મોટી આશા છે.

પૂજ્યવરે અમને પોતાના હૃદયની પીડા અને સમાજ પ્રત્યે કર્તવ્યનો બોધ કરાવ્યો. અમે પંદર પુસ્તકો ખરીદી લઈ ગયા. ખૂબ મન લગાવી શરૂથી અંત સુધી વાંચી, મનન-ચિંતન કર્યું ઘેર-ઘેર ઝોલા પુસ્તકાલય દ્વારા આ પુસ્તકોને વંચાવવાનો ક્રમ પણ બનાવ્યો. અમારા એક આત્મીય સ્વજન શ્રી રંગીલાલજી હતા તેમને આ પુસ્તકો વાંચવા આપ્યા. તેમણે આ વિચારોને પસંદ કર્યા અને પૂજ્યવરના બીજા પુસ્તકો વાંચવાની તેમના મનમાં રુચિ જાગી. તે અમારી પાસે આવી પુસ્તક લઈ જતા, વાંચ્યા પછી પાછા આપતા. આ ક્રમ ચાલતો રહ્યો. મથુરાથી પૂજ્યવરે રચેલ બધુ સાહિત્ય મંગાવી લીધું. આ ઝોલા પુસ્તકાલયનું જ્ઞાન અમૃત વહેંચનાર કાર્યક્રમ જ અખંડ જ્યોતિ પત્રિકાના સેંકડો સદસ્ય બનાવવામાં તથા મિશન સાથે જોડવામાં ઘણો સફળ રહ્યો. તે સમયે અમે મિલ ઉદ્યોગ એસોસિએશનના અધ્યક્ષ હતા. એ કારણે સંપર્ક તથા પ્રભાવ ક્ષેત્ર પણ વ્યાપક હતો. શ્રીદ્વારિકાપ્રસાદ જેમને ચૈતન્યજીના નામથી હવે જાણીએ છે, તેમણે જ પ્રથમ વાર પૂજ્યવરથી પરિચય પણ કરાવ્યો હતો. તે પણ મિલ પર અમને મળવા લગભગ આવતા હતા. પૂજ્યવરથી પત્ર વ્યવહારનો ક્રમ પ્રશ્નોત્તરીના રૂપમાં ભગવાન કૃષ્ણ-અર્જુન સંવાદની જેમ ચાલતો રહ્યો. જે જીજ્ઞાસા ઉઠી, પત્ર લખી દેતા, મથુરાથી ગુરુવરના આશીર્વાદ,


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્યાર, સ્નેહ અને આત્મીયતાથી છલોછલ ભરેલ પત્રોત્તર મેળવી અમારી આંતરિક પ્રસન્નતા ખૂબ જ વધી જતી.

અમે નિત્ય પ્રાતઃ ફરવા જતા હતા. રસ્તામાં એક સંન્યાસીની કુટિયા આવતી હતી. તે સંન્યાસી પોતાને સાધનાની ભઠ્ઠીમાં તપાવવાના વિવિધ ક્રમ અપનાવતા રહેતા હતા. તે કુટિયામાં નિત્ય થોડી વાર રોકાઈ સંન્યાસીને પ્રણામ તથા તેના વિચાર વિનિમય જેવો ક્રમ ચાલ્યો. તેમને પણ અમારી જીજ્ઞાસાઓ તથા પૂજય ગુરુદેવના વિચાર સાંભળવામાં રસ પડયો. એક દિવસ ફરીને પાછા આવતા હતા, સંન્યાસીજી ત્યાં ન દેખાતા અમે તેમના શિષ્યને પૂછયું તો જવાબ મળ્યો કે તે એક ઓરડામાં બંધ છે, કોઈ વિશેષ અનુષ્ઠાન ચાલી રહેલ છે. અમને ઘણું આશ્ચર્ય થયું. બીજા દિવસે પણ જ્યારે ન દેખાયા તો બંધ ઓરડા પાસે અમે બેસી ગયા, જેનાથી અવાજ સાંભળી શકાય, પરંતુ અંદરથી સંન્યાસીજીનો વારે-વારે એક જ શબ્દ સંભળાઈ રહ્યો હતો-ખાતો કેમ નથી ? એ અમારે માટે રહસ્ય બની ગયું. ત્રીજા દિવસે સંન્યાસી ઓરડાની બહાર બેઠા હતા, પોતાના શિષ્યથી લીમડાના પાન મંગાવી તેને પીસી રસ કઢાવી રહ્યા હતા. અમારી અંદર રહસ્યોને જાણવાની ખૂબ ઉત્સુકતા હતી. અમારી સંન્યાસીજી પ્રત્યે શ્રદ્ધા તથા તેમનો અમારા ઉપર ઘણો સ્નેહ હતો, તેથી અમે પૂછી જ લીધું કે સ્વામીજી ! આપ ત્રણ દિવસથી બંધ ઓરડામાં કઈ વિશેષ સાધના કરી રહ્યા હતા ? તેમણે અમારા પ્રશ્નનો ઉત્તર આપતા પહેલાં કહ્યું કે પહેલાં ઓરડામાં ફરીને આવો પછી બતાવીશ. અમે ઓરડો દેખ્યો તો ત્યાં જુદાં-જુદાં ફળ, વાનગી તથા મીઠાઈઓ રાખી હતી તો અચંબામાં પડી ગયા. આખરે આ બધું કેમ રાખ્યું છે અમે સંન્યાસીજીને કહ્યું કે તેમાં તો અનેક પ્રકારની વાનગી, મીઠાઈઓ તથા ફળ રાખ્યા છે. સ્વામીજીએ કહ્યું કે મારું મન કેટલાક દિવસોથી સારું સારું ખાવા માટે મચલી રહ્યું હતું, તેને દંડ દેવા માટે કડવા લીમડાનો રસ પીવડાવી રહ્યો છું કે હવે સ્વાદ તરફ લલચાઈશ તો આ પ્રકારનું ભોજન મળશે. સંન્યાસીજીએ કહ્યું-ત્રણ દિવસથી મનને કશું ખાવા દીધું નથી તે હવે સીધું થઈ ગયું છે, સધાઈ ગયું છે. મનને સાધી લેવાથી બધી ઈન્દ્રિઓ વશીભૂત થઇ જાય છે.

અમે પૂજયવરની એક પુસ્તકમાં એવો પ્રસંગ વાંચ્યો હતો જેમાં પૂજયવરે ગીતાનું ઉદાહરણ આપી લખ્યું હતું-''મન એવં મનુષ્યાણાં-કારણ બંધ મોક્ષયો'' મન જ બંધન અને મોક્ષનું કારણ છે. અમને સંન્યાસીજીની આ સાધનાથી પ્રેરણા મળી કે મનની દરેક ઈચ્છાઓ પૂરી ન કરવી જોઈએ, તેના પર લગામની માફક પોતાનું નિયંત્રણ બનાવી રાખવું જોઈએ. દિશા વિહીન ન થઈ જાય, આ વાતને ધ્યાન રાખીને જ પ્રગતિના ઉચ્ચ સોપાનો સુધી પહોંચી શકાય છે. નિયમિત ફરવા માટે શ્રી દ્વારિકાપ્રસાદજી પણ અમારી સાથે જવા લાગ્યા. ત્યારે બંને મળી મિશનના અધિક વિસ્તારની વાતો કરવા લાગ્યા. વિચાર-વિનિમયમાં એક દિવસ અમને સૂઝયું કે આ આશ્રમ ( સંન્યાસી કુટિયા ) ને જ યજ્ઞશાળા બનાવી સાપ્તાહિક યજ્ઞનો કાર્યક્રમ ચલાવવામાં આવે. સામૂહિક સાધના, સત્સંગ, ગોષ્ઠી થવાથી પ્રચાર-પ્રસાર પણ થશે. સંન્યાસીજીએ પણ રાજી-રાજીએ સહમતિ આપી યજ્ઞશાળા વાંસ-વળીઓ, ઘાસ વગેરે લાવી નિર્મિત કરી લીધી. ત્યાં પ્રત્યેક રવિવારે યજ્ઞનો કાર્યક્રમ ચાલ્યો. મિશનની બધી ગતિવિધિઓને નવી ગતિ આપવામાં આ ક્રમ બધા કાર્યકર્તાઓને પસંદ આવ્યો. પરમપૂજય ગુરુદેવ પત્રો દ્વારા અમારો ઉત્સાહ વધારતા રહ્યા, દિશા આપતા રહ્યા. અમે જેને પૂજયવરના સાહિત્ય દ્વારા પ્રભાવિત કર્યા હતા તેમાંથી એક ભાઈ રંગીલાલજી ગૌડ તથા એક શ્રોત્રિયજી સનાઢય બ્રાહ્મણ પણ હતા. એક દિવસ ભાઈ શ્રોત્રિયજીએ અમને કહ્યું-''પૂજ્ય ગુરુદેવે વિવાહોના આદર્શ સ્વરૂપ વિશે કેટલી સારી વાતો લખી છે, એવું જો સમાજમાં ચાલે ત્યારે તો અમારા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જેવાને આ દિવસોમાં કન્યા માટે વર શોધવામાં જે મુશ્કેલીઓ આવી રહી છે, તે રહેતી જ નહીં અમે તેમને પૂછયું-કેવી મુશ્કેલીઓ આવી રહી છે'' રહેતી જ નહીં અમે તેમને પૂછયુ-કેવી મુશ્કેલીઓ આવી રહી છે, તે બોલ્યા-''કયાંક ઘર-વર સારું મળી જાય તો ઉપજાતિની સમસ્યા આવી જાય છે તો કયાંક પોતાના મોભા માટે જઈએ તો દહેજની માંગ કરે છે.'' અમે કહ્યું-''આ સમસ્યાનું તો સમાધાન છે-રંગીલાલજી આપના ઘનિષ્ઠ મિત્ર છે જ તેમનો છોકરો યોગ્ય પણ છે, કેમ સંબંધ નથી કરી લેતા. શ્રોત્રિયજી બોલ્યા-તે તો ઠીક છે પરંતુ અમે સનાઢ્ય બ્રાહ્મણ છીએ, રંગીલાલજી ગૌડ બ્રાહ્મણ. અમે તૈયાર પણ છીએ તો પણ અમારા બંનેની પત્નીઓ માનવા તૈયાર નથી. સમાજ શું કહેશે ? કેવી રીતે એ પરંપરાનું ઉલ્લંઘન કરાય ? અમે કહયું-''છોકરો અને છોકરી બંને સંસ્કારવાન, શિક્ષિત અને સુશીલ છે તો પછી આ સંબંધ તો થવો જોઈએ. અમે સમાજથી લડી લઈશું કેવળ બંને પક્ષના વડીલો તૈયાર થઈ જાય બસ. અમે કહ્યું-સમાજવાળાથી લડવાનું અમારી ઊપર છોડી દો. અમે વિવાહ માટે બંને પક્ષોને સહમત કરી જ લીધા. બાકીના વિરોધ કરનારા વૃદ્ધ તથા રૂઢિવાદી પરિજનોએ લગ્નમાં સંમિલિત રહેવાની ના પાડી દીધી. અમે નવયુવકો તથા ગાયત્રી પરિવારના કાર્યકર્તાઓને જાનમાં સામેલ કરી જાન લઈ પહોંચી ગયા. ત્યાં મોટા વિવાદ ઉભા થયા પરંતુ અમારો વિશ્વાસ હતો. કે પરમપૂજ્ય ગુરુદેવના આશીર્વાદ અમારી સાથે. છે. અંતમાં વિજય અમારી એટલે કે સત્યની જ થઈ, અને જન સમર્થન પણ અમારી સાથે થયું.

એક દિ.વસ અમારી પાસે એક મુનીમજી આવ્યા અને કહેવા લાગ્યા-આપે કેટલો વિરોધ લઈ સનાઢ્ય અને ગૌડના લગ્ન કરાવ્યા. અમે વિનત ભાવથી એ કહ્યું કે અમે નહીં અમારા ગુરુદેવે આ વિવાહ કરાવ્યો છે. અમે તો સંદેશવાહક માત્ર છીએ. તેમના વિચાર બહુ શક્તિશાળી છે. તેમની શક્તિથી જ બધું સંભવ બન્યું છે. મુનીમજીએ કહ્યું-અમારી પણ એક પ્રાર્થના તમારા ગુરુદેવને કરશો. અમારી એક દીકરી ઉચ્ચ શિક્ષિત છે જેથી કોઈ સુયોગ્ય વર મળી જાય તો સારું રહે. દહેજ આપવાનું સામર્થ્ય અમારામાં નથી. અમને ખૂબ ચિંતા છે. અમે તેમને આશ્વાસન આપ્યું. પરમપૂજ્ય ગુરુદેવની શક્તિથી આપની સમસ્યા દૂર થઈ જશે. મુનીમજી જ્યાં કામ કરતા હતા તે શેઠજીનો એક છોકરો હતો. અમે પૂજ્ય ગુરુદેવના સાહિત્યને વંચાવી તેમની માનસિકતાને મિશનના અનુરૂપ બનાવી દીધી હતી, પરંતુ તેમના ઘરના સભ્યોને બદલવા મુશ્કેલ હતા, પૂજ્ય ગુરુદેવના અનુગ્રહથી જ બધા કાર્ય થવાનો પ્રબળ વિશ્વાસ હતો. અમે શેઠજીને સહમત કરી લીધા, પણ ઘર-પરિવારના સદસ્ય તેમની ધર્મપત્ની વગેરેને સહમત કરવા માટે કેટલાય દિવસોના પ્રયાસ પછી સફળતા મળી.

અમે કહ્યું દહેજ લઈને આવનારી કન્યાને તો એ અહં રહેશે કે મારા બાપે ધન આપ્યું છે. તે ન તો ઢંગથી સેવા કરી શકશે ન ઘરનું કામ કરશે. તે તો પોતાની જાતને શેઠાણી માનશે. આ મુનીમની છોકરી સુંદર, સુશીલ તથા એમ. એસ. સી. ભણેલી છે, એ તમારા બધાની સેવા કરશે, સન્માન આપશે. ધૂમ ધામથી વિવાહ કરવા, પૈસા પાણીની માફક વહેવડાવવાથી કોઈ ફાયદો નથી. શેઠનો અર્થ શ્રેષ્ઠ થાય છે. પરમપૂજ્ય ગુરુદેવના વિચારોની ઉપેક્ષા કરવાથી પતન જ થશે ઉત્થાન નહીં, આ વાત સારી રીતે હૃદયમાં ઉતારવા જેવી છે. આખરે આદર્શ વિવાહ સંપન્ન કરાવવાની બધી વ્યવસ્થા કરી દીધી. પ્રેરણાપ્રદ વાતાવરણમાં વૈદિક પધ્ધતિથી વિવાહ સંસ્કાર સંપન્ન કરાવ્યા. દર્શકોમાં કેટલાયે આવા કાર્યક્રમની પ્રશંસા કરી અને દહેજ લોલુપોને ધીકાર્યા. આ વિવાહમાં શેઠજીની આ શ્રેષ્ઠતા અપનાવવાની પહેલને વિચારશીલોએ પ્રેરણાપ્રદ અને આદર્શ બતાવ્યા. અમને પોતાની સફળતા પર ભારે સંતોષ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

થયો. આવા વિવાહ સંસ્કારોના સમાચારને પરમપૂજ્ય ગુરુદેવે યુગ નિર્માણ યોજના પત્રિકામાં પ્રકાશિત કરવાનો ક્રમ પ્રારંભ કર્યો. અમને પરમપૂજ્ય ગુરુદેવે પત્ર લખ્યો કે આ સમાચારોની વિગત લખશો. અમે આ સમાચારો મોકલ્યા અને પરમપૂજ્ય ગુરુદેવે પ્રકાશિત પણ કર્યા.

એક દિવસ મથુરા ગયા ત્યારે પરમપૂજ્ય ગુરુદેવ તથા પરમ વંદનીયા માતાજી પણ મળ્યા. વંદનીયા માતાજી પત્ર ખોલી, વાંચી સંભળાવી રહ્યા હતા તથા પરમપૂજ્ય ગુરુદેવ ઉત્તર લખતા રહેતા હતા. અમે પહોંચતા જ બોલ્યા-"બેટા ! તું આવી ગયો. અમે તને જ યાદ કરી રહ્યા હતા. ડબરામાં તમે બાળકોએ મિશનનું જેટલું કાર્ય કર્યું છે તે બીજી શાખાઓ માટે અનુકરણીય છે. અમે ખૂબ પ્રસન્ન છીએ. ડબરામાં જે ઉપજાતિઓના બંધન તોડી વિવાહ કરાવ્યો અને મુનીમજીની દીકરીના શેઠજીના છોકરા સાથે વિવાહ કરાવાના સમાચાર વિસ્તારથી સંભળાવો. અમે બધી વાતો બતાવી. માતાજી પણ ખૂબ પ્રસન્ન થયા અને કહ્યું-બેટાઓ તો મારા બહુ છે પણ તુ એકલો સૌથી પ્રિય છે. પરમપૂજ્ય ગુરુદેવે આશીર્વાદ આપ્યા અને કહ્યું-અમે તમારી સાથે સદૈવ છીએ. જે કેવળ તસ્વીર પૂજે છે, માળા જપે છે, એટલાથી જ અમારા આશીર્વાદની કામના કરે છે અને જ્યાં સમર્પણ, ત્યાગ, આદર્શ પ્રસ્તુત કરવાનો સમય આવે છે તો ચૂપ રહે છે તે અમારા સાચા શિષ્ય નથી. સાચા શિષ્ય થવા માટે સમર્પણની પરિભાષા પોતાના કાર્યોથી બતાવવી પડશે. અધ્યાત્મનો લાભ પણ માત્ર ચિહ્નપૂજાથી નથી મળતો, અધ્યાત્મ રગે-રગ, નસે-નસમાં છવાઈ જવો જોઈએ.

અમને જે પણ નિર્દેશ પત્ર દ્વારા મથુરાથી મળતા હતા અમે તત્કાળ પાલન કરવા માટે તૈયાર જ રહેતા હતા. આ કારણ હતું અમારા જીવનમાં પરમપૂજ્ય ગુરુદેવ-પરમ વંદનીયા માતાજીના સ્નેહ-આશીર્વાદ મળતા રહ્યા અને અમે પોતાના જીવનને ધન્ય અનુભવ કરવા લાગ્યા.

હવે અમે અમારા ભાઈઓથી એ અનુરોધ કરીએ છીએ કે પોતાના જીવનથી જો સાચો પ્યાર હોય તો આ સુરદુર્લભ માનવ શરીરને માત્ર પેટ-પ્રજનનમાં જ ન લગાવીએ. ઘર-પરિવારની જવાબદારીઓ નિભાવવી કર્તવ્ય છે, પરંતુ કંઈક સમાજનું ઋણ પણ ચૂકવવા થોડો સમય હંમેશા ભગવાનના કામમાં લગાવીએ તો શું મુસીબત છે. એના તો પ્રત્યક્ષ ત્રિવિધ લાભ છે-લોકસન્માન, ઈશ્વરીય અનુગ્રહ અને આત્મસંતોષ.

વિવાહ આંદોલનના અંતર્ગત નવયુવકો-નવયુવતીઓને દહેજ રહિત વિવાહ માટે પ્રતિજ્ઞાબદ્ધ કરાવશો. નિઃશુલ્ક સામૂહિક વિવાહોની વ્યવસ્થા શક્તિપીઠ પ્રજ્ઞા સંસ્થાનોમાં કરો. દહેજના કારણે જ નારીને પોતાના પ્રાણ પણ ગુમાવવા પડે છે. નારીને સન્માન મળવું જોઈએ. દહેજ દાનવનું દમન કરવા માટે અંદર સૂતેલા મન્યુને જગાડવો પડશે. જે જાગી બીજાને જગાડે એવા અગ્રદૂતોને સંસ્કૃતિની લાજ બચાવવા માટે પોતાના પુરુષાર્થનો પરિચય આપવો પડશે.

જ્યાં સચરિત્રતા અને સેવા ભાવનાનો સમન્વય બને તો સમજવું જોઈએ ત્યાં ભગવત્ કૃપા પ્રત્યક્ષ થઈ. વર્તમાન સમય વિશ્વ ઈતિહાસમાં અદ્ભૂત અને અભૂતપૂર્વ સ્તરનો છે. એક તરફ મહાવિનાશ પ્રલયંકર તોફાન પોતાની વિકરાળતાનો પરિચય આપી રહ્યો છે તો બીજી તરફ સતયુગી નવ નિર્માણની નવ ઉમંગો પણ ઉછળી રહી છે. ઈશ્વર ધર્મના સંરક્ષણ અને અધર્મના વિનાશના કામ તો કરે છે પણ અદશ્ય પ્રેરણાનું પરિવહન તો શરીરધારી મહામાનવ જ કરે છે. આજે એની શોધ છે. અમારો વિશ્વાસ છે કે દરેક પાઠક પોત પોતાના સામર્થ્યનો થોડો ભાગ આ દૈવી અભિયાનમાં નિયોજીત કરશે અને દેવાનુગ્રહ મેળવી અલૌકિક પુણ્ય પ્રતિફળ મેળવશે.

( ક્રમશઃ )

-લીલાપત શર્મા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગ નિર્માણ સમાચાર

**રાજપીપળા જી. ભરૂચ :** ગાયત્રી પરિવારના સક્રિય પરિજન શ્રી ચંદુભાઈ મારવાડીએ પોતાના નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો દ્વારા બે નાની પુસ્તકો + એક મોટી પુસ્તક + એક સ્ટીકર લઈ રૂપિયા પાંચનો સેટ બનાવી આ મિશનનો સંદેશ એક હજાર દુકાનોમાં પહોંચાડેલ છે. પૂજ્ય ગુરુદેવના સુક્ષ્મ સ્વરૂપની શક્તિથી કાર્ય સફળ બનેલ છે.

**ગારિયાધાર જી. ભાવનગર :** દામજીભાઈ પટેલના નેજા હેઠળ સપ્તસૂત્રી કાર્યક્રમ ખૂબ જ સફળતાપૂર્વક ચાલી રહેલ છે. તેમણે નીચે મુજબની પ્રવૃત્તિઓ કરેલ છે.

- ૨૪૦૦૦ મંત્ર જપના અનુષ્ઠાન ૧૦૮ ભાઈ-બહેનો દ્વારા કરાવ્યા.
- ૧૦૦૧ ને સાધના શરૂ કરાવવાનો સંકલ્પ કરાવ્યો.
- ૨૫૧ ઘરોમાં જ્ઞાનમંદિરની સ્થાપના
- ૫૦૦૧ પોકેટ સાઈઝ પુસ્તકોનું વિતરણ
- ૫૦૧ યુગ શક્તિ ગાયત્રી પત્રિકાના ગ્રાહકો

**ભાવનગર :** શ્રીબાપાલાલ ચુડાસમાએ અંતઃ પ્રેરણા થતાં યુગ શક્તિ ગાયત્રીના ચોવીસો ગ્રાહકો તેમજ યુગ સાહિત્યના વ્યાપક વિસ્તાર માટે દીવાળીના શુભ પર્વથી ઘરમાં અખંડ દીપ પ્રગટાવી સંકલ્પ સાથે કાર્ય પ્રારંભ કરેલ છે.

આ કાર્યની સફળતા માટે ચામુંડા ભુવા ક્ષત્રિય મંડળ, ગણપતસિંહ, કિશોરસિંહ, પ્રમોદભાઈ, એન. જી. સવજીયાણી, એમ. એમ. પટેલ, ભગીરથભાઈ ભટ્ટ, કનૈયાલાલ વ્યાસ, મહમદભાઈ વગેરેનો સહયોગ રહેલ છે.

**ભાવનગર : ગાયત્રી પરિવાર ટ્રસ્ટ**

મહેશભાઈ અંધારિયાના સંચાલન હેઠળ ૧૨૦૧ ગ્રાહકો બનાવેલ છે. સાહિત્યના પ્રચાર-પ્રસાર માટે પણ સૌ પ્રયત્નશીલ છે. જીલ્લા પંચાયતમાં ચાલતી રીક્રીએશન ક્લબ દ્વારા લાયબ્રેરી ઉદ્‌ઘાટન તથા વેદોની સ્થાપના સાથે વેદ પૂજન, ભૂમિ પૂજન કાર્યક્રમ ભાવનગરના સક્રિય સભ્ય શ્રી દીપકભાઈ બી. દવે એ તેમના સહયોગી સભ્ય શ્રી શૈલેષભાઈ ભટ્ટને સાથે રાખીને વેદોનું પૂજન તથા ભૂમિપૂજન કરાવ્યું.

**અમરાઈવાડી :** ગાયત્રી પરિવાર પૂર્વ અમદાવાદ ચોવીસ કુંડીય યજ્ઞોના માધ્યમથી સપ્તસૂત્રી કાર્યક્રમ અંતર્ગત વ્યસનમુક્તિ આંદોલનને વિશેષ વેગ આપેલ છે. ૨૪ કુંડીય યજ્ઞની પૂર્ણાહુતિ સમયે 'પ્રાણઘાતક વ્યસન' લઘુ પુસ્તક અને રુદ્રાક્ષનો મણકો વ્યસનમુક્તિનો સંકલ્પ કરનારને ભેટ રૂપે આપેલ છે. આજે સમાજમાં આવા કાર્યક્રમની ખૂબ જરૂર છે.

**જૂનાગઢ :** જૂનાગઢ જીલ્લા ગાયત્રી પરિવારે વિરાટ સંસ્કાર મહોત્સવમાં ૨૪૦૦ વેદ સ્થાપના તેમજ મંત્રલેખન અભિયાન માટે બ્રહ્મભોજ યોજના બનાવી મિશનનું કાર્ય વેગવંતુ બનાવ્યું જીલ્લા સ્તરે યુગ શક્તિ ગાયત્રી પત્રિકાના ૫૦૦૦ ગ્રાહકો બનાવવા સંકલ્પ કરેલ છે.

**જેતપુર પાવી જી. વડોદરા :** સ્થાનિક ગાયત્રી પરિવાર શાખાએ જ્ઞાનયજ્ઞની સાથે સ્વાસ્થ્ય સેવા કરવાનો પણ નિર્ધાર કરી વિગત દિવસોમાં રક્તદાન, નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તેમજ સર્વ રોગ નિદાન કેમ્પ સફળતાપૂર્વક કરેલ છે. આવા કાર્યક્રમોથી ગરીબ જનતાએ આ મિશનની પ્રશંસા કરી.

**ઘડુલી જી. કચ્છ :** સ્થાનિક શાખા તેમજ માધાપર ગાયત્રી શક્તિપીઠના સહયોગથી કચ્છના સૌથી મોટા લોકમેળા માતાના મઢમાં પૂજ્ય ગુરુદેવના યુગ સાહિત્યના પ્રચાર માટે કેન્દ્ર ખોલી પ્રચાર કર્યો. જેમાં ૨૧૦૦૦ રૂપિયાનું સાહિત્ય વેચાણ થયેલ.

**હિંમતનગર :** ગાયત્રી પરિવાર મહેતાપુરા શાખાની સક્રિય બહેનોએ મિશનના પ્રચાર-પ્રસાર માટે ગાયત્રી યજ્ઞ સાથે જ્ઞાનયજ્ઞ અભિયાન શરૂ કરેલ છે. નિષ્ઠાવાન બહેનોના સહયોગથી ૨૦ થી ૨૪ બહેનો યજ્ઞનું કર્મકાંડ કરાવવા લાગી છે. નારી જાગૃતિ માટે સમાજમાં આવી બહેનોની ખૂબ જ જરૂર છે.

ભુજ કોમર્શીયલ કો. ઓપ. બેન્ક દ્વારા લાયબ્રેરીને પુસ્તકો ભેટ અપાયા

**ભુજ :** અહીંની પ્રતિષ્ઠિત વ્યાપારી બેંક ભુજ કોમર્શીયલ કો. ઓ. લી. દ્વારા મહારાવ શ્રી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વિજયરાજજી લાયબ્રેરીને પં. શ્રીરામ શર્મા આચાર્ય વાંગમયના રૂા. ૭૦૦૦/-ના ગ્રંથો રાજ્યના આઈ. પી. એસ. શ્રી કુલદીપ શર્માના હસ્તે અર્પણ વિધિનો કાર્યક્રમ ભુજ ખાતે તાજેતરમાં યોજાયેલ.

જાણીતા એડવોકેટ શ્રી રત્નાકરભાઈ ધોળકીયા એ પુસ્તકો વિશે તથા પંડીત શ્રીરામ શર્મા આચાર્યના જીવન વૃતાંતોની વિગતો રજુ કરી હતી. ગાયત્રી પરિવારના અગ્રણી શ્રી મધુસુદનભાઈ અંતાણીએ શાખાની વિવિધ પ્રવૃત્તિઓની ઝલક રજુ કરી હતી.

યુગ સેનાની સંગઠન દ્વારા રણધીકપુર ખાતે યોજવામાં આવેલો ગાયત્રી મહાયજ્ઞ

**બાંડીબાર :** આજના યુગમાં દુષણોએ સર્વત્ર માઝા મૂકી છે આ દુષણોએ દરેક વ્યક્તિને ગુલામ બનાવ્યો છે તેને છોડાવવા પરમપૂજ્ય ગુરુદેવ શ્રીરામ શર્મા આચાર્ય અને માતા ભગવતી દેવી શર્માએ આ ધરતી પર નવીન વિચારધારાની પવિત્ર જ્ઞાનરૂપી ગંગા વહેવડાવી છે. અખિલ ભારતીય ગાયત્રી પરિવાર અને ગાયત્રી શક્તિપીઠ વાઘજીપુર યુગ સેનાની સંગઠન દ્વારા યોજાયેલ રંધીકપુર ગ્રામ જાગૃતિ જ્ઞાનયજ્ઞની સાયકલ યાત્રા રંધીકપુર મુકામે આવતા તેમનું રંધીકપુર ગાયત્રી પરિવાર તથા ગામના શ્રીયોગેશભાઈ શાહ તરફથી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું ત્યાર બાદ આમ્રકુંજ આશ્રમ શાળામાં રાત્રે દિપયજ્ઞ સંપન્ન થયો. સવારમાં પાંચ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. જેમાં સમાજમાં ફાલી રહેલા અજ્ઞાનતા, દુર્વ્યસનો, દુષ્પ્રવૃત્તિ, કુરિવાજો, બાળલગ્નો, વહેમ, અંધશ્રદ્ધા જેવા અનેક દુષણોએ સર્વત્ર માઝા મૂકી છે. ત્યારે આવી પરિસ્થિતિમાં શું કરવું જોઈએ એ વિષય પર શ્રી પ્રવિણભાઈએ વિસ્તૃત સમજ આપી અને આવી પ્રવૃત્તિઓથી દૂર રહેવા ઉપસ્થિત સર્વેને અનુરોધ કર્યો યજ્ઞમાં આશ્રમશાળાના તમામ બાળકોના વિદ્યારંભ સંસ્કાર સંપન્ન કરવામાં આવ્યા.

## તિલકવાડા તાલુકામાં ગાયત્રી પરિવારે ઉઠાવેલી વ્યસન મુક્તિ ઝુંબેશ

તિલકવાડા તાલુકામાં ગાયત્રી પરિવારની વિવિધ શાખાઓ દ્વારા યુગ્મઋષિ તપોનિષ્ઠ પ. પૂ. શ્રીરામ શર્મા આચાર્ય પ્રેરીત યુગ નિર્માણ યોજના સાકાર કરવા અર્થે વારંવાર વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. હાલ યુવા પેઢીને પ્રાણઘાતક વ્યસનોની લતથી મુક્ત કરાવવા માટે વિવિધ શાખાઓના ગાયત્રી પરીજનોએ 'વ્યસન મુક્તિ' ઝુંબેશ ઉઠાવેલ છે.

## કાળી ડુંગરી હાઈસ્કૂલમાં ગાયત્રી યજ્ઞ અને વિદ્યાદાન સંસ્કાર સંપન્ન

**કાળીડુંગરી :** આઝાદીની સુવર્ણ જયંતી નિમિત્તે લોક જાગૃતિ અર્થે વિચરણ કરી રહેલ ગાયત્રી પ્રજ્ઞાપીઠ વાઘજીપુરના નિવાસી અને ગુરુદેવ આચાર્ય શ્રીરામ શર્માના પરમ ભક્ત શ્રી પ્રવિણસિંહ ચૌહાન તથા તેઓના પંદર જેટલા સાથીઓ દ્વારા અત્રેની એસ. એન. કડકીયા હાઈસ્કૂલમાં સ્વાધ્યાય તથા વિદ્યાદાન સંસ્કાર ભવ્ય રીતે સંપન્ન થયો.

ગાયત્રી એ કોઈ ધર્મ કે પંથ નથી પરંતુ એક આધ્યાત્મિક શક્તિ મંત્ર છે. જેની સ્પષ્ટતા કરતા પ્રમિણસિંહે જણાવ્યું કે આજે એકવીસમી સદી તરફ જઈ રહેલ સમાજને માટે કેટલા ભય સ્થાનો રસ્તો રોકીને બેઠા છે. સમાજના કુરિવાજો, દારૂ, તમાકુ, માંસ, મચ્છી વગેરે સેવન વગેરેનો ત્યાગ એ મહત્વના છે જૂના રૂઢીગત વહેમો વગેરેનો ઉલ્લેખ કરતા તેઓ પ્રત્યે સજાગ રહી અંધશ્રદ્ધાઓને દૂર કરવા પ્રયત્નશીલ રહેવું જરુરી છે.

**વડોદરા :** નારી જાગૃતિ અભિયાનનો શંખનાદ વડોદરાની ગાયત્રી પરિવાર શાખાની જ્યોતિબેન પુરોહિતે ૫૦૧ યુગ શક્તિ ગાયત્રી પત્રિકાના ગ્રાહકો બનાવવાની સાથે-સાથે સંસ્કાર પરંપરા બનાવી રાખવા યજ્ઞ આયોજન તેમજ જન્મદિવસ વગેરે મનાવી મિશનનો વ્યાપક વિસ્તાર કરેલ છે.

હસુબેન પાઠકે પણ બહેનોના સહયોગથી પોતાના વિસ્તારમાં આવશે ૮૦૧ ગ્રાહકો બનાવવાની સાથે સપ્તસૂત્રી કાર્યક્રમ અપનાવી સમાજની ઉત્કૃષ્ટ સેવા કરી છે. બહેનોના આવા પ્રયાસ ખૂબજ પ્રશંસનીય છે.

**વડોદરા :** શારદાબેન પટેલે પોતાના શિક્ષણ ક્ષેત્રના કાર્યની સાથે-સાથે દિક્ષાના કાર્યક્રમ માટે પણ વિશિષ્ટ પ્રયત્ન કરેલ છે. નાની પોકેટ બુકો બાળકો તેમજ વડીલો સુધી પહોંચાડી સુસંસ્કારિત વાતાવરણ તૈયાર કરી રહ્યા છે. તેમના પ્રયાસો પ્રશંસનીય છે. ■



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.